بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

બફ્યૂઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ

**અહલે સુન્નત વ જમાઅત**

**એટલે**

**મસ્લકે આ'લા હઝરત**

**નું અજોડ મુખપત્ર**


# બરકાતે ખ્વાજા (માસિક)

**તા. ૦૧-એપ્રિલ-૨૦૧૪**

જમાદિઉલ અવ્વલ-જમાદિઉલ આખર

હિજરી સન : ૧૪૩૫

વર્ષ : ૧૧, અંક : ૦૪, સળંગ અંક : ૧૨૪

સ્થાપક અને પ્રકાશક

**ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા**



**પત્ર વ્યવહારનુ સરનામું**

બરકાતે ખ્વાજા (માસિક) C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. દયાદરા, તા. જિ. : ભરૂચ, પિન. ૩૯૨૦૨૦ ફોન. : (૦૨૬૪૨) ૨૧૦૪૧૧, ૨૮૦૦૧૧, ૨૮૦૧૯૨, મો. : ૯૪૨૭૪૬૪૪૧૧

Web. :www.barkatekhwaja.net

Email : anjuman2006@hotmail.com


**★ લવાજમ ★**

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂા. | ૧૫/- |
| વાર્ષિક લવાજમ | રૂા. | ૧૫૦/- |
| વિદેશ માટે | રૂા. | ૧,૨૦૦/- |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૧,૮૦૦/- |
| આજીવન | રૂા. | ૪,૦૦૦/- |
| વિદેશ માટે પેટ્રન | રૂા. | ૧૨,૦૦૦/- |
| વિદેશ માટે આજીવન | રૂા. | ૨૦,૦૦૦/- |


**માનદ તંત્રી**

**પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી**


## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| 01 | મૌતુલ આલિમ મૌતુલ આલમ ! | 02 |
| 02 | સુન્નીઓ ! શું હજી પણ તમારી આંખો નહીં ઉઘડે ?! | 03 |
| 03 | કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈરફાન | 09 |
| 04 | (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત | 13 |
| 05 | હશ્ત બહિશ્ત મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત | 15 |
| 06 | કાનૂને શરીઅત | 19 |
| 07 | ઉમ્મતના મહાન ઈમામો | 22 |
| 08 | વેપારનું મહત્વ અને તેના નિયમો | 24 |
| 09 | અસ્માઉલ હુસ્ના | 37 |
| 10 | હિજરતના પયગામો | 31 |
| 11 | ઈત્તેહાદ (એકતા) જિંદગી છે ઈખ્તેલાફ મૌત ! | 35 |
| 12 | ૨૧મા ફિક્હી સેમીનારના ફૈંસલા | 41 |
| 13 | બરકાતે ખ્વાજાની ટપાલ | 46 |


અઝ : **હુઝૂર તાજુશ્શરીઅહ અખ્તર રઝાખાં અઝહરી** دامت برکاتہم

ઝિંદગી યે નહીં હૈ કિસી કે લિએ
ઝિંદગી હૈ નબી કી નબી કે લિએ
ના સમઝ મરતે હંય ઝિંદગી કે લિએ
જીના મરના હૈ સબ કુછ નબી કે લિએ
ચાંદની ચાર દિન હૈ સભી કે લિએ
હૈ સદા ચાંદ અબ્દુન્નબી કે લિએ
અન્તા ફિહીમ કે દામન મેં મુન્કિર ભી હૈં
હમ રહેં ઈશ્રતે દાઈમી કે લિએ
ઐશ કર લો યહાં મુન્કિરો ચાર દિન
મર કે તરસોગે ઈસ ઝિંદગી કે લિએ
દાગે ઈશ્કે નબી લે ચલો કબ્ર મેં
હૈ ચરાગે લહદ રોશની કે લિએ
વો બુલાતે હંય કોઈ યે આવાઝ દે
દમ મેં જા પહોંચું હાઝરી કે લિએ
જિન કે દિલ મેં હૈ ઈશ્કે નબી કી ચમક
વોહ તરસતે નહીં ચાંદની કે લિએ
જિન કે દિલ મેં હૈં જલ્વે તેરે ઈશ્ક કે
ચશ્મ એ નૂર હૈ રોશની કે લિએ
મસ્લકે આ'લા હઝરત પર કાઈમ રહો
ઝિંદગી દી ગઈ હૈ ઈસી કે લિએ
**'અખ્તરે'** કાદરી ખુલ્દ મેં ચલ દિયા
ખુલ્દ વા હૈ હર ઈક કાદરી કે લિએ

# મૌતુલ આલિમ મૌતુલ આલમ !

:: મિનજાનિબ ::


**મુફસ્સિરે કુર્આન સૈયદ ગાઝી રબ્બાની**

(નાઝિમે આ'લા : દારુલ ઉલૂમ રબ્બાનિયા–બાંદા, યુ.પી.)


મૌલાના ઉસૈદુલ હક્ક મુહમ્મદ આસિમ કાદરી બદાયૂની (عَلَيۡهِ الرَّحۡمَةُ وَ الرِّضۡوَانُ) ઈસ પુરફિતન દૌરમેં જહાં હઝારોં લાખોં મુસલમાન નવજવાન અપની જવાની કી તાકત દુન્યાવી ઉલૂમ, ઈજીનિયરિંગ વગૈરહ વગૈરહ કે હુસૂલમેં શબો રોઝ ખર્ચ કર કે દુન્યાવી કષીર મુનાફઅ હાસિલ કરતે હૈં, વહીં ઈસ દુન્યામેં ઐસે મુસ્લિમ નવજવાન ભી હૈં જો દીની મદ્રસોંમેં શબો રોઝ તેહસીલે ઉલૂમે દીનમેં મસ્રૂફ હૈં. મગર ઉનમેં સબ બહરુલ ઉલૂમ નહીં બન પાતે. યહ તો અતાએ ઈલાહી હૈ કે કભી ઉનમેં કોઈ અબકરી શખ્સિયત ભી નિકલ આતી હૈ જિસ પર ઈલ્મો ફન કો ભી નાઝ હોતા હૈ. બકૌલે શાઈર :–

*હઝારોં સાલ નરગીસ અપની બેનૂરીપે રોતી હૈ*
*બળી મુશ્કિલસે હોતા હૈ ચમનમેં દીદાવર પયદા*

મૌલાના ઉસૈદુલ હક્ક જિસને અપની જવાની કી સારી તવાનાઈમેં ઈલ્મે હદીષ વ ફિકહ ફીદીન કે હુસૂલ કે લિએ સર્ફ કર દીં. વો જવાને સાલેહ, આશિકે રસૂલ, ઈલ્મો ફનકા બેહરે બેકરાં, તહકીકો તદકીકમેં કમાલે ઈન્કેસારીસે અપની ઈલ્મી કાવિશોં ઔર દકીકાસંજીઓં કો અપની ખૂદ સતાઈ કે અતાએ ઈલાહી ઔર ફયૂઝાને ઉલૂમે નબવી કી બજાએ નેઅમત કહકર તશક્કુર વ ઈત્મિનાન કા ઈઝહાર કરનેવાલા મુહક્કિકે બેમિષાલ જો તહદીષે નેઅમતમેં અપની મિષાલ આપ થા. બગદાદ શરીફમેં શહીદ હોકર ગૌષે આ'ઝમ رضی اللہ عنہ કે મઝારે અકદસ કે પાસ (ખાનકાહે ગૌષિયામેં જૈસા કે ખબરોં સે મઅલૂમ હુવા હૈ) ઉનકો મદફૂન હોનેકા શરફ હાસિલ હો ગયા. યહ વો ખૂશનસીબ હૈ જો તમામ કાદરિયોં કે લિએ કાબિલે સદ રશ્ક હૈ. વાહ ! વાહ ! અહલુલ્લાહમેં ઉન્કી મકબૂલિયતે ખાસ કી ઈસસે બળી દલીલ ક્યા હોગી કે વો આગોશે ગૌષિયત મઆબમેં તકર્રુબે ખાસ કી સઆદતસે સરફરાઝ હો ગએ.

વો ખુશનસીબ જો મસ્લકે અહલે સુન્નત કે દુન્યાએ ઈલ્મ કે એક મીનારાએ નૂર બન ગયા થા. ઉસ્કી ત સાનીફ, ઉસ્કે તહકીકી મકાલે ઔર અવલિયા વ ઉલમાએ કિરામ કે અકાબિરીન કી ઈલ્મી વ રૂહાની ખિદમતે ઈસ્લામ વ મુસ્લિમીન કા સહીહ તઆરુફ કરાનેવાલી તાલીફાત જબ તક અહલે ઈલ્મ કી નઝરમેં ગુઝરતી રહેગી, મૌલાના ઉસૈદુલ હક્ક સુન્નિયોં કે દિલોંમેં એક પયકરે ઈલ્મો અમલ બનકર ઝિંદા મહસૂસ હોતે રહેંગે.

સુન્નતો શરીઅત કા પાબંદ, મૈદાને તહરીરો તકરીર કા શેહ સવાર, શીરીં મકાલ, મુન્કસીરુલ મિઝાજ, ઈસ્લામી ખુશ અખ્લાકીકા પયકર રૂપોશ હો ગયા. મૌતુલ આલિમ મૌતુલ આલમ ! ઉન્કી શહાદત કે બાદ જો ઈલ્મી દુન્યામેં ખલા પૈદા હુવા હૈ ઉસ્કા પુર હોના દુશ્વાર બહુત દુશ્વાર હૈ. શહીદ ઈસ દારે ફાનીમેં હમેશા ઝિંદા રહેતે હૈં. (શેઅર) *:–ખુદા યહ મૌત દે સબ કો–હમ ઉસ મરને પે મરતે હૈં*

આહ ! એક ઈલ્મો ફન કા જગમગાતા સિતારા ગુરૂબ હો ગયા. કૌમો મિલ્લત કા એક ઈલ્મી સરમાયા ગુમ હો ગયા. ઈસ સદમાએ જાનિકાહસે ન સિર્ફ ઉન્કે અહલે ખાનદાન બલ્કે દુન્યાએ સુન્નિયત કે લાખોં ઈન્સાનોં કી આંખેં અશ્કબાર હૈં.

*મૌત ઉસ્કી હૈ કરે ઝમાના જિસ્કા માતમ*
*યૂં તો દુન્યામેં સભી આએ હૈં મરને કે લિએ*

ઉન્કે વાલિદે માજિદ ઔર જમીઅ અહલે ખાનદાન ઔર હઝારોં ઉન્કે ચાહનેવાલોં કી ખિદમતમેં બસદ ખુલૂસો અદબ યહ આયતે કરીમા યાદ દિલાતે હૂએ યહ તશરીર ખત્મ કર રહા હૂં :–

**واصبر وما صبرك اِلا باللّٰـه ولا تك فى ضيقٍ ممّا يمكرون اِن اللّٰه مع اللذين اتقوا و اللذين هم مُحسنون**

**વસ્સલામ** : રાકિમ : કમીના બંદાએ મિસ્કીન, ગદાએ આલે રસૂલ–**સૈયદ ગાઝી રબ્બાની ગુફિરલહૂ**
*(આસ્તાના રબ્બાની, મુહલ્લા અલીગંજ બાંદા–યુ.પી., ૪–જમાદીલ અવ્વલ, હિ.સ. ૧૪૩૫)*

*ઈદારા બરકાતે ખ્વાજા (મંથલી) સુન્નીઓના આ ગમમાં શરીક છે. રબ્બે કરીમ તેના પ્યારા મહબૂબ ﷺના સદકામાં મૌલાના મર્હૂમની મગફેરત ફર્માવે. (આમીન)* –તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)

# સુન્નીઓ ! શું હજી પણ તમારી આંખો નહીં ઉઘડે ?!

## તંત્રી લેખ

પ્યારા સુન્ની ભાઈઓ ! બહેનો ! આજે હું ખૂબ જ ગંભીરતાપૂર્વક સુન્નિયતની ભલાઈની લાગણીને દિલમાં લઈને આપ લોકો સમક્ષ હાજર થઈ રહ્યો છું, ઉમ્મીદ છે કે મારી વાતોને દીને ઈસ્લામની તથા સુન્નિયતની લાગણીને ખાતર ધ્યાનમાં લેશો, કેવળ નારાબાજીવાળી જોશીલી વૃત્તિથી નહીં પણ મહબ્બતે રસૂલ ﷺની સાચી ભાવનાને દિલમાં જગાડીને ઠંડા કલેજે જરૂર દિલના કાનો વડે સાંભળશો અને દીન તથા સુન્નિયતની સલામતીના કાર્યોમાં તમારી લાયકાત, સત્તા, પાવરને અનુરૂપ પ્રયત્નશીલ બની સહકાર કરવા જરૂર સક્રિયપણે હિસ્સો લેતા થઈ જશો. નફસ પરસ્તીમાં રહીને અથવા દુનિયાના માલની કે વાહ વાહની લાલચમાં રહીને દીનો સુન્નિયતને થતા નુકસાનથી બેપરવા બનીને નહીં, પણ અલ્લાહ વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَની રઝા હાંસલ કરવાની નિય્યતે, ખૌફે ખુદા સાથે અંગત લાભને ત્યજીને દીન તથા સુન્નિયતની ભલાઈના કામમાં લાગેલા રહેશો. ઈન્શાઅલ્લાહ !

### ★ સુન્નીઓ ! તમને ખતમ કરવા શું પ્રવૃત્તિઓ થઈ રહી છે, ખબર છે ?! ★

સમગ્ર જગતના મુસ્લિમોની તાક઼ાતને, એકતાને, સંગઠનને દુનિયાભરમાં તોડી નાખનાર બાતિલ ફ઼િર્ક઼ા વહાબી દેવબંદીએ અંગ્રેજોના સહારે જે રોલ ભજવ્યો છે એના માટે ઈતિહાસ સાક્ષી છે. (તારીખે નજદો હિજાઝ, તોહફાએ મુહમ્મદિયહ, તબ્લીગી જમાઅત સત્યના પ્રકાશમાં) એ વહાબિયત દેવબંદિયત ફ઼િર્ક઼ાની બદઅક઼ીદગીના પ્રચારની એક શાખ "તબ્લીગી જમાઅત" જે શહેર શહેર, ગામે ગામ અને ગલી ગલી ફરીને લોકોના ઈમાનને ખરાબ કરી રહી છે. કલમા–નમાઝના ઓઠા હેઠળ વહાબિયત દેવબંદિયતનો પ્રચાર કરતી આ જમાઅતવાળાના ચુંગાલમાં તેમના જાહેરી જબ્બા, દાઢી અને કલ્મા–નમાઝને જોઈને કેટલાય ભોળા સુન્ની ભાઈઓ કાલે "યા રસૂલલ્લાહ !" પોકારવાને, "યા ગૌષ ! યા ખ્વાજા ! યા મખ્દૂમ !" વગેરે બુઝુર્ગોને પોકારવાને ઈમાન જાણતા હતા, આજે તેને શિર્ક સમજવા લાગ્યા ! સલાતો સલામ પઢવાને શિર્ક કહેવા લાગ્યા, નબી કરીમ ﷺની મીલાદ શરીફ મનાવવાને હરામ, બિદઅત, શિર્ક....વગેરે કહેવા લાગ્યા. અને કેટલાય ગામો મહોલ્લાઓ જમાતી થઈ ગયા જો કે આ બહુરૂપી જમાતીઓની ચાલથી સુન્નીઓ ઘણેખરે અંશે માહિતગાર થઈ જવાથી હવે તેમને સુન્ની ગામો, મહોલ્લાઓમાંથી જાકારો મળવા લાગ્યો છે.

### ★ લારી તંબૂવાળા તબ્લીગીઓથી સાવધાન ! ★

વળી હજારો કોશિશો છતાં "યા રસૂલલ્લાહ ! યા ગૌષ !"ના નારાઓ સાથે ગામે ગામ શહેર શહેર બલ્કે વિશ્વભરમાં મીલાદુન્નબી ﷺના જુલૂસો વધી રહ્યાં છે, જુલૂસે ગૌષિયા વધી રહ્યાં છે, તો તેમના કિલ્લામાં હંગામો મચી ગયો છે ! અને તેઓના ગુરૂઓએ વિચાર્યું કે આટલી કોશિશો છતાં સુન્નીઓ ખતમ કેમ નથી થતા ?! જેથી સૌએ વિચારીને મશ્વરા કરીને સુન્નીઓ પર સવાર થવા એક નવી ચાલ રચી છે. જેના અમલરૂપે જાહિલ યુવાનો ટોળીઓ બનાવીને લારીઓમાં તંબૂ લગાડવાનો વગેરે સામાન

ભરીને સુન્ની ગામોમાં ઘુસણખોરી કરી રહ્યા છે અને જ્યારે તેમને મસ્જિદમાં જવાથી રોકવામાં આવે છે તો ગામમાં જ અન્ય ઠેકાણે તો ક્યાંક ગામના સીમાડે તંબૂ તાણી આ ઈમાનના ડાકૂઓ અડ્ડો જમાવીને બેસે છે. જેમ કે હાલમાં જ કેટલાંય ગામોમાં જેમ કે પાલેજ (તા. જિ. ભરૂચ) પાસે કીયાગામમાં આ તબ્લીગીઓ થકી જબરદસ્તી મસ્જિદમાં ઘુસણખોરી કરવાના કારણે આ તબ્લીગઢોંગી જમાતીઓ સાથે અથડામણ થવાનો બનાવ બન્યો છે, એ જ પ્રમાણે પાલેજ પાસે સાંસરોદ ખાતે પણ એ જ પધ્ધતિથી તંબૂ તાણીને ગામની ભાગોળે અડ્ડો જમાવ્યો હતો જેમને ગામના નવયુવાનોએ તગેડી મૂકયા હતા. તો અમુક દિવસ બાદ આ ડાકૂઓ ફરી આવી જતાં યુવાનોએ પોલીસમાં ફોન કરતાં પોલીસે આવીને તેમની વિગતો લઈને તેમને તગેડી મૂકયા હતા.

એ જ પ્રમાણે આ જબરદસ્તી સુન્ની ગામોમાં ઘુસીને ગામવાળાઓ તેમને રોકે તો તેમની સાથે જીભાજોડી તથા ઝઘડો ખડો કરીને ગામમાં વિવાદ ખડો કરવા તથા હંગામો ખડો કરવા માટે લારીઓમાં તંબૂ લઈને વિવિધ ગામોમાં જેમ કે ખોજબલમાં આવી ચડતાં ત્યાંથી પણ જાકારો મળ્યો બલ્કે ત્યાંના સરપંચ તથા યુવાનોએ પોલીસમાં લેખિત ફરિયાદ પણ આપી દીધી છે, જેમાં મના કરવા છતાં ગામમાં ઘુસનારા આ જમાતીઓનાં નામો, ફોટો આઈ.ડી. તથા ફોટા વગેરે તથા તેમણે જણાવ્યું તે કે અમને અમારા મર્કઝ ડુંગરી–મુંડા ફળિયાથી મોકલવામાં આવે છે, એ વિગતનો પણ ઉલ્લેખ કરવામાં આવેલ છે.

એ જ પ્રમાણે સુન્ની ગામો તથા સુન્ની મહોલ્લાઓ પર છાપો મારતી તથા ટોટલી સુન્ની ગામોમાં જ ઉશ્કેરણી વિવાદ વિખવાદ તથા ધાક ધમકી સાથે આતંક ફેલાવતી આ તબ્લીગ ઢોંગીઓની આતંકવાદી ટોળકી લારીઓમાં તંબૂ સાથે વાગરા તાલુકાના ખોજબલ ઉપરાંત કલાદરા, ગલેન્ડા, રહીયાડ, જોલવા, ભેંસલી, નાંદેડ, પખાજણ, પીપલીયા, લીમડી, દહેજ, કેશવાણ, મૂલેર..... વગેરે ગામો તેમજ આમોદ તાલુકાના મછાસરા, માંગરોલ ખાતે જંબુસર તાલુકાના મગણાદ તથા ઝઘડીયા તાલુકાના લીમોદરા તથા કરજણ તાલુકાના સોખડા, સાંપા, ઉરદ, કલ્લા, મોટી કોરલ, લીલોર, સાયર, ઉતરાજ, બચાર, સામરી, સામરા.....વગેરે ગામોમાં લારી સાથે ભટકી રહી છે અને તેમને જણાવવામાં આવે કે તમારા અક઼ીદા જુદા અમારા જુદા છે જેથી વિવાદ ન થાય માટે અહીં તમને આવવાની ઈજાઝત નથી, તમારો ધરમ વહાબિયત જુદો છે અમારો સુન્નિયત જુદો છે, છતાં તેઓ જબરદસ્તી મસ્જિદોમાં ઘુસવા લાગે છે, અને તે ન બને તો ગામના છેવાડે કે સીમાડે તંબૂ લગાડી પોતે ખૂબ જ અલ્લાહવાળા હોય તેવો ઢોંગ રચીને અજ્ઞાન ભોળા ભાળા સુન્નીઓને નવયુવાનોને આકર્ષવા મથે છે. તો વળી ક્યાંક નાના ગામોમાં લોકોને ધમકાવીને આંતક ફેલાવીને પણ પગપેસારો કરવા કોશિશ કરે છે. અને ભરૂચ જિલ્લા સિવાય ગુજરાતભરમાં પણ એમની આના જેવી પ્રવૃતિઓ શું ચાલતી હશે તે તપાસનો વિષય છે.

વળી આ તબ્લીગ ઢોંગીઓમાં બહારના રાજ્યના અજાણ્યા યુવાનો પણ આવતા હોય છે. અને ખાસ કરીને તેઓ યુવાનોને આકર્ષવા મથે છે જેથી એ પણ આશંકા તથા શક્યતા રહે છે કે ક્યાંક તબ્લીગના વેશમાં આતંકવાદી સમૂદાયના લોકો એઓ ન હોય અને નવયુવાનોનું બ્રેઈન વોશ કરીને ઉશ્કેરણી કરી ગેરમાર્ગે દોરી કહેવાતા જેહાદી તથા આતંકવાદી બનાવવા ન ફરતા હોય એની પણ સરકારી ધોરણે પોલીસ ખાતા તરફથી તપાસ થવી જોઈએ.

### ★ ઘુસણખોરોને રોકવાનો લિગલ–કાયદાકીય ઉપાય ★

હે સુન્નીઓ ! ગ઼ૌષે પાક, ખ્વાજા સાહબ, રઝા તથા મખ્દૂમ અશ્રફ તેમજ અન્ય બુઝુર્ગો

(رِضْوَانُ اللّٰهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْن)ની મહોબ્બતના દાવેદારો ! આ જમાતી લોકો, લારી તંબૂવાળાઓ, એ સર્વ બુઝુર્ગોના દુશ્મન છે, એમને મીલાદુન્નબી ﷺથી, સલાતો સલામથી જશ્ને ગૌષિયા વ જશ્ને ખ્વાજા વ રઝા વ મખ્દૂમથી પેટમાં ચૂંક ઉપજે છે ! જેથી તેઓ તમારા ગામનો, મહોલ્લાનો માહોલ બગાડવા આ પ્રકારની એડી ચોટીની કોશિશોમાં લાગેલા છે. તેમના ગુરૂઓ, રહબરો, મશ્વરા કરીને તમોને તોડવા માટે તેમના મર્કઝોએથી પ્લાનો બહાર પાડીને આવાં કામો કરાવી રહ્યા છે, તો એના પ્રતિકાર માટે તેના સામના માટે તમારા ગામ કુટુંબ તથા ઔલાદના ઈમાનની રક્ષા માટે તમારી પાસે શું પ્રોગ્રામ અને શું એજન્ડો છે ?! સાવધાન થઈ જાવ ! અને આવા ઈમાનના લૂટારા ડાકૂઓ તથા ડાઘુઓ, તબ્લીગઢોંગીઓ, કલ્મા નમાઝના નામે તમારી મસ્જિદો કે ગામ કે મહોલ્લામાં અડ્ડો જમાવનારાઓને રોકવા, તેમને તમારી મસ્જિદો, ગામોમાં પ્રવેશતા અટકાવવા તમે પગલાં તાકીદે ભરો !

જબરદસ્તી ગામમાં આવી ચડતા આવા જમાતીઓને સમજાવવા છતાં ગામમાંથી પરત ન થાય તો નજીકના પોલીસ સ્ટેશનમાં એના વિશે ફરિયાદ લેખિત તથા મૌખિક કે ફોનિક કરી દેવામાં આવે કે એમની માન્યતા તથા અમારી માન્યતામાં જમીન આસ્માન જેટલો, રાત અને દિવસ જેટલો વિરોધાભાસ છે જેથી તેમની હાજરીથી અમારા ગામ તથા મહોલ્લામાં વાતાવરણ ઉગ્ર બનવાનો કે ઝપાઝપી કે દંગલ થવાનો ભય છે જેનાથી સામાજિક અશાંતિ તથા અરાજકતા ફેલાવાનો ભય હોય તેમને અમારે ત્યાંથી હટાવવામાં આવે તથા ફરીથી ન આવે તેની તાકીદ કરવામાં આવે.

ગામના શહેરના સુન્ની જિમ્મેદારો તાલુકાવારી રીતે મામલતદારોને, જિલ્લાવારી રીતે કલેકટરોને તેમજ પોલીસ વડાઓને આ જ વિષયના લખાણોવાળાં આવેદન પત્રો સામૂહિક રીતે આપી આવે અને ઘટતાં પગલાં લેવા વિનંતિ રૂબરૂ પણ કરે. તો સરકારી તંત્ર સામાજની શાંતિ જાળવવાના હેતુથી આ જબરદસ્તી કરતા તબ્લીગીઓને જરૂર બ્રેક લગાડશે. જેથી આ પ્રમાણે કાયદેસરની કાર્યવાહી જરૂરથી કરશો.

## ★ ભોળા ભાઈઓ હવે તો ભોળપણામાંથી બહાર આવો ! ★

કેટલાક ભોળા ભાઈઓ તેમના કલ્મા નમાઝથી અંજાયને કહેતા હોય છે કે, "હવે એઓ પણ અલ્લાહનું જ નામ લે છે ને તો ભલે ને આવતા !" તેઓ જો ખરેખર સુન્નિયતથી લાગણી ધરાવતા હોય તો તેમને જઈને પૂછે કે તમારા વહાબી દેવબંદી મોલ્વીઓ, "મીલાદુન્નબી ﷺ મનાવવું બિદઅત તથા હરામ તથા કનૈયાના જન્મ દિવસ મનાવવા જેવું કહે છે" તો તેને તમે શું માનો છો ?! "ઉભા રહીને સલાતો સલામ પઢવી શિર્ક કહે છે !" તમે શું માનો છો ? નબી પાક ﷺને અલ્લાહની અતાથી ઈલ્મે ગયબ હતો અને છે, પણ તમારા મોલ્વીઓ હુઝૂર ﷺને ઈલ્મે ગયબ હોવાની માન્યતાને કુફ્ર બતાવે છે. તો તમે શું માનો છો ? અલ્લાહના નબી ﷺ તથા વલીઓને અલ્લાહની અતાથી મદદ કરવાનો ઈખ્તિયાર છે, એવી માન્યતાને તમારા મોલ્વીઓ શિર્ક કહે છે, તમે શું માનો છો ? તમારા મોલ્વીઓએ લખ્યું છે કે, "નબીના ઈલ્મ કરતાં શૈતાનનો ઈલ્મ વધારે છે." એના બારામાં તમારી શું માન્યતા છે ? તમારા દેવબંદી મોલ્વીએ કિતાબમાં હુઝૂર ﷺને માટે લખ્યું છે કે, "એવો ઈલ્મ તો બાળકો, પાગલો, જાનવરો, ચોપગાંઓને પણ છે એમાં હુઝૂરની શું ખૂબી ?!" તો એના બારામાં તમારી શું માન્યતા છે ? તમારા મોલ્વીએ લખ્યું છે કે, "આખરી નબી હુઝૂર ﷺ પછી પણ નબી થઈ શકે છે !" એના બારામાં તમારી શું માન્યતા છે ? તમારા મોલ્વી લખે છે કે, "હુઝૂર ﷺએ ઉર્દૂ ભાષા દેવબંદ મદ્રસાથી શીખી ?!"

એના બારામાં તમે શું માનો છો ? તમારા મોલ્વી લખે છે કે ઈલ્મે ગયબ વિશે કે, ''એ બારામાં (એટલે ગયબ ન જાણવામાં) અવલિયા, અંબિયા તથા જિન્ન અને શૈતાન અને ભૂત તથા પરીમાં કોઈ ફરક નથી.'' તમારી શું આવી માન્યતા છે ?!

તેમજ પૂછો કે વહાબી દેવબંદી મોલ્વીઓએ પોતાની કિતાબોમાં લખ્યું, ''અલ્લાહ જૂઠુ બોલી શકે છે ?'' તેમજ નબી ﷺની તૌહીન કરતાં લખાણો લખ્યાં જેના કારણે તે લખનારાઓ તથા તેવું લખનારાઓને જે પણ મુસલમાન સમજે અથવા તેમના કાફિર હોવામાં શંકા પણ કરે તેને હરમૈન શરીફૈન (મક્કા–મદીના)ના ઉલમાએ કાફિર ઠરાવેલ છે, તેમજ અખંડ ભારત તથા એશિયાના ૩૬૦ ઉલમાએ પણ તેઓને કાફિર ઠરાવેલ છે તો તમે એ લોકોના બારામાં શું માનો છો ? *(હુસ્સામુલ હરમૈન, અસ્સવારિમુલ હિંદિયા)*

ભોળાભાળા સુન્ની ભાઈઓ ! આ સવાલો તેમને કરો તો તેમની કલ્મા–નમાઝના ઓઠા હેઠળ વહાબિયત દેવબંદિયત ફેલાવવાની પોલ ઉઘાડી થઈ જશે. ઈન્શાઅલ્લાહ ! તેમના ચહેરાનો હાવભાવ, તેમનાં ગલ્લાં તલ્લાં જ તમને સમજાવી દેશે કે દાળમાં કાંઈક કાળુ છે !

### ★ નબીના ઉમ્મતીને મીલાદુન્નબી ﷺથી કેટલી જલન છે ?! જુઓ ! ★

**નિષાર તેરી ચહલ પહલ પર હઝારોં ઈદેં રબીઉલ અવ્વલ**
**સિવાએ ઈબ્લીસ કે જહાંમેં સભી તો ખુશિયાં મના રહે હૈં**

પોતાને નબીના ઉમ્મતી કહેનારા આ દેવબંદીઓ કે જેઓ મીલાદુન્નબીના કટ્ટર દુશ્મન છે અને તેને મનાવવાને તથા મીલાદના જુલૂસ કાઢવાને વર્ષોથી શિર્ક બિદઅત બતાવે છે. પણ હાલમાં ગુજરાતના બે કસ્બાઓ પાલનપુર અને વ્યારાની વાત કે વ્યારા સૂરતથી ૬૫ કિ.મી.ની દૂરી ઉપર છે ત્યાંના સ્થાનિક દેવબંદીઓ અને અહલે હદીષ લોકોએ એક મંડળી રચીને, પોતાને બહુમતિ સમાજના લોકો બતાવીને સ્થાનિક પોલીસમાં અરજી મૂકી કે આ પ્રકારનું જુલૂસ કાઢવાથી શાંતિ ડહોળાય છે અને વાતાવરણ તંગ બને છે. અને ઘરે ઘેર જઈને લોકોના નિવેદન લઈને તેમની અફીડેવીટ ઉપર સત્તાવાળાઓ સમક્ષ મૂકવા અને અનુહમીદ શેખ, વ્યારા દ્વારા જુલૂસ માટેની અરજી વિરુદ્ધ વાંધા અરજી મૂકીને જુલૂસની પરમિશન પોલીસ અધિકારીઓને આપવા દીધી નહીં. આવો જ એક અન્ય બનાવ બનાસકાંઠા જિલ્લાના પાલનપુરમાં બન્યો જ્યાં છેલ્લાં બે વરસથી પોલીસ વિભાગમાં તબ્લીગી, દેવબંદીઓ દ્વારા એવી વાંધા અરજીઓ મૂકવામાં આવતી હતી કે બહારથી એટલે અન્ય ગામડાંઓમાંથી લોકો આવીને અહીં મીલાદુન્નબી (ﷺ)નો જુલૂસ કાઢવા માંગે છે માટે કોઈ પરવાનગી આપવી નહીં. તેથી બનાસકાંઠાના વતની જનાબ ઝાકિરહુસૈન સૈયદ આશિકે રસૂલે આ કારણોસર છેલ્લાં બે વરસથી પાલનપુરમાં આવીને વસવાટ કર્યો ફક્ત તે હેતુસર કે તેમને જુલૂસની પરવાનગી મેળવવામાં કોઈ અડચણો ઊભી ન કરે, માટે ખ્વાજા ગરીબ નવાઝ ટ્રસ્ટનું પાલનપુર મુકામે ટ્રસ્ટ રજીસ્ટર કરાવ્યું અને તેના થકી આ વર્ષે ૨૦૧૪માં ફરી એકવાર રિવાજ મુજબ પોલીસમાં અનુમતિ માટે અરજી મૂકવામાં આવી. તેના જવાબમાં તબ્લીગીઓ તરફથી તેમના હસ્તક ચાલતા વિવિધ ટ્રસ્ટો, સામાજિક કાર્યકરો અને મસ્જિદોના ૧૫ લેટરપેડ ઉપર આ અરજીનો વિરોધ દર્શાવવામાં આવ્યો તેના પશ્ચાત આ અરજીઓને હાઈકોર્ટમાં એફીડેવીટ રૂપે પણ મૂકવામાં આવી હતી. આ બધા વિરોધથી સૈયદ સાહબ અકળાયા નહીં, પાછા પડે તે બીજા ! તેમણે પ્રયત્નો ચાલુ રાખ્યા ડીજીપી, ગાંધીનગરને પણ મળવા ગયા પણ કાંઈ ખાસ થયું નહીં.

છેવટે તેઓ સુન્નિયત માટે જીવ સટોસટની બાજી લગાડનાર બાહોશ અને ખતીલા એવા યુવાન એડવોકેટ જનાબ એજાઝ કુરૈશીના સંપર્કમાં આવ્યા છે..... જેથી છેવટે હાઈકોર્ટમાં કેસ દાખલ કર્યો.

કોર્ટે શાંતિચિત્તે બધાં પક્ષોને સાંભળ્યા પશ્ચાત અગ્યાર પાનાનું જજમેન્ટ તા. ૧૩–૧–૨૦૧૪ સાંજના ૪.૦૦ વાગ્યાની આસપાસ એટલે કે ઈદે મીલાદના આગલા દિવસે આપ્યું અને ડીસ્ટ્રીકટ મેજીસ્ટ્રેટ વ્યારા અને બનાસકાંઠાને કાર્યક્રમનું રૂટ નક્કી કરવાની સત્તા આપીને જુલૂસ કાઢવાની પરવાનગી બહાલ રાખી હતી. *(આમીન મંથલી–અહમદાબાદ, તા. ૧–૨–૨૦૧૪)*

સુન્ની ભાઈઓ ! બહેનો ! કહેવાનો આશય એ છે કે આ વહાબી દેવબંદીઓ તમને સુન્ની અક઼ીદાથી ખતમ કરવા શું શું નથી કરતા ! છતાં તમે નચિંત થઈને પોતાના ઈમાન અક઼ીદાની રક્ષાથી બેપરવા બનીને એશથી જીવી રહ્યા છો ?! કેવળ જલસા, ન્યાઝ, ફાતિહા, ઉર્સોમાં મેળાઓ કરીને તમે એમ સમજો છો કે અમારી સુન્ની તરીકેની ફરજ પૂરી થઈ ગઈ ?! સાવધાન થઈ જાવ ! અંદરો અંદર ગમે તેવી વાતો ઉપજાવી ન બાખડો અને સંગઠિત થઈને સર્વ સુન્ની એકતા કરીને સુન્નિયત સામે ઉઠી રહેલા આ કુફ્રના, બદ્અક઼ીદગીના તોફાનને ખાળવા તૈયાર થઈ જાવ ! નહીં તો "તુમ્હારી દાસ્તાં તક ન હોગી જહાં કી દાસ્તાનોમેં ! જેવું થશે.

## ★ આ છે દેવબંદી તબ્લીગઢોંગીઓની અસલિયત ! ★

સાંભળો ! દેવબંદીઓના આંધળા, બહેરા, ગુંગા શૈતાન સમા અને "શિર્ક" મેન્યામાં પાગલ બની ગયેલ મવ. ઈસ્માઈલ મનુબરીએ એક કિતાબમાં સૂરએ અઅ્રાફ–૧૮૮નો તર્જુમો લખ્યા બાદ પેજ નં. ૪ ઉપર નોટીસ લખેલ છે કે :–

***"ધ્યાન આપો ! નબી ﷺ પોતે પોતાની ઝાત માટે ભલાઈ અને બુરાઈ (નફો–નુકસાન)ના માલિક નથી તો અવલિયા અલ્લાહ અને બુઝુર્ગાને દીન કેવી રીતે ભલાઈ અને બુરાઈ પહોંચાડવાની તાકાત રાખી શકે છે ?*** *(કિતાબ : ઈમાન : મહત્વતા આવશ્યક્તા અને અનિવાર્યતા, પેજ નં. ૪)*

અલ્લાહના ઝાતી ઈલ્મ તથા ઈખ્તિયાર વિશેની આ પ્રમાણે એક તરફી આયતોના તર્જુમા રજૂ કર્યા બાદ મવ. ઈસ્માઈલ મનુબરી પેજ નં. ૬ ઉપર સીધુ જ લખે છે : *"મવલાના અહમદ રઝાખાન બરેલવી શિર્ક ફેલાવીને પોતે પણ મુશ્રિક બની ગયા અને મુસલમાનોને પણ મુશ્રિક બનાવ્યા. મૌલાના અહમદ રઝાખાન બરેલ્વીનો શિર્ક જુઓ : મહબૂબીન (અલ્લાહના વલીઓ) મૌત પછી મદદ કરે છે, મહબૂબાને ખુદા (વલીઓ) દૂરથી સાંભળે છે, જુએ છે અને મદદ કરે છે. અવલિયા અલ્લાહ મુશ્કિલકુશા અને સાહિબે અતા છે."* *(કિતાબ : ઈમાન : મહત્વતા આવશ્યક્તા અને અનિવાર્યતા, પેજ : ૬)*

ત્યાર બાદ પેજ નં. ૭ ઉપર ***"મુસલમાનોને મુશ્રિક બનાવવાવાળા ગુમરાહ મુસલમાન"*** એવું *હેડિંગ આપીને મવ. ઈસ્માઈલ મનુબરીએ આ'લા હઝરત ઈમામ અહમદ રઝા તથા મૌલાના નઈમુદ્દીન મુરાદાબાદી, મૌલાના મહમૂદ કછોછવી, મૌલાના હશ્મત અલીખાં પીલીભીતી, મૌલાના જલાલુદ્દીન બસ્તવી, મૌલાના મુશ્તાક અહમદ નિઝામી, મૌલાના અશરફી કછોછવી,* ***મૌલાના મદની કછોછવી*** *વગેરે નામો લખ્યાં અને છેવટમાં લખ્યું, સર્વ રઝાખાની ઉલમા, મુજાવરો."* *(કિતાબ : ઈમાન : મહત્વતા આવશ્યક્તા અને અનિવાર્યતા, પેજ : ૭)*

એક જગાએ લખે છે : *"જે મુસ્લિમ ભાઈઓ તથા મુસ્લિમ બહેનો હઝરાતે અવલિયાએ કિરામ*

*رحمۃ اللہ علیہم اجمعین ની પાસે પોતાની હાજતો–મુરાદો માગીને પોતાનાં કિંમતી ઈમાનો બર્બાદ કરીને મુશ્રિક તથા મુશ્રિકહ બની ચૂક્યાં છે તેઓ પોતાના વફાત–મરણ પહેલાં તૌબા કરી લે...." (કિતાબ : ઈમાન : મહત્વતા આવશ્યક્તા અને અનિવાર્યતા, પેજ : ૧૩)*

આ છે તબ્લીગીઓની અસલિયત ! આ છે એમનો મઝહબ ! હે સુન્નીઓ ! છતાં તમે છો કે પોતે તમે આશિકે રસૂલ, આશિકે હુસૈન, આશિકે ખ્વાજા, આશિકે ગૌષ, આશિકે રઝા, આશિકે અશરફ, આશિક સાબિરો હશ્મત... વગેરેના દાવા કરીને જોશભેર નારા તો લગાડો છો, પણ બીજી બાજુ તમારો દોસ્તીનો હાથ દેવબંદી વહાબીના હાથમાં જોવા મળે છે, તમો તેમના જમાઈ બનો છો ! તમો તેમના વેવાય બનો છો ! તેમને જમાઈ બનાવો છો ! આશ્ચર્યની તથા દુ:ખની તથા અતિ અફસોસની વાત છે કે તમારો દાવો તથા તમારો અમલ વિરોધાભાસી છે જે સુન્નિયતની બર્બાદી માટે કાતિલ ઝહેર સમાન છે.

આટ આટલી તેમની પ્રવૃત્તિઓ સુન્નિયત વિરુદ્ધ ચાલી રહી છે છતાં તમોને કોઈ એહસાસ નથી ! કેવું મુર્દા દિલ તમારું થઈ ગયું છે ?! જાગો ! જાગો ! હજીય સમજો અને એઓથી સંબંધોને સત્વરે કટ કરો એમાં જ તમારી ભલાઈ છે.

## ★ માંહો માંહે લડી રહેલા સુન્નીઓને અંતિમ અપીલ ! ★

સુન્ની ભાઈઓ ! સુન્નિયત વિરુદ્ધ આ તો સ્થાનિક કક્ષાએ ઉઠી રહેલી ચળવળોનો ટૂંકમાં ચિતાર છે, વિશ્વભરમાં સુન્નીઓને પરાસ્ત કરવા કઈ રીતે તેમને નિશાનો બનાવવામાં આવી રહેલ છે તે તો એક અલગ જ વિષય છે. આટલા ચો તરફથી હુમ્લાઓ છતાં આપણે છીએ કે **"આપણા સર્વ સુન્નીઓના સૌના અક઼ીદા એક સમાન છે"** છતાં જાઈઝ નાજાઈઝના ફુરૂઈ (ફિક઼્હી શાખાકીય) મસાઈલના વિવાદોમાં આપણે એકબીજા સાથે એવી તો બાંયો ચડાવેલી છે કે એક પણ બાંયો ઉતારવા તૈયાર નથી ! આપણે આપસમાં સલામ કલામના સંબંધોય ખત્મ કરી નાખ્યા ! અને મસાઈલનો વિવાદ તો બાજુ પર જ છે ! તેને બદલે અંગત આક્ષેપો તથા ઉલમાના અપમાનો તદ્દન જાહિલ કક્ષાના માણસો કરવા મંડી પડયા છે ! જે તેમની આખેરતના માટે એક બુરા સમાચાર સમાન છે. વળી કેટલાક જોશીલા ભાઈ તો કોઈ આલિમે જે વાત નથી કહી તેના બયાનને કાટ છાટ કરીને બનાવટી ક્લિપો બનાવી તેમને પોતાના પીરના ગુસ્તાખ ઠરાવીને તેમનો ખુલાસો માગ્યા વિના તેમના વિરુદ્ધ પરચા છપાવવા મંડી પડયા છે ! અફસોસ ! પીરની એટલી જ મહોબ્બત છે તો જયારે વહાબી દેવબંદી મોલ્વીઓએ દારુલ ઉલૂમ અરબિય્યહ–કંથારીયા જિ. ભરૂચથી સુન્ની પીરોને શિર્ક ફેલાવનાર લખ્યા ત્યારે જવાબ આપવામાં તમારો જોશ ક્યાં ગયો હતો ?! અને પીરની વાત તો ઠીક છે ખૂદ નબી કરીમ ﷺની કેવા કેવા હલકા કુફ્રી શબ્દોમાં તેઓ સતત તૌહીન કરતા રહે છે તો એ દારુલ ઉલૂમ અરબીય્યહ્ કંથારીયા (જિ. ભરૂચ)ના દેવબંદી મોલ્વીઓ વિરુદ્ધ કોઈ પરચી પણ તમે બહાર પાડી ખરી ?! તો શું નબી કરીમ કરતાંય અધિક પીરની મહોબ્બત તમારા દિલમાં સવાર થઈ છે ?! અને તે પણ અંદરો અંદર ટકરાવ પૂરતી જ ! કંથારીયાના મોલ્વી મનુબરી વિરુદ્ધ તમે શું રદિયો આપ્યો તે બતાવો ! સુન્નીભાઈઓ ! સમજો ! અને અંદરો અંદરનો મામલો ડાયરેકટ સંપર્ક કરીને ખુલાસો મેળવીને સુલઝાવો ! ગલતફહમીઓને દૂર કરી "સુન્ની એકતા" માટે સંગઠિત થાવ અને નબી વલીના ગુસ્તાખોનો સામૂહિક રીતે સામનો કરો અને સુન્નિયતને બચાવવાના, સુન્નિયતને મજબૂત કરવાના કામમાં લાગી જાવ ! એવી મારી દર્દભરી અપીલ છે. અલ્લાહ તઆલા તેના હબીબ ﷺના સદક઼ામાં સૌને નેક તૌફીક઼ બખ્શે. (આમીન)

કુર્આને પાકની તફ઼સીર

# કન્ઝુલ ઇમાન વ ખઝાઇનુલ ઇરફ઼ાન

અઝ : આ'લા હઝરત
ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ

અનુવાદક : મૌલાના હસન
આદમ કોલવનવી رحمۃ اللہ علیہ

સૂરએ બક઼રહ મદીનામાં ઉતરેલી અને
એમાં ૨૮૬ આયતો અને ૪૦ રૂકુઅ છે.

وَاِذِ اسْتَسْقٰى مُوْسٰى لِقَوْمِهٖ فَقُلْنَا اضْرِبْ
بِّعَصَاكَ الْحَجَرَؕ فَانْفَجَرَتْ مِنْهُ اثْنَتَا عَشْرَةَ عَيْنًاؕ
قَدْ عَلِمَ كُلُّ اُنَاسٍ مَّشْرَبَهُمْؕ كُلُوْا وَاشْرَبُوْا مِنْ
رِّزْقِ اللّٰهِ وَلَا تَعْثَوْا فِى الْاَرْضِ مُفْسِدِيْنَ ﴿۶۰﴾ وَاِذْ قُلْتُمْ
يٰمُوْسٰى لَنْ نَّصْبِرَ عَلٰى طَعَامٍ وَّاحِدٍ فَادْعُ لَنَا رَبَّكَ
يُخْرِجْ لَنَا مِمَّا تُنْۢبِتُ الْاَرْضُ مِنْۢ بَقْلِهَا وَقِثَّآئِهَا
وَفُوْمِهَا وَعَدَسِهَا وَبَصَلِهَاؕ قَالَ اَتَسْتَبْدِلُوْنَ
الَّذِىْ هُوَ اَدْنٰى بِالَّذِىْ هُوَ خَيْرٌؕ اِهْبِطُوْا مِصْرًا فَاِنَّ
لَكُمْ مَّا سَاَلْتُمْؕ وَضُرِبَتْ عَلَيْهِمُ الذِّلَّةُ وَالْمَسْكَنَةُۗ
وَبَآءُوْ بِغَضَبٍ مِّنَ اللّٰهِؕ ذٰلِكَ بِاَنَّهُمْ كَانُوْا يَكْفُرُوْنَ
بِاٰيٰتِ اللّٰهِ وَيَقْتُلُوْنَ النَّبِيّٖنَ بِغَيْرِ الْحَقِّؕ ذٰلِكَ بِمَا
عَصَوْا وَّكَانُوْا يَعْتَدُوْنَ ﴿۶۱﴾ اِنَّ الَّذِيْنَ اٰمَنُوْا وَ
الَّذِيْنَ هَادُوْا وَالنَّصٰرٰى وَالصّٰبِـِٕيْنَ مَنْ اٰمَنَ بِاللّٰهِ
وَالْيَوْمِ الْاٰخِرِ وَعَمِلَ صَالِحًا فَلَهُمْ اَجْرُهُمْ عِنْدَ
رَبِّهِمْ ۚ وَلَا خَوْفٌ عَلَيْهِمْ وَلَا هُمْ يَحْزَنُوْنَ ﴿۶۲﴾ وَاِذْ
اَخَذْنَا مِيْثَاقَكُمْ وَرَفَعْنَا فَوْقَكُمُ الطُّوْرَؕ خُذُوْا مَآ
اٰتَيْنٰكُمْ بِقُوَّةٍ وَّاذْكُرُوْا مَا فِيْهِ لَعَلَّكُمْ تَتَّقُوْنَ ﴿۶۳﴾
ثُمَّ تَوَلَّيْتُمْ مِّنْۢ بَعْدِ ذٰلِكَ ۚ فَلَوْلَا فَضْلُ اللّٰهِ عَلَيْكُمْ
وَرَحْمَتُهٗ لَكُنْتُمْ مِّنَ الْخٰسِرِيْنَ ﴿۶۴﴾ وَلَقَدْ عَلِمْتُمُ

## સૂરએ બક઼રહની તફ઼સીર

અને જ્યારે મૂસાએ પોતાની કૌમ માટે પાણી માંગ્યું તો અમે ફરમાવ્યું, આ પથ્થર પર પોતાનો અસો મારો, તરત જ તેમાંથી બાર ઝરણાં વહી નીકળ્યાં[૯૮] દરેક ટોળાએ પોતાનો ઘાટ (ઓવારો) ઓળખી કાઢયો, ખાઓ અને પીઓ ખુદાનું આપેલું[૯૯] અને જમીનમાં ફસાદ ઉઠાવતા ન ફરો[૧૦૦] (૬૦) અને જ્યારે તમે કહ્યું અય મૂસા[૧૦૧]! અમારાથી તો એક જમણ પર[૧૦૨] કદાપી સબ્ર નહિ થાય, તો તમે તમારા રબ પાસે દુઆ કરો કે જમીનની ઉગાડેલી વસ્તુઓ અમારા માટે કાઢે અમુક ભાજી અને ચીભડાં અને ઘઉં અને મસૂર અને ડુંગરી. ફરમાવ્યું, શું હલ્કી વસ્તુને શ્રેષ્ઠના બદલામાં માંગો છો[૧૦૩] ! સારૂં, મિસર[૧૦૪] અથવા કોઇ શહેરમાં ઉતરો ત્યાં તમને મળશે જે તમે માંગ્યુ[૧૦૫] અને તેમના પર નક્કી કરી દેવામાં આવી બેઇજજતી અને નાદારી[૧૦૬] અને ખુદાના ગઝબમાં પરત થયા[૧૦૭] આ બદલો હતો તેનો કે તે અલ્લાહની આયતોને નકારતા અને અમ્બિયાને નાહક શહીદ કરતા[૧૦૮] આ બદલો હતો તેમની નાફરમાનીઓ અને હદથી વધી જવાનો (૬૧) બેશક ! ઇમાન-વાળા અને યહૂદીઓ અને ખ્રિસ્તીઓ અને સિતારા પૂજકોમાંથી તે કે જે સાચા દિલથી ઇમાન લાવે, અલ્લાહ અને પાછલા દિવસ પર

**અને નેક કામ કરે તેમનો સવાબ તેમના રબની પાસે છે અને ન તેમને કંઇ ચિંતા થાય અને ન કંઇ દુ:ખ[૧૦૯] (૬૨) અને જ્યારે અમે તમારા પાસેથી વાયદો લીધો[૧૧૦] અને તમારા પર તૂરને ઊંચો કર્યો[૧૧૧] લો જે કંઇ અમે તમને આપીએ છીએ શક્તિથી[૧૧૨] અને તેના લેખો યાદ કરો એ આશાએ કે તમને પરહેઝગારી મળે, (૬૩) ફરી ત્યારબાદ તમે ફરી ગયા, તો જો અલ્લાહનો ફઝલ અને તેની રહમત તમારા પર ન હોત તો તમે ખોટ વાળા-ઓમાં થઇ જાત[૧૧૩] (૬૪) અને બેશક ! જરૂર તમે જાણો છો તમારામાંના તે, જેઓએ શનીવારે માથું ઊંચક્યું[૧૧૪] તો અમે તેઓને ફરમાવ્યું કે થઇ જાઓ વાંદરા તુચ્છકરાએલા, (૬૫) તો અમે તે ગામનો આ બનાવ તેના આગળ અને પાછળવાળાઓ માટે બોધપાઠ કરી દીધો અને પરહેઝગારો માટે નસીહત (૬૬)**

## :: સમજૂતી ::

૯૮. જ્યારે બની ઇસરાઇલે સફરમાં પાણી ન જોયું, સખત તરસની ફરિયાદ કરી, ત્યારે હઝરત મૂસા અલયહિસ્સલામને હુકમ થયો કે પોતાનો અસો પથ્થર પર મારો, આપની પાસે એક ચોખંડો પથ્થર હતો, જ્યારે પાણીની જરૂર પડતી આપ તેના પર અસો મારતા, તેમાંથી (૧૨ ઝરણાં વહી નીકળતાં, અને બધા પ્યાસ બુઝાવતા, આ મોટો મોઅજિઝો હતો, પણ સૈયદે અમ્બિયા ﷺની મુબારક આંગળીઓમાંથી પાણી નીકળીને એક મોટા સૈન્યને પાણી પીવડાવે એ એનાથી ઘણું શ્રેષ્ઠ અને ઉચ્ચ છે, કારણ કે મનુષ્યના શરીરમાંથી પાણી નીકળવું, પથ્થરમાંથી નીકળવા કરતાં વધારે આશ્ચર્યજનક છે. (ખાઝિન)

الَّذِيْنَ اعْتَدَوْا مِنْكُمْ فِي السَّبْتِ فَقُلْنَا لَهُمْ كُوْنُوْا
قِرَدَةً خٰسِئِيْنَ ﴿٦٥﴾ فَجَعَلْنٰهَا نَكَالًا لِّمَا بَيْنَ يَدَيْهَا
وَمَا خَلْفَهَا وَمَوْعِظَةً لِّلْمُتَّقِيْنَ ﴿٦٦﴾

૯૯. અર્થાત આસ્માની જમણ મન અને સલ્વા ખાવ અને આ પથ્થરના ઝરણાઓનું પાણી પીઓ જે તમને અલ્લાહના ફઝલથી વગર મહેનતે મળ્યું છે.

૧૦૦. નેઅમતોના બયાન પછી હવે આગળ બની ઇસરાઇલની નાલાયકી, અછકલાપણા તેમજ નાફરમાનીના અમુક બનાવોનું વર્ણન થાય છે.

૧૦૧. બની ઇસરાઇલનું આ કાર્ય પણ ઘણું જ બેઅદબીનું હતું કે એક ઉલુલ અઝ્મ પૈગમ્બરને નામ લઇને બોલાવ્યા. યા નબીયલ્લાહ યા રસૂલલ્લાહ અથવા બીજા એવા તાઅઝીમના શબ્દો ન બોલ્યા. (ફત્હુલ અઝીઝ) જ્યારે અમ્બિયાનું નામ માત્ર લેવું બેઅદબી છે તો તેમને 'બશર' અને 'એલચી' કહેવું કેમ ગુસ્તાખી ન કહેવાય? મતલબ કે અમ્બિયાના વિષયમાં રજમાત્ર બેઅદબી પણ નાજાઇઝ છે.

૧૦૨. એક જમણનો મતલબ એક જ પ્રકારનું જમણ છે અર્થાત દરરોજ ને દરરોજ મળતું મન અને સલ્વા.

૧૦૩. જ્યારે તેઓ નસીહત કરવા છતાં ન માન્યા, ત્યારે હઝરત મૂસા عليه السلامએ બારગાહે ઇલાહીમાં દુઆ કરી, હુકમ થયો ઇહબિતૂ (ઉતરો)!

૧૦૪. મિસર અરબીમાં શહેરને પણ કહે છે, ગમે તે શહેર હોય, અને ખાસ શહેર મૂસા عليه السلام જ્યાં રહેતાં હતા તેનું નામ પણ મિસર છે, અહીં બન્નેમાંથી ગમે તે મુરાદ થઇ શકે છે.

૧૦૫. એટલે કે ભાજી, ચીભડાં વિગેરે. આ વસ્તુઓ તરફ ઢળવું એક પ્રકારની નીચતા છે, હંમેશા તે લોકોની પ્રકૃતિ નીચતા તરફ જ ઢળેલી

રહી અને હઝરત મૂસા અને હઝરત હારૂન عليه السلام જેવા ઉચ્ચ દરજ્જાના અને ઉચ્ચ વિચારો ધરાવતા પૈગમ્બરો પછી બની ઇસરાઇલની નાલાયકી અને નીચતાનું પોત પ્રકાશયું અને જાલુતના કબ્જા તેમજ બુખ્તનસરના એમની સાથેના વર્તાવ પછી તો તેઓ ઘણા જ ઝલીલ અને કચડાતા બની ગયા, એનું બયાન દુરિબત અલયહિમુઝઝિલ્લતુમાં છે.

૧૦૬. યહૂદીઓની બેઇજ્જતી તો એ કે (નુઝૂલે કુરઆનના સમય સુધી) દુનિયામાં ક્યાંયે નામ પુરતી પણ તેઓની હુકૂમત ન હતી અને નાદારી એ કે માલ હોવા છતાં લાલચના માર્યા મોહતાજ જેવા રહે છે.

૧૦૭. અમ્બિયા અને નેક લોકોના કારણે જે મરતબા તેમને મળ્યા હતા તેનાથી મેહરૂમ બની ગયા, આ ગઝબનું કારણ ફક્ત એટલું જ નથી કે તેઓએ આકાશી ખોરાકને બદલે જમીનની પેદાઇશની ઇચ્છા દર્શાવી અથવા એ પ્રકારની બીજી ભૂલો જે હઝરત મૂસા عليه السلامના સમયમાં જાહેર થઇ, બલ્કે નુબુવ્વતના સમયથી દૂર થવાના કારણે અને લાંબો સમય વિતી જવાના કારણે તેમની લાયકાત ઓછી થઈ ગઈ અને મોટા ગુન્હા એમનાથી જાહેર થયા, આજ તેમની બેઇજ્જતીનું કારણ બન્યા.

૧૦૮. જેમકે એમણે હઝરત ઝકરિયા, હઝરત યહ્યા અને હઝરત શઅયા عليه السلامને શહીદ કર્યા અને આ કત્લ એવા નાહક હતા કે એનું કારણ પોતે આ કત્લ કરનારાઓ પણ નથી કહી શકતા.

**: શાને નુઝૂલ :**

૧૦૯. ઇબ્ને જરીર અને ઇબ્ને હાતિમે સદીથી રિવાયત કરી કે, આ આયત હઝરત સલમાન ફારસી رضي الله عنهના સાથીદારો માટે નાઝિલ થઇ. (લુબાબુન્નુકુલ)

૧૧૦. કે તમે તવરાતને માનશો અને તેના પર અમલ કરશો, પણ તેના હુકમોને ભારે અને અઘરા જાણીને સ્વીકારવાનો ઇન્કાર કરી દીધો, જો કે તમે પોતે જ કરગરીને હઝરત મૂસા عليه السلامને આવી આસ્માની કિતાબની માંગણી કરવા કહ્યું હતું, જેમાં શરીઅતના કાયદાઓ અને ઇબાદતના નિયમો વિગતવાર ચર્ચાએલા હોય અને હઝરત મૂસા عليه السلامએ તમારા પાસેથી વારંવાર એને સ્વીકારવા અને એના પર અમલ કરવાનો વાયદો લીધો હતો, જ્યારે તે કિતાબ આપવામાં આવી ત્યારે તમે તેને કુબૂલ કરવાનો ઇન્કાર કરી દીધો અને વાયદો પૂરો ન કર્યો.

૧૧૧. બની ઇસરાઇલે જ્યારે વાયદો તોડી નાખ્યો ત્યારે હઝરત જિબ્રઇલે ખુદાના હુકમથી તૂર પહાડને ઊંચકીને તેમના માથા પર એક માણસના કદ જેટલી ઊંચાઇએ અધ્ધર લટકાવ્યો, અને હઝરત મૂસા عليه السلامએ ફરમાવ્યું કે તમે વાયદો પુરો કરવાનું સ્વીકારો નહીં તો પહાડ તમારા પર નાખવામાં આવશે. આમાં જાહેર રીતે વાયદો પુરો કરવા માટે બળનો ઉપયોગ હતો અને વાસ્તવમાં પહાડ અધ્ધર લટકાવવો અલ્લાહની નિશાની અને ખુદાની કુદરતની મજબૂત દલીલ હતી. એનાથી દિલોને શાંતિ પ્રાપ્ત થાય છે કે બેશક! આ રસૂલ કુદરતે ઇલાહીને જાહેર કરનાર છે. આ ઇત્મિનાન તેમના માનવા અને વાયદો પુરો કરવાનું અસલ કારણ છે.

૧૧૨. એટલે કે ખૂબ કોશિશથી.

૧૧૩. અહીં ફઝલ અને રહમતથી યા તો તવબહની તૌફીક મુરાદ છે યા અઝાબમાં તાખીર થવી. (મદારિક વિગેરે) એક મંતવ્ય એવું છે કે અલ્લાહના ફઝલ અને તેની રહમતનો મતલબ હુઝૂર صلى الله عليه وسلمની મુબારક ઝાત છે. માયના આ છે કે જો તમને ખાતિમુલ મુરસલીન صلى الله عليه وسلمના અસ્તિત્વની દૌલત ન મળતે અને આપની હિદાયત નસીબ ન થતે તો તમારૂં પરિણામ નાશ અને ખોટ હોતે.

૧૧૪. ઇલા નામના શહેરમાં બની ઇસરાઇલ વસેલા હતા, તેમને હુકમ હતો કે શનિવારનો દિવસ ઇબાદતના માટે નક્કી કરી દે તે દિવસે

શિકાર ન કરે અને દુનિયાના કામકાજ છોડી દે, તેમનામાંની એક ટોળકીએ એવી ચાલ કરી કે જુમ્આના દિવસે દરિયાના કાંઠે ઘણાં બધા ખાડાઓ ખોદતા અને શનિવારની સવારે દરિયાથી લઇને પેલા ખાડાઓ સુધી નીકો બનાવતા, જેમાં માછલીઓ ખાડામાં આવી કેદ થઇ જતી, રવિવારે તેમને કાઢી લેતા, અને કહેતા કે અમે માછલીઓને પાણીમાંથી શનિવારે નથી કાઢતા. ૪૦ અથવા ૭૦ વર્ષ સુધી આમ જ કરતા રહ્યા, જ્યારે હઝરત દાઉદ عليه السلام ની નુબુવ્વતનો સમય આવ્યો, આપે તેઓને આમ કરવાની મનાઇ કરી અને ફરમાવ્યું કેદ કરવી એજ શિકાર છે જે શનિવારે કરો છો તેનાથી પાછા ફરો, નહીં તો અઝાબમાં પટકાઇ જશો. તેઓએ બંધ ન કર્યુ, આપે દુઆ ફરમાવી, અલ્લાહ તઆલાએ તેમને વાંદરાઓની શિકલમાં ફેરવી નાખ્યા, અક્કલ અને સમજ તો બાકી રહી, પણ બોલવાની શક્તિ હણાઇ ગઇ, શરીરોમાંથી દુર્ગંધ નીકળવા લાગી, પોતાની આવી હાલત પર રડતાં રડતાં ત્રણ દિવસમાં બધા નાશ પામ્યા, તેમનો વંશ બાકી ન રહ્યો, આ લગભગ ૭૦,૦૦૦ લોકો હતા, બની ઇસરાઇલની બીજી ટોળી જે લગભગ ૧૨,૦૦૦ ની સંખ્યામાં હતી, તેઓ પેલાઓને આવું કરવાથી મના કરતી રહી, જ્યારે તેઓ ન માન્યા ત્યારે તેઓ તેમના અને પોતાના મહોલ્લાઓની વચમાં દીવાર બનાવીને જુદા રહેવા લાગ્યા આથી આ લોકોને છુટકારો મળ્યો, બની ઇસરાઇલની ત્રીજી ટુકડી ચૂપ રહી, તેમના વિશે હઝરત ઇબ્ને અબ્બાસ رضی اللہ عنہما ની સામે અકરમાએ કહ્યું કે તેઓ બખ્શાએલા છે, કારણ કે સારી વાતનો હુકમ કરવો ફર્ઝે કિફાયહ છે, અમુકનું કરવું બધાના માથેથી ભાર ઉતારે છે. તેઓના ચૂપ રહેવાનું કારણ એ હતું કે, પેલા નસીહત સ્વીકારશે એ બાબતથી તેઓ નિરાશ થઇ ચુક્યા હતા. અકરમાનું આ બયાન હઝરત ઇબ્ને અબ્બાસ رضی اللہ عنہما ને ઘણું પસંદ પડયું અને આપ હર્ષાવેશમાં ઉઠીને તેમની સાથે ગળે લાગ્યા, અને તેમની પેશાનીને ચુંબન કર્યું. *(ફત્હુલ અઝીઝ)*

**મસઅલો** : એનાથી જાણવા મળ્યું કે હર્ષ સમયે ગળે લાગવું સહાબીની સુન્નત છે, એના માટે સફરથી આવવું અને ગેરહાજરી પછી ઉપસ્થિત થવું જરૂરી નથી.

પેજ નં. **૨૧**નું ચાલુ...

**ફર્ઝ છે અને જો શાબાનની ૩૦મી તારીખના દિવસે જોયો તો તે દિવસ શાબાનના છે** રમઝાનનો નહીં જેથી તે દિવસનો રોઝો ફરજ નથી. *(આલમગીરી, દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહતાર, બહાર)*

**મસ્અલો** : **એક જગ્યાએ ચાંદ દેખાયો તો તે ફક્ત ત્યાંના માટે જ નથી બલ્કે પૂરી દુનિયા માટે છે પરંતું બીજી જગ્યાએ ચાંદ થયાનો હુકમ ત્યારે લાગુ પડશે કે બીજી જગ્યાવાળાઓ માટે તે દિવસ તે તારીખ ચાંદ ઉગ્યાનું શરીઅતે બતાવેલી શરતો મુજબ સાબિત થઈ જાય,** એટલે કે ચાંદ થયાની ગવાહી મળે કે કાઝી કે મુફતીના હુકમની ગવાહી મળે અથવા ઘણી ટોળીઓ આવીને ખબર આપે કે ફલાણી જગ્યાએ ચાંદ દેખાયો છે અને ત્યાંના લોકોએ રોઝો રાખ્યો છે અર્થાત ઈદ કરી લે.

**મસ્અલો** : તાર, ટેલીફોન, રેડિયોથી ચાંદ જોવાયાનું સાબિત થશે નહીં, કારણ કે એને બધીય રીતે સાચુ ગણવામાં આવે તો પણ એ ફક્ત ખબર ગણાશે, શહાદત ગવાહી નહીં ગણાય, અને ફક્ત એક ખબરથી ચાંદ સાબિત થઈ શકતો નથી. એવી જ રીતે બજારૂ અફવાથી, ડાયરીઓ અને કેલેન્ડરો તેમજ પેપરોમાં છપાતી ખબરોથી પણ ચાંદ સાબિત થઈ શકતો નથી. *[જો કે વર્તમાન સંજોગોને અનુરૂપ ટેલીફોન, E-mail વગેરે થકીની ખબરોમાં ચાંદની સાબિતીની તેહકીકો ઉલમા થકી બહાર પડી રહી છે જેમાં કેટલીક કંડિશનો રહેલી છે, તો એનો અભ્યાસ આગળ જતાં **"બરકાતે ખ્વાજા"** (માસિક)માં રજૂ થશે. ઈન્શાઅલ્લાહ ! –તંત્રી]*

**મસ્અલો** : ચાંદ જોઈને તેના તરફ આંગળીથી ઈશારો કરવો મકરૂહ છે ભલે તે બીજાને બતાવવા માટે હોય. *(આલમગીરી, સિરાજીયા, બઝાઝિયા, દુર્રે મુખ્તાર, બહાર)*

હઝરત ઈબ્ને મસઊદ رضی اللہ عنہ રિવાયત ફર્માવે છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું કે ન ગોબરથી ઈસ્તિન્જો કરો ન હાડકા વડે કેમ કે એ તમારા ભાઈ જિન્નાતોનો ખોરાક છે[૧]. એને તિર્મિઝી તથા નિસાઈએ રિવાયત કરી, પણ નિસાઈએ زَادُ اِخْوَانِكُمْ مِنَ الْجِنِّ (જિન્નાતોનો ખોરાક છે)નો ઉલ્લેખ નથી કર્યો. રુવૈફિઅ બિન ષાબિત[૨] رضی اللہ عنہથી રિવાયત છે, ફર્માવે છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ મને ફર્માવ્યું, હે રુવૈફિઅ ! કદાચ મારા બાદ તમારી જિંદગી લાંબી થશે[૩] તો લોકોને ખબર આપી દેજો કે જે પોતાની દાઢીમાં ગાંઠ લગાડે અથવા વાળોને દોરાથી ગાંઠ બાંધે[૪], કોઈ જાનવરના છાણ (ગોબરુ) અથવા હાડકા વડે ઈસ્તિન્જો કરે તો હુઝૂરે અન્વર મુહમ્મદ મુસ્તફા صلی اللہ علیہ وسلم એનાથી બેઝાર (બેપરવા) છે[૫]. *(અબૂ દાઊદ)*

હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી રિવાયત છે ફર્માવે છે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું કે જે સુરમો લગાડે તે એકી સંખ્યામાં લગાડે[૫] એવું કરે તો સારું છે ન કરે તો ગુનોહ નથી. અને જે ઈસ્તિન્જો કરે તો એકી સંખ્યામાં કરે[૬], જો કરે તો સારું અને ન કરે તો ગુનોહ નથી[૭]. અને જે ખાય તે જો ખિલાલથી કાઢે તો થૂકી દે અને જો જીભ વડે કાઢે તો ગળી જાય[૮]. જો કરે તો સારું છે અને જો ન કરે તો ગુનોહ નથી[૯]. અને જો જાજરૂ જાય તો આડ કરે, જો આડ ન મળે અથવા એ સિવાય કે રેતીનો ઢગલો ભેગો કરે તો એ ઢગલા તરફ પીઠ કરે[૧૦] કેમ કે શૈતાન લોકોના મળદ્વાર સાથે રમત કરે છે. જો આવું કરે તો સારું છે જો ન કરે તો ગુનોહ નથી[૧૧]. *(અબૂ દાઊદ, ઈબ્ને માજહ, દારમી)*

## -:: સ....મ....જૂ....તી.... ::-

**૧.** હાડકાં જિન્નાતનો ખોરાક છે અને છાણ એમનાં જાનવરોનો ખોરાક છે. એટલા માટે હુઝૂરે અક્દસ صلی اللہ علیہ وسلمએ એકવચન દર્શાવ્યું. આ ઝમીર હાડકાં તરફ વળે છે. યાદ રાખશો કે જ્યારે મોમિન જિન્નાતના જાનવરોના ખોરાકનો આ એહતેરામ છે તો આપણા જાનવરોના ખોરાકનો પણ જરૂર એહતેરામ થશે. ભાઈ ફર્માવવાથી જાણ થાય છે કે મુસલમાન જિન મુરાદ છે. હદીષ શરીફમાં છે કે જ્યારે જિન્નાત ગોબર (છાણ)માં મોં લગાડે છે તો એમાં દાણા પામે છે જેનાથી એ ગોબર બન્યું.

**૨.** આપ અન્સારી છે. અમીર મુઆવિયહના જમાનામાં તરાબુલ્સના હાકિમ રહ્યા. આફ્રિકા પર હિ.સ. ૪૭માં જેહાદ કર્યો. હિ.સ. ૫૦માં શામમાં વફાત પામ્યા. મશ્હૂર સહાબી છે.

**૩.** જાણવા મળ્યું કે નબી صلی اللہ علیہ وسلم લોકોના મૃત્યુ તથા જીવનથી બાખબર છે. હુઝૂર صلی اللہ علیہ وسلمએ જંગે બદરથી એક દિવસ અગાઉ મેદાનમાં રેખાઓ ખેંચીને ફર્માવ્યું કે કાલે અહીં ફલાણો કાફિર માર્યો જશે અને અહીં ફલાણો. જાણવા મળ્યું કે મૃત્યુના સમય અને મૃત્યુની જગાથી માહિતગાર છે.

**૪.** અરબના જાહિલો જંગના મેદાનમાં બહાદુરી દેખાડવા માટે દાઢીમાં ગાંઠ મારતા, જેમ કે આજથી અમુક સમય પહેલાં લોકો લાંબી મૂછોમાં ગાંઠ માર્યા કરતા હતા. અમુકે ફર્માવ્યું, અરબવાસીઓ જેમની એક પત્ની હોતી તે દાઢીમાં એક ગાંઠ લગાડતા અને

બે પત્નીઓવાળો બે ગાંઠો મારતો, એનાથી મના કરી દેવામાં આવ્યું, કેમ કે દાઢીમાં કાંસકી કરવું સુન્નત છે. તેમજ બદ નઝરથી બચવા માટે ઘોડા તથા બાળકોના ગળામાં વાળ અથવા મૂર્તિઓના નામના દમ કરેલા દોરા બાંધતા હતા એ મના છે. યાદ રાખશો કે કુર્આની આયતો અને અલ્લાહના નામોનાં તાવીઝ બાંધવાં પણ જાઈઝ છે અને ધાગા પણ, જેવું કે ઈન્શાઅલ્લાહ બાબુલ ઈસ્તેઆઝામાં તેહક઼ીક઼ કરવામાં આવશે. સહાબાએ કિરામે આ અમલ કર્યા છે જેથી આ હદીષથી એ તાવીઝ દોરાને મના નથી કરી શકતા. ગંગાના પાણીની તાઝીમ કરવી અને તાઝીમની રીતે એને પીવું કુફ્ર છે. આબે ઝમઝમની તાઝીમ ઈમાનનો સ્તંભ છે, તે પાણી તાઝીમની રીતે ઉભા રહીને પીવું જોઈએ કેમ કે એ એક પયગંબરના ક઼દમનો ફયઝ છે. સારાંશ કે મૂર્તિઓના હુકમો બુઝુર્ગો પર લાગુ પાડવા મહાન બેદીની છે.

**૫.** એટલે કે આ કામથી નફરત ધરાવે છે અને કરનારાથી નારાજ છે. અહીં એવું નથી ફર્માવવામાં આવ્યું કે હું બેઝાર છું બલ્કે ફર્માવવામાં આવ્યું કે હુઝૂર મુહમ્મદ મુસ્તફા ﷺ બેઝાર છે, જેથી ભાળ મળે કે હુઝૂર ﷺ છે મુહમ્મદ દરેક રીતે હમ્દ (પ્રશંસા)ને પાત્ર જેનાથી એ નારાઝ છે તે દરેક રીતે બુરુ જ હશે. એનાથી જાણવા મળ્યું કે ક્યારેક ગુનાહે સગીરા પણ હુઝૂર ﷺની નારાઝગીનો સબબ બની જાય છે, કેમ કે આ વર્ણવેલ ત્રણેવ કામ ગુનાહે સગીરા છે. એ પણ જાણવા મળ્યું કે જાહિલયતવાળાં કામોથી મુસલમાનોએ દૂર રહેવું જોઈએ.

**૬.** દરેક આંખમાં ત્રણ સળીઓ, એ રીતે કે પ્રથમ જમણી આંખમાં ત્રણ. અમુક લોકો એવું કરે છે કે પ્રથમ જમણી આંખમાં બે વાર પછી ડાબી આંખમાં ત્રણવાર અને પછી જમણીમાં એક, જેથી જમણીથી શરૂ કરી જમણી પર અંત થાય, એમાં પણ વાંધો નથી. નબી કરીમ ﷺ રાતે સૂતી વખતે ત્રણ ત્રણ સળીઓ લગાડયા કરતા હતા. એના પર પાબંદી કરનાર ઈન્શાઅલ્લાહ ! આંધળો થશે નહીં.

**૭.** એટલે કે આ હુકમ વાજિબ હોવાના માટે નથી બલ્કે મુસ્તહબ હોવાના માટે છે. એનાથી માલૂમ પડયું કે મુત્લક઼ (બિનશર્તી) હુકમ વાજિબ હોવાના માટે હોય છે, નહીં તો હુઝૂરને આ હુકમ બાદ આ ફર્માનની જરૂરત ન પડત.

**૮.** એટલે કે મોટા ઈસ્તિન્જા (જાજરૂ બાદ સફાઈ)ના માટે ત્રણ અથવા પાંચ અથવા સાત જરૂરત પ્રમાણેનાં ઢેલાં લે, જો ચાર કે છ લીધાં તો પણ વાંધો નથી, કેમ કે મૂળ હેતુ સફાઈનો છે. યાદ રાખશો કે સુરમાની ત્રણ જ સળીઓ લગાડે, પાંચ કે સાત નહીં, કેમ કે એ જ સુન્નત છે.

**૯.** કેમ કે ખિલાલ વડે કાઢેલામાં લોહી મિક્સ થવા સંભાવના છે, જેથી સાવચેતી પૂરતુ ન ખાય અને જીભ વડે કાઢેલમાં એ સંભાવના નથી જેથી ત્યાં આ સાવધાનીની જરૂરત નથી.

**૧૦.** આ એ સંજોગોમાં છે કે લોહીથી મિક્સ થવાની કેવળ સંભાવના હોય, યક઼ીન ન હોય. જો યક઼ીન હોય તો ગળી જવું હરામ છે કેમ કે વહેતુ લોહી હરામ પણ છે અને નાપાક પણ છે ભલે બીજાનુ હોય. એનાથી જાણવા મળ્યું કે વહેતુ લોહી શરીરમાં દાખલ કરવું નાજાઈઝ છે, જેમ કે પેશાબ કે મળ દાખલ કરવું, કે એ સૌ નાપાક છે.

**૧૧.** લોકોની સામે તો આડશ કરવી ફર્ઝ છે અને એકાંતમાં આડ કરવી મુસ્તહબ છે. કેમ કે એ હયાનું એક પાસુ છે એટલા માટે એકાંતમાં પણ નગ્ન રહેવું મના છે. ઢગલા તરફ પીઠ કરવી એટલા માટે છે કે આગળ તો કપડા વગેરેથી પણ આડ કરી શકાય છે, નહીં તો બંને બાજુઓ સતરને પાત્ર છે.


## નિકાહ રજીસ્ટર ૩ કોપીમાં

અમારે ત્યાં સુંદર છપાઈ સફેદ પેપર પર ૩ કોપીમાં, ૧ રજીસ્ટરમાં ૫૦ નિકાહ નોંધાય તેવું રજીસ્ટર મળશે. કિંમત **રૂા. ૨૫૦/–** (ટપાલ ખર્ચ ૨૦/– રૂા.) પણ જેમને જોઈતુ હોય તેઓ કાઝી પોતાના કે સંસ્થાના લેટર પેડ પર લખાણ આપે કે અમને કે સંસ્થાને નિકાહ રજીસ્ટરની જરૂર છે. સાથે એડ્રેસ, ફોન નં. સંપૂર્ણ વિગત લખે તો જ રજીસ્ટર મોકલવામાં આવશે. સંપર્ક કરો : અંજુમને રઝાએ મુસ્તફા, મુા.પો. દયાદરા–૩૯૨૦૨૦ તા. જિ. ભરૂચ, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

**દલીલુલ આરિફીન**



# હશ્ત બહિશ્ત

## મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત

રહમતુલ્લાહિ તઆલા અલૈહિમ અજમઈન

અનુવાદક : **પટેલ શબ્બીર અલી રઝવી** –*તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**(મજલિસ : ૧૦)**

*(**દલીલુલ આરિફીન** : મલ્ફૂઝાતે ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ)*

(**સંપાદક** : હઝરત કુત્બુદ્દીન બખ્તિયારકાકી رحمۃ اللہ علیہ)

### ★ સોહબતની અસર ★

જુમેરાતના દિવસે કદમબોસીની દૌલત નસીબ થઈ, ઘણા બુઝુર્ગો તથા સુલૂકવાળા હાજર હતા અને વાત નેક સોહબતના બારામાં થઈ રહી હતી. આપે ઝબાન મુબારકથી ફર્માવ્યું કે હદીષમાં આવ્યું છે કે "સોહબતની અસર ચોક્કસ થાય છે." જો કોઈ બુરો શખ્સ નેકોની સોહબતમાં બેસે તો ઉમ્મીદ કે નેક થઈ જાય, અને નેક બુરાની સોબતમાં બુરો થઈ જશે. કેમ કે જે કોઈએ કાંઈક હાંસલ કર્યું તે સોહબતથી હાંસલ કર્યું, અને જે નેઅમત હાંસલ થઈ તે નેકોથી હાંસલ થઈ.

પછી ફર્માવ્યું કે જો કોઈ બુરો શખ્સ અમુક સમય નેકોની સોહબતમાં રહે તો જરૂર એમની સોહબતની અસર એમાં થઈ જશે. અને તે નેક બની જશે. અને જો નેક શખ્સ બુરાઓની સોહબતમાં બેસે તો તેમની સોહબતની અસર તેનો બુરો કરી દેશે.

પછી એ જ મોકાસર ફર્માવ્યું કે સુલૂકમાં આવ્યું છે કે, "નેકોની સોહબત નેક કામથી બેહતર છે અને બુરાઓની બુરા કામથી બુરી છે."

પછી ફર્માવ્યું કે જ્યારે હઝરત ઉમર رضی اللہ عنہને ખિલાફત મળી તો એ વખતે ઈરાકનો બાદશાહ લડાઈમાં ગિરફતાર થઈને આપની પાસે આવ્યો. આપે ફર્માવ્યું કે જો તું મુસલમાન થઈ જઈશ તો તને ઈરાકનો બાદશાહ કરી દેવામાં આવશે. તેણે ઈન્કાર કર્યો પછી ફર્માવ્યું, ક્યાં તો ઈસ્લામ સ્વીકાર, નહીં તો કત્લ કરી દેવામાં આવશે ! તેણે છતાંય ઈન્કાર કર્યો. ફર્માવ્યું, તલ્વાર લાવો ! તે બાદશાહ ઘણો જ ચતુર હતો, જ્યારે આ હાલત જોઈ તો આપને સંબોધીને કહ્યું, હું તરસ્યો છું મને પાણી પીવડાવો ! હુકમ આપ્યો કે એને કાચના વાસણમાં પાણી આપો. તેણે કહ્યું, હું એ વાસણથી નથી પીવા ચાહતો ! ફર્માવ્યું, બાદશાહ છે એટલે સોના ચાંદીનું વાસણ લાવો ! તેણે કહ્યું, હું માટીના વાસણમાં પાણી પીશ. જ્યારે પાણી મંગાવીને તેને આપવામાં આવ્યું તો કહ્યું કે મારાથી વાયદો કરો કે જ્યાં સુધી તું આ પાણી પીશ નહીં ત્યાં સુધી હું તને કત્લ કરીશ નહીં. આપે ફર્માવ્યું, સારું ! મેં સ્વીકાર કર્યો કે તું જ્યાં સુધી આ પાણી નહીં પીએ ત્યાં સુધી તને કત્લ કરીશ નહીં. બાદશાહે તરત જ કૂજો જમીન પર પટકયો જેથી કૂજો તૂટી ગયો અને પાણી ઢોળાઈ ગયું, પછી તેણે કહ્યું, આપે મારાથી વાયદો કર્યો છે કે જ્યાં સુધી આ પાણી પીશ નહીં ત્યાં સુધી મારવામાં નહીં આવું ! આપ એના શાણપણ પર આશ્ચર્ય પામ્યા અને ફર્માવ્યું, તને માફ કર્યો. પછી તેને એક સાલેહ તથા ઝાહિદ શખ્સને સુપરત કર્યો. જ્યારે અમુક સમય તે સાલેહ શખ્સની સોહબતમાં રહ્યો તો તેમની સોહબતે તેનામાં અસર કરી. તેણે આપના તરફ પયગામ મોકલ્યો કે તે ઈસ્લામ સ્વીકારવા ચાહે છે. જ્યારે ઈસ્લામ કબૂલ કર્યો તો હઝરત ઉમર رضی اللہ عنہએ ફર્માવ્યું કે હવે અમે ઈરાકની હુકૂમત તને આપી. જવાબ આપ્યો કે મને

રાજપાટ ન જોઈએ બલ્કે ઈરાક઼ દેશનું કોઈ વેરાન ગામ આપો જે મારી રોજી માટે પૂરતુ હોય. આપે મંજૂર કરીને પોતાના માણસોને ઈરાક મોકલ્યા. છેવટે ખૂબ જ તપાસ છતાં કોઈ વેરાન ગામ ન મળ્યું. જ્યારે એ બાદશાહને કહેવામાં આવ્યું તો તેણે કહ્યું કે મારો આનાથી હેતુ એ છે કે, "મેં ઈરાક઼ દેશ એ હાલતમાં આપ્યો છે કે જ્યાં એક ગામડુ પણ વેરાન નથી ! જો અત્યાર પછી કોઈ ગામ વેરાન થશે તો એનો જવાબ ક઼યામતના દિવસે અલ્લાહ સમક્ષ તમારે આપવો પડશે, ન કે મારે !" પછી ખ્વાજા સાહબે અશ્રુમય આંખે ફર્માવ્યું કે તે બાદશાહ કેટલો બુદ્ધિશાળી તથા શાણો હતો !

### ★ અલ્લાહનો ડર ★

પછી ફર્માવ્યું, મેં શયખ ઉષ્માન હારૂની رحمۃ اللہ علیہની ઝબાની સાંભળ્યું છે કે લોકો એ વખતે ઈસ્મે ફક્રના પાત્ર કરે છે જ્યારે એમની ડાબી બાજુનો ફરિશ્તો આઠ વરસ સુધી કાંઈ ન લખે.

પછી ફર્માવ્યું કે અલ્લાહ તઆલાના આરિફ એવા પણ હોય છે કે અલ્લાહ તઆલાથી કાંઈ નથી લેતા. પછી ફર્માવ્યું, એક દિવસ મેં ખ્વાજા જુનૈદ બગદાદી رحمۃ اللہ علیہની ઝબાની સાંભળ્યું કે તરીક઼ત મહોબ્બતના પીરથી પૂછવામાં આવ્યું કે મહોબ્બતનું ફળ શું છે ? ફર્માવ્યું, મહોબ્બતનું ફળ એ છે કે હક્ક઼ તઆલાથી સરૂર તથા ઈશ્તિયાક઼ એટલા પ્રમાણમાં જાહેર થાય કે જેટલો એને પોતે રાખી શકે, પરંતુ જેને ખૂદ અલ્લાહ તઆલા દોસ્ત રાખે છે તે જન્નતમાં તેની મુલાકાતનો ખ્વાહિશમંદ થાય છે.

પછી ખ્વાજા મુઈનુદ્દીન ચિશ્તી رحمۃ اللہ علیہએ ઝબાન મુબારકથી ફર્માવ્યું કે અહલે મહબ્બત અને અહલે સુલૂક એ વાતમાં મલતા જુલતા છે કે બંનેવ આજ્ઞાંકિત હોય છે એ ડરના માર્યા કે ક્યાંક દૂર ન કરી દેવામાં આવે.

પછી ફર્માવ્યું કે મેં કિતાબે મહબ્બતમાં મારા ઉસ્તાદ મૌલાના શરફુદ્દીન જે ઈસ્લામી શરીઅતના વિદ્વાન હતા તેમના હાથનું લખાણ જોયું કે એકવાર ખ્વાજા શિબ્લી رحمۃ اللہ علیہથી પૂછવામાં આવ્યું કે આટલા પ્રમાણમાં આજ્ઞાંક્તિપણા તથા ઈબાદતના કરવા છતાંય જે તમે કરો છો અને અગાઉ કરી ચૂક્યા છો, આટલા પ્રમાણમાં શા માટે ડરો છો ? ફર્માવ્યું, બે ચીજોના ડરથી, પ્રથમ એ કે ક્યાંક એવું ન કહી આપે કે તું મારા લાયક નથી ! અને મને પોતાના દરબારથી દૂર કરી આપે ! બીજુ એ કે જો મૌતના સમયે ઈમાન સલામત લઈ જઈશ તો સમજીશ કે મેં કાંઈક કામ કર્યું છે, નહીં તો સમજીશ કે સર્વ અમલો તથા આજ્ઞાપાલનોને બર્બાદ કર્યા.

ત્યારબાદ ફર્માવ્યું કે એકવાર ખ્વાજા શિબ્લી رحمۃ اللہ علیہને એક શખ્સે મહોબ્બતના બારામાં સવાલ કર્યો કે બદ્‌બખ્તીની નિશાની શું છે ? ફર્માવ્યું કે નાફર્માની કરે અને ક઼બૂલિયતની ઉમ્મીદ રાખે. પછી પૂછયું, આરિફોમાં અસલી વાત કઈ હોય છે ? ફર્માવ્યું, હમેશાં ખામોશ રહેવું અને ગમ તથા ચિંતામાં રહેવું, કેમ કે એનાથી આરિફોની ફઝીલત હોય છે.

પછી ફર્માવ્યું, દુનિયામાં સૌથી અઝીઝ ત્રણ ચીજો છે : પ્રથમ આલિમ જે પોતાના ઈલ્મથી વાત કરે, બીજો લાલચ વિનાનો શખ્સ, ત્રીજો તે આરિફ જે દોસ્તની સિફત કરે.

### ★ સાચો સૂફી તથા આરિફ કોણ ? ★

પછી ફર્માવ્યું કે એકવાર ખ્વાજા ઝુન્નૂન મિસ્રી رحمۃ اللہ علیہ કકરી મસ્જિદમાં તરીક઼તવાળાઓ સાથે બેઠા હતા અને વાત મહોબ્બતના બારામાં થઈ રહી હતી. એક સૂફીએ સવાલ કર્યો કે સૂફી તથા આરિફ કોને કહે છે ? ખ્વાજા ઝુન્નૂને ફર્માવ્યું કે સૂફી તથા આરિફ તે છે જેમના દિલો બશરિયતની ખરાબીથી મુક્ત હોય અને દુનિયા તથા દુનિયાની મહોબ્બતથી સાફ હોય. જ્યારે એમનામાં આ ગુણો જોવામાં આવશે તો તે ઉચ્ચ દરજ્જો પામશે અને તમામ મખ્લૂક઼ાતથી ચહીતા કહેવાશે અને ગૈર દોસ્તથી દૂર ભાગશે, પછી તે માલિક બની જશે ન કે મખ્લૂક઼.

પછી ફર્માવ્યું કે આરિફ દુનિયાનો દુશ્મન હોય છે અને મૌલાનો દોસ્ત, કેમ કે દુનિયાથી બેઝાર હોય છે

અને દુનિયાના હંગામાઓ તથા હસદ વગેરેની એને ખબર નથી હોતી.

ત્યારબાદ પૂછયું કે આરિફ શા માટે અધિક રડતા રહે છે ? ફર્માવ્યું, હા ! તે સમય સુધી રડતા રહે છે જ્યાં સુધી રાહમાં હોય છે પરંતું જ્યારે કુર્બની હકીકત સુધી પહોંચી જાય છે અને તેને વિસાલ હાંસલ થઈ જાય છે ત્યારે રડવાનુ મુલ્તવી થઈ જાય છે. પછી ફર્માવ્યું, અલ્લાહ તઆલાના એવા પણ આશિક છે જેમને અલ્લાહ તઆલાની દોસ્તીએ ખામોશ કરી રાખ્યા છે કે તેમને આલમે મૌજૂદાતની કોઈ ચીજની ખબર નથી.

ત્યારબાદ ફર્માવ્યું કે જેના દિલમાં અલ્લાહ તઆલાની દોસ્તી જામી જાય છે તેના માટે વાજિબ છે કે બંને જહાનની ખબર રાખે, જો એવું ન કરે તો તે આશિકે સાદિક નથી.

એકવાર દાઊદ તાઈ رحمۃ اللہ علیہને જોયા કે આંખો બંધ કરીને ઝુપડાની બહાર આવ્યા. એક દરવેશ ખિદમતમાં હાજર હતો તેણે પૂછયું કે આનું શું કારણ છે ? ફર્માવ્યું, પીસ્તાળીસ વરસોથી મેં આંખો બંધ કરેલી છે કે જેથી અલ્લાહ તઆલા સિવાય કોઈને ન જોઉં, એટલા માટે કે એ મહોબ્બત નથી કે દોસ્તી તો અલ્લાહ તઆલા સાથે કરું અને જોઉં ગૈરની તરફ !

ત્યારબાદ ફર્માવ્યું કે એક બુઝુર્ગથી મેં સાંભળ્યું છે કે કયામતના દિવસે અલ્લાહ તઆલા ફર્માવશે કે અવલિયાના અમલોનું નિરિક્ષણ કરો વિલાયતથી બહાર થવાનો સબબ એ છે કે એણે કોઈ પસંદગીમાં ગૈરની મરજીને દખલ આપી. જો કે અવલિયા તે છે જેમને કોઈ કામમાં એના સિવાય ચૈન નથી મળતું.

ત્યારબાદ ફર્માવ્યું કે ખ્વાજા અબૂ સઈદ અબુલ ખૈર ફર્માવ્યા કરતા હતા કે જ્યારે અલ્લાહ તઆલા કોઈ બંદાને પોતાનો દોસ્ત બનાવવા ચાહે છે તો પોતાની મહોબ્બત એના પર ગાલિબ કરે છે. બીજીવાર માણસની જ્યારે એ હાલત થાય છે તો દોસ્ત તેને ફર્દાનિયતના કિલ્લામાં લાવે છે જેથી સલામત રહે.

પછી ફર્માવ્યું કે જ્યારે આરિફ અલ્લાહ તઆલા તરફ રુજૂઅ કરે છે અને તેનાથી સંબંધ થઈ જાય છે તો કુર્બની મંઝિલમાં સાકિન થઈ જાય છે. ત્યારબાદ જ્યારે એને પૂછવામાં આવે છે કે તું ક્યાં હતો અને શું ઈચ્છે છે ? તો એ એના સિવાય કોઈ જવાબ નથી આપતો કે અલ્લાહ તઆલાની સાથે.

એ જ મોકાસર ફર્માવ્યું કે જો اَفَمَنۡ شَرَحَ اللّٰهُ صَدۡرَهٗ ની બાબતે પૂછવામાં આવે કે શું છે ? તો કહેવું જોઈએ કે જ્યારે આરિફની નિગાહ આલમે વહદાનિયત અને જલાલે રબૂબિયત પર પડે છે તો અંધ થઈ જાય છે કે જેથી ગૈરની તરફ ન જોઈ શકે.

પછી ફર્માવ્યું કે એકવાર હું બુખારામાં મુસાફરના રૂપે હતો ત્યાં એક શખ્સને જોયો જે હદ ઉપરાંત યાદે ઈલાહીમાં મશગૂલ હતો. મેં પૂછયું, ક્યારથી નાબીના બન્યા છો ? ફર્માવ્યું, જ્યારે મારું કામ કમાલિયત પર પહોંચી ગયું અને વહદાનિયત તથા જલાલ તથા અઝમત પર નજર પડવી શરૂ થઈ તો એક દિવસ બેઠાં બેઠાં મારી નિગાહ એક ગૈર પર જઈને પડી. ગયબથી અવાજ આવ્યો, હે દાવેદાર ! દાવો તો તું મારી મહોબ્બતનો કરે અને જુએ ગૈરની તરફ ?! જ્યારે આ અવાજ સાંભળ્યો તો એવો શર્મિંદો થયો કે વાત થઈ શકતી ન હતી. બારગાહે ઈલાહીમાં દુઆ કરી કે જે આંખ દોસ્તના સિવાય કોઈ ગૈરને જુએ તે આંધળી થઈ જાય ! હજી આ વાત સારી રીતે કહેવા ન પામ્યો હતો એવામાં બંને આંખોથી આંધળો થઈ ગયો.

પછી ફર્માવ્યું કે જ્યારે અલ્લાહ તઆલાએ આદમ علیہ السلامને પેદા કર્યા અને ફર્માવ્યું કે નમાઝ અદા કરે એટલે કયામ કરે. દિલ સોહબતમાં લાગ્યું અને જાને કુર્બની મંઝિલમાં ઈકરામ કર્યો અને સર વસ્લને પહોંચ્યું, માણસને પેદા કરવામાં આ જ મસ્લેહત હતી.

પછી ફર્માવ્યું કે એક બુઝુર્ગ સાહિબે તરીકત જ્યારે

સર સજદામાં રાખે છે તો આ પ્રમાણે દુઆ કરે છે કે ક઼યામતના દિવસે મને આંધળો ઉઠાડજે. સબબ પૂછવામાં આવ્યો તો કહ્યું કે જે શખ્સ દોસ્તને જુએ છે તેના માટે યોગ્ય નથી કે ક઼યામતના દિવસે ગૈરને જુએ.

ત્યારબાદ દરવેશીના બારામાં ચર્ચા શરૂ થઈ. ફર્માવ્યું કે દરવેશી એ વાતનું નામ છે કે જે આવે તેને મહેરૂમ ન કરવામાં આવે. જો ભૂખ્યો આવે તો ખાણુ ખવડાવવામાં આવે, જો નગ્ન આવે તો ઉમદા કપડાં પહેરાવવામાં આવે. સારાંશ કે તેને ખાલી ન જવા દેવો જોઈએ. તેનો હાલ પૂછીને તેના દિલને જરૂર ખુશ કરવું જોઈએ.

ત્યારબાદ ફર્માવ્યું કે એકવાર શયખ ઉષ્માન હારૂની رحمۃ اللہ علیہ અને એક દરવેશ સફર કરી રહ્યા હતા. અમે શયખ બહાઉદ્દીન બખ્તિયાર અવશીને હદ ઉપરાંત બુઝુર્ગ મર્દ જોયા. આપની ખાનક઼ાહમાં એ દસ્તૂર હતો કે જે આવતો તે ખાલી ન જતો. જો નગ્ન હોતો તો ઉમદા કપડાં તેને આપવામાં આવતાં. હજી આપી ચૂક્યા ન હોય એટલામાં ગયબથી એવાં જ અધિક આવી જતાં. સારાંશ કે થોડાક દિવસ આપની ખિદમતમાં પસાર કર્યા. આપની પ્રથમ નસીહત એ હતી કે જે કાંઈ મળે એને રાહે ખુદામાં ખર્ચવું જોઈએ કે એક પૈસો પણ પોતાની પાસે ન રાખવો જોઈએ જેથી અલ્લાહ તઆલાની દોસ્તી હાંસલ થાય.

પછી ફર્માવ્યું, હે દરવેશ ! જેને નેઅમત હાંસલ થઈ એ તેનાથી જ થઈ. પછી એક હિકાયત વર્ણવી કે એક દરવેશ ઘણો જ ફક઼ીર હતો. પરંતુ તેની આદત એ હતી કે જો કોઈ ચીજ તોહફારૂપે આવી જતી તો તેને દરવેશોમાં વહેંચી આપતા અને ખૂદ ઘરમાં ગુજારો કરતા. જેમ કે એક મર્દ દુરવેશ સાહિબે વિલાયત એની પાસે આવ્યા અને એની પાસે પાણી માગ્યું. દરવેશ અંદરથી જવની બે રોટીઓ અને પાણીનો કૂજો લઈને આવ્યા કેમ કે એ ભૂખ્યા હતા. રોટી ખાઈને પાણી પી લીધું અને એકબીજા તરફ જોઈને આપસમાં કહેવા લાગ્યા કે દરવેશે તો પોતાનું કામ કર્યું છે આપણે પણ આપણુ કામ કરવું જોઈએ. એકે કહ્યું કે એને દુનિયા આપવી જોઈએ. બીજાએ કહ્યું કે એ દુનિયાના સબબે ગુમરાહીમાં પડી જશે. જવાબ આપ્યો કે દરવેશ બખ્શનારા હોય છે. દુનિયા આખેરતના બદલામાં આપી દીધી દુઆ કરીને ચાલ્યા ગયા. પછી તે દરવેશ એવો કામિલ હાલ થયો કે દરરોજ તેના રસોડામાં હજાર મણ ખાવા મૌજૂદ હોતું જે ખુદાની મખ્લૂક઼ને ખવડાવતો.

## બાદશાહી મસ્જિદ ખાતે સંદલ શરીફ

સલામ બાદ જણાવવાનું કે ભરૂચ શહેરની મશહૂર બાદશાહી મસ્જિદ જે ફુરજા રોડ ચાર રસ્તા પર આવેલી છે. તેમાં આરામ ફર્મા હઝરત સૈયદ શયખ સાલાર સાલેહ رحمۃ اللہ علیہનું સંદલ શરીફ રબીઉલ આખર ચાંદ ૨૧, તા. ૨૨–૨–૨૦૧૪ બરોજ શનિવાર બાદ નમાઝે અસર ચઢાવવામાં આવ્યું. જેમાં અસરની નમાઝ બાદ કુર્આનખ્વાની બાદ મઝાર શરીફ પર સંદલ શરીફ અને ચાદરપોશી બાદ સલાતો સલામ તથા દુઆએ ખૈર કરવામાં આવી. તા. ૨૩–૨–૨૦૧૪ ચાંદ ૨૨ રબીઉલ આખર ઉર્સના મૌક઼ા પર બાદ નમાઝે ઈશા બાદશાહી મસ્જિદની બહાર ચોકમાં નઅતખ્વાનીનો શાનદાર પ્રોગામ રાખવામાં આવ્યો. જેમાં ષનાખાને રસૂલ હાફિઝ વ ક઼ારી મક઼સૂદ સાહબ (દયાદરા)એ નઅતે રસૂલ ﷺ અને મનક઼બતો પઢી મહેફિલને પૂરનૂર કરી હતી. આ પ્રોગ્રામમાં મોટી સંખ્યામાં સુન્ની બિરાદરોએ હાજરી આપી સવાબે દૌરન હાંસલ કર્યું. *–લિ. શેખ મુહમ્મદ નક઼ીબ, બાદશાહી મસ્જિદ–ભરૂચ*

**ભરૂચ** : નેશનલપાર્ક ખાતે તા. ૧૭–૨–૨૦૧૪ સોમવારના રોજ "જશ્ને ગૌષે આ'ઝમ" મનાવાયો જેમાં હઝરત મૌલાના સૈયદ અમીનઅલી ક઼ાદરી (નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી–માલેગાંવ) સાહબે શાનદાર બયાન ગૌષે પાક رضی اللہ عنہની શાનમાં કર્યું તેની સાથે તસવ્વુરે આખેરત પર બોધદાયક બયાન કર્યું હતું.

# હરેક મુસ્લિમે જાણવો જરૂરી હુકમ

# કાનૂને શરીઅત

**લેખક : અલ્લામા શમ્સુદીન જોનપૂરી** رحمۃ اللہ علیہ
**અનુવાદક : જનાબ હાફેઝ મૂસા ઝંઘારવી**

## રોઝા

રોઝા પણ નમાઝની જેમ **ફર્ઝે અયન** છે. એના ફર્ઝ હોવાનો **નકાર કરનાર કાફિર** છે, ખાસ નક્કર શરઈ બહાના વિના **છોડનાર સખત ગુનેહગાર** અને **જહન્નમની સજાને પાત્ર** ગણાશે.

જે બાળકો રોઝા રાખી શકતા હોય તેમને રખાવવામાં આવે અને તાકાતવાન છોકરા છોકરીઓને મારીને પણ રખાવવા જોઈએ. (યાદ રહે કે રોઝા અને નમાઝમાં મારવાનો જે હુકમ છે તે બે ત્રણ થપ્પડો છે લાકડી કે દંડાથી મારવામાં ન આવે. *(દુર્રે મુખ્તાર) –લેખક*

એક મહિનો પૂરો રમઝાનના રોઝા રાખવા ફર્ઝ છે. શરીઅતમાં રોઝો તેને કહેવામાં આવે છે કે "અલ્લાહની ઈબાદતની નિય્યતથી સુબ્હ સાદિક્થી લઈ સૂરજ આથમ્યા સુધી પોતાની જાતને ખાવા પીવા અને સંભોગથી રોકવું." રોઝા માટે સ્ત્રીએ હૈઝ અને નિફાસથી પાક હોવું જરૂરી છે. હૈઝ અને નિફાસની હાલતમાં રોઝો થશે નહીં. હૈઝ અને નિફાસવાળી સ્ત્રી ઉપર ફર્ઝ છે કે પાક થયા પછી તે રોઝાઓ કઝા રાખવા. નાબાલિગ ઉપર રોઝા ફર્ઝ નથી. પાગલ–ગાંડા ઉપર રોઝા ફર્ઝ નથી. જ્યારે કે આખોય રમઝાનનો મહિનો તેના ઉપર ગાંડપણ રહ્યું હોય, જો કોઈક એકાદ દિવસ પણ એવા સમયે ગાંડપણ દૂર થયું કે તે સમય રોઝાની નિય્યતનો છે તો આખાય મહિનાના રોઝા કઝા કરવા તેના ઉપર ફર્ઝ છે.

દા.ત. રમઝાનની શરૂઆતમાં પાગલ–ગાંડો થઈ ગયો અને ૨૯મી તારીખના ઝવાલ સુધીમાં કોઈક પણ ટાઈમે ભાનમાં આવ્યો તો આખા રમઝાનના રોઝા કઝા કરવા જરૂરી થયા. (રદ્દુલ મુહતાર) (રમઝાનના રોઝાની નિય્યતનો વખત સુબ્હ સાદિક્થી લઈ ઝવાલની શરૂઆત પહેલાં સુધી છે.)

**મસ્અલો** : રમઝાનના મહિનામાં રખાતા રોઝા અને મન્નતના માનેલા રોઝા તેમજ નફ્લ અને સુન્નત રોઝા તેમજ મુસ્તહબ કે મકરૂહ રોઝાની નિય્યતનો સમય સૂરજ આથમ્યા પછીથી લઈને ઝવાલની શરૂઆત પહેલાં સુધી છે. એ સમયમાં નિય્યત કરી લેવામાં આવશે તો રોઝો થઈ જશે પરંતું રાત્રે જ નિય્યત કરી લેવી ઉત્તમ છે. આ ઉપર જણાવેલા છ રોઝા સિવાય કેટલાય રોઝા હોય તે જેમ કે રમઝાનની કઝાના રોઝા, નક્કી ન કર્યા હોય તેવી મન્નતના રોઝા, જનાયતના રોઝા, એટલે ભૂલ કે કુસૂરના બદલામાં રાખવા પડતા રોઝા, તમત્તુઅ હજના રોઝા આ બધાય રોઝાઓની નિય્યતનો સમય સૂર્યાસ્તથી લઈ સુબ્હસાદિક્ શરૂ થવા સુધી છે, એ પછી નહીં. અને એમાંથી જે પણ રોઝો રાખવામાં આવે તેની ખાસ નિય્યત પણ કરવામાં આવે. જેમ કે એમ નિય્યત કરવી કે, આવતી કાલે રમઝાનની ફલાણી તારીખનો કઝા થયેલો રોઝો હું રાખીશ કે આજે રાખું છું અથવા જે મેં એક દિવસ રોઝો રાખવાની મન્નત માની હતી તે કાલે રાખીશ અથવા હું રાખું છું. એ જ રીતે જે પ્રકારનો રોઝો રાખવો હોય તે નિય્યતમાં નક્કી કરવો. *(દુર્રે મુખ્તાર)*

**મસ્અલો** : રોઝાની નિય્યત ઝવાલ શરૂ થવા પહેલાં થઈ જવી જોઈએ. અને જો ખાસ તે જ વેળા કે જ્યારે સૂર્ય બરાબર મધ્યાન્હ્ (ઝવાલ) બરાબર બપોર)એ પહોંચ્યો તે વેળા કરી તો રોઝો થશે નહીં. *(દુર્રે મુખ્તાર, બહાર)*

**મસ્અલો** : જેવી રીતે બીજી ઈબાદતો માટે છે કે નિય્યત દિલમાં ઈરાદાનું નામ છે ઝબાનથી બોલવું નથી, એ જ રીતે રોઝામાં પણ એ જ મતલબ છે પરંતું ઝબાનથી બોલવું સારું છે. જો રાત્રે નિય્યત કરે તો આ પ્રમાણે બોલો કે અલ્લાહ તઆલા માટે આ રમઝાનનો ફર્ઝ રોઝો કાલે રાખીશ. "જો દિવસે કરે તો આમ કહે કે, રમઝાનનો ફર્ઝ રોઝો અલ્લાહ તઆલા વાસ્તે રાખવાની હું નિય્યત કરું છું." *(જૌહરા, બહાર)*

**મસ્અલો** : દિવસમાં નિય્યત કરે તો એવી નિય્યત જરૂરી છે કે હું સુબ્હ સાદિક઼થી રોઝદાર છું, અને જો એવી નિય્યત કરશે કે અત્યારથી છું સુબ્હ સાદિક઼થી નહીં, તો રોઝો ગણાશે નહીં. *(જૌહરા, રદ્દુલ મુહતાર, બહાર)*

**મસ્અલો** : ૩૦મી શાબાનના દિવસે એવો વહેમ હોય કે આજે ૩૦મી શાબાન છે કે પહેલી રમઝાન, તો તે દિવસે બિલકુલ સ્પષ્ટ રીતે નફ્લની નિય્યતથી રોઝો રાખી શકાય છે, પરંતું એ નિય્યતથી નહીં કે જો આજે રમઝાન સાબિત થશે તો રમઝાનનો રોઝો નહીં તો નફ્લ. આવી નિય્યતથી રાખવા મકરૂહે તહરીમી (હરામની નજીક) છે. હા ! જો એવી ૩૦મી તારીખ એના રોઝા રાખવાની આદતના દિવસોમાં આવે તો તેણે તે દિવસે રોઝો રાખવો શ્રેષ્ઠ છે. જેમ કે કોઈ માણસ દર જુમેરાતનો રોઝો રાખે છે અને જુમેરાતના ૩૦મી શાબાન આવી તો તે પોતાનો જુમેરાતનો નફ્લ રોઝો રાખે. *(દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહતાર વગેરે)*

**મસ્અલો** : શક (વહેમ)ના દિવસમાં ઝવાલની શરૂઆત સુધી રાહ જુએ જો તે સમય સુધીમાં ચાંદ દેખાયનું સાબિત થઈ જાય તો રમઝાનના રોઝાની નિય્યત કરી લેવી, નહીં તો ખાવું–પીવું. *(દુર્રે મુખ્તાર)*

**મસ્અલો** : શાબાનના છેલ્લા એક કે બે દિવસના રોઝા મકરૂહ છે અને ત્રણથી વધુ દિવસના મકરૂહ નથી.

**મસ્અલો** : ઈદના દિવસનો રોઝો મકરૂહે તહરીમી છે. એવી રીતે ઈદુદ્દોહાના દિવસનો રોઝો અને તે પછીની ૧૧, ૧૨, ૧૩ તારીખના રોઝા.

**મસ્અલો** : સુન્નત અને નફ્લ રોઝાઓનું એક જ રાખવું મકરૂહે તન્ઝીહી છે. જેમ કે દસમી મુહર્રમનો રોઝો સુન્નત છે પરંતું દસમીનો એકલો એક જ રાખવો મકરૂહ છે એની સાથે એક વધારાનો મેળવી ૯મી ૧૦મીના બે રાખવા કે દસમી અગ્યિારમીના બે રાખવામાં વાંધો નથી.

**મસ્અલો** : સ્ત્રીએ ધણીની રજા (પરવાનગી) વિના નફ્લ રોઝા રાખવા મકરૂહે તન્ઝીહી છે.

**મસ્અલો** : રોઝો રાખવાની મન્નત માની તો કામ થઈ જવાથી રોઝો રાખવો વાજિબ થઈ ગયો.

**મસ્અલો** : નફ્લ રોઝો રાખી તોડી નાખ્યો તો હવે તેને ક઼ઝા રાખવો વાજિબ છે.

## ચાંદ જોવાનું બયાન

રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, ચાંદ જોઈને રોઝા રાખવા શરૂ કરો અને ચાંદ જોઈને ઈદ કરો. જો વાદળ ને કારણે ચાંદ ન દેખાય તો શાબાનની ૩૦ની ગણત્રી પૂરી કરી લો. *(બુખારી, મુસ્લિમ)*

અને બીજી હદીષમાં ફર્માવ્યું છે, રોઝા (રમઝાનના) ન રાખો જ્યાં સુધી ચાંદ ન જોઈ લો, અને ઈદ ન કરો જ્યાં સુધી ચાંદ ન જોઈ લો અને જો વાદળ હોય તો મહિનાની ગત્રણી પૂરી કરી લો. (મહિનાના ત્રીસ દિવસ પૂરા કરો.) *(બુખારી, મુસ્લિમ)*

**મસ્અલો** : પાંચ મહિનાઓના ચાંદ જોવા વાજિબે કિફાયા છે. શાબાન, રમઝાન, શવ્વાલ, ઝિલકદ, ઝિલહજ્જ *(ફતાવા રઝવિયા)*

**મસ્અલો** : ૨૯મી શાબાનના સાંજે ચાંદ જોવા પ્રયત્ન કરો, દેખાય તો બીજે દિવસે રોઝા રાખો, નહીં તો શાબાનના ૩૦ દિવસ પૂરા કરી રમઝાનનો મહિનો શરૂ કરવો. *(હિદાયા, આલમગીરી, બહાર)*

**મસ્અલો** : **આકાશ સાફ ન હોવાની પરિસ્થિતિમાં એટલે કે વાદળાં, ધુમ્મસ, વગેરેને કારણે રમઝાન શરીફના ચાંદ દેખાવા બાબત એક મુસલમાન આકિલ, બાલિગ, મસ્તુર આદિલની ગવાહીથી પણ સાબિત થશે, પછી તે સ્ત્રી હોય કે પુરુષ.**

**રમઝાન સિવાય** બાકીના બીજા મહિનાઓના ચાંદ જોવાયા બાબત બે પુરુષો અથવા **એક પુરુષ અને બે સ્ત્રીઓ ગવાહી આપે** અને **તે બધાં આદિલ, નેક હોય, ફાસિક, ફાજિર, જૂઠા ન હોય.** વળી તેઓ ગવાહીમાં આ શબ્દો ઉચ્ચારે કે **"સાક્ષી (ગવાહી) આપું છું કે મેં પોતે જાતે ચાંદ જોયો"** ત્યારે ચાંદની સાબિતિ થએલી ગણાશે. *(દુર્રે મુખ્તાર, બહાર વગેરે)*

**આદિલ હોવાનો મતલબ** એ છે કે તે કબીરા ગુનાહ, અર્થાત મહાપાપથી બચતો હોય, નાના

ગુનાહની આદત ન હોય અને એવું કામ ન કરતો હોય જે મુરવ્વત શર્મ, હયાની વિરૂદ્ધ હોય. દા.ત. બજારમાં ચાલતાં ચાલતાં ખાવું વગેરે.

**મસ્તુર**નો મતલબ એ કે જાહેરી હાલત તેની શરીઅત મુજબ હોય બાતિનની ખબર નહીં. *(રદ્દુલ મુહતાર, દુર્રે મુખ્તાર, બહાર વગેરે)*

**મસ્અલો :** જે આદિલ માણસે રમઝાનનો ચાંદ જોયો તેના ઉપર વાજિબ છે કે તે તે જ રાતે તેની શહાદત (સાક્ષી–વગાહી) આપે.

**મસ્અલો :** ગામડામાં ચાંદ જોયો અને ત્યાં કોઈ શરઈ કાઝી કે હાકિમ નથી કે તેની પાસે જઈ ગવાહી આપી શકાય તો ગામવાળાઓને ભેગા કરી ગવાહી આપી દેવી અને એ **ગવાહી આપનાર આદિલ હોય તો** લોકો ઉપર રોઝો રાખવો જરૂરી છે.

**મસ્અલો :** જ્યારે વાદળ સાફ ન હોય તો ઈદના ચાંદની સાબિતિ બે આકિલ, બાલિગ, આદિલ પુરુષો અથવા એક પુરુષ અને બે સ્ત્રીઓની ગવાહીથી થશે. *(હિદાયા, દુર્રે મુખ્તાર વગેરે)*

**મસ્અલો : જો વાદળ સાફ હોય તો જ્યાં સુધી ઘણા લોકો ચાંદ જોયાની ગવાહી ન આપે ત્યાં સુધી ચાંદ થયાની સાબિતિ થશે નહીં. (ભલે પછી તે રમઝાનનો હોય કે ઈદનો કે બીજા કોઈ મહિનાનો).** રહી એ વાત કે એને માટે કેટલા માણસો જોઈએ તે કાઝી મુફતીના ઉપર આધાર રાખે છે. જેટલા માણસોની ગવાહીથી તેને ચાંદ થયાની ખાત્રી થઈ જાય તેટલાથી તે હુકમ આપી શકશે. પરંતું જો શહેરની બહારથી અથવા કોઈક ઊંચી જગ્યાએથી ચાંદ જોયાનું બયાન કરે તો તે એક મસ્તુર (જાહેરી શરીઅત મુજબ ચાલનાર) માણસની ગવાહીથી પણ ફક્ત રમઝાનનો ચાંદ માની લેવાશે. (હિદાયા, દુર્રે મુખ્તાર, બહાર). **હું કહું છું કે (લેખક) ચાંદ જોવામાં લોકોના આળસ અને બે પરવાઈની જે હાલત છે તે જોતાં તો વાદળ સાફ હોવાની પરિસ્થિતિમાં ઈદ સિવાય બીજા ચાંદોમાં પણ ઘણા લોકોને બદલે બે ગવાહોની ગવાહીથી પણ માની લેવામાં આવે.**

**મસ્અલો :** ગવાહી આપવામાં આ પ્રમાણે કહેવું જરૂરી છે કે, **"હું ગવાહી આપું છું"** આ શબ્દો બોલ્યા સિવાય ગવાહી ગણાશે નહીં. પરંતું વાદળ હોવાની સ્થિતિમાં રમઝાનના ચાંદની ગવાહીમાં એટલું પણ ચાલી શકે કે "મે મારી પોતાની આંખોથી આ રમઝાનનો ચાંદ આજે અથવા કાલે જોયો છે."

**મસ્અલો :** જો અમુક લોકો આવીને કહે કે 'ફલાણી જગ્યાએ ચાંદ થઈ ગયો છે' બલ્કે શહાદત ગવાહી પણ આપે કે ફલાણી જગ્યાએ ચાંદ દેખાયો, બલ્કે શહાદત કે ફલાણા માણસોએ ચાંદ જોયો, બલ્કે એવી શહાદત આપે કે ફલાણી જગ્યાના કાઝી મુફતીએ રોઝા કે ઈદના માટે લોકોને હુકમ આપ્યો છે, **આ બધીય રીતો શરીઅત પ્રમાણે બરાબર નથી.** *(દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહતાર, બહાર)*

**મસ્અલો :** એકલા કાઝી ઈમામ કે મુફતીએ ચાંદ જોયો તો તેણે ઈદ કરવી કે ઈદ કરવાનો હુકમ આપવો જાઈઝ નથી. *(દુર્રે મુખ્તાર, બહાર વગેરે)*

**મસ્અલો :** કોઈ શહેરમાં ચાંદ દેખાયો અને ત્યાંથી ટોળાઓમાં (ઘણી જમાઅતો) લોકો બીજા શહેરમાં આવ્યા, એ બધાએ ખબર આપી કે ત્યાં ફલાણા દિવસે ચાંદ થયો છે અને આખાય શહેરમાં એ બાબતની જાણ છે, વળી ત્યાંના લોકોએ ચાંદ દેખાવાથી ફલાણા દિવસથી રોઝા શરૂ કરેલા છે તો તે બીજા શહેરવાળાઓ માટે પણ ચાંદ થવાની સાબિતી થઈ ગણાશે. *(રદ્દુલ મુહતાર, બહાર)*

**મસ્અલો :** કોઈ માણસે એકલાએ રમઝાન કે ઈદનો ચાંદ જોયો અને તેણે ગવાહી આપી પરંતું કાઝીએ એની ગવાહી કૃબૂલ ન કરી તો તેના પોતાના માટે રોઝો રાખવો વાજિબ છે, જો ન રાખ્યો અને તોડી નાખ્યો તો કૃઝા જરૂરી છે. *(હિદાયા, દુર્રે મુખ્તાર, આલમગીરી)*

**મસ્અલો :** જો દિવસે ચાંદ દેખાયો બપોર પહેલાં કે બપોર પછી ગમે તે સમયે પરંતું તે આવતી રાતનો ગણાશે, અર્થાત હવે જે રાત આવશે તેનાથી મહિનાની શરૂઆત થશે, **જો ૩૦મી રમઝાનના દિવસે દેખાયો તો તે દિવસ રમઝાનનો છે શવ્વાલનો નહીં અને રોઝો પૂરો રાખવો** વધુ પેજ નં. ૧૨....પર

# ઉમ્મતના મહાન ઈમામો

(ઈમામે આ'ઝમના શાગિર્દો)

## [૬] ઈબ્રાહીમ બિન અદહમ رحمۃ اللہ علیہ

**નામ તથા વંશવાળી :** નામ ઈબ્રાહીમ, વાલિદનું નામ અદહમ અને દાદાનું નામ મન્સૂર છે.

**તાલીમ તથા તર્બિયત :** શરૂઆતની તાલીમ પછી ઈમામે આ'ઝમ અબૂ હનીફા رضی اللہ عنہ ની ખિદમતમાં હાજર થયા અને હદીષ તથા ફિક્હની તાલીમ હાંસલ કરી. સાથોસાથ બીજા મુહદ્દિષો તથા ફુક્હાની ખિદમતમાં પણ હાજર રહ્યા અને પછી મસ્નદે દર્સ (દર્સ આપવાની જગ્યા) તથા તદ્રીસ (ઈલ્મ શીખવાડવું)ને શોભા આપી.

શૈખુલ મશાઈખ હઝરત દાતા ગંજબખ્શ હિજવૈરી رحمۃ اللہ علیہ ફર્માવે છે : આપ પોતાના જમાનાના અજોડ આરિફ બિલ્લાહ અને સૈયદુલ કુર્આન ગુજર્યા છે. આપની બયઅત હઝરત ખિઝર علیہ السلام થી હતી. છેલ્લી ઉમરમાં દર્સ તથા તદ્રીસને છોડીને બધો સમય ઈબાદત કરવામાં વ્યસ્ત થઈ ગયા હતા. આપના મુબારક હાથ ઉપર હજારો કાફિરોએ ઈસ્લામ કૂબૂલ કર્યો અને સેંકડો ગુનેહગાર મુસલમાન આપના હાથ ઉપર તૌબા કરીને વિલાયતના દરજ્જામાં પહોંચી ગયા. આપ ખૂબ જ સબ્ર કરવાવાળા તથા શુક્ર કરવાવાળા અને મુત્તકી તથા સખી હતા.

**ઉસ્તાદો :** ઈમામે આ'ઝમ અબૂ હનીફા, યહ્યા બિન સઈદ અન્સારી, સઈદ બિન સર્ઝબાન, મિકાતિલ બિન હબ્બાન رضوان اللہ تعالیٰ علیہم اجمعین વગેરે.

**શાગિર્દો :** ઈમામ સુફિયાન ષૌરી, ઈબ્રાહીમ બિન બશાર, બકયા બિન વલીદ, શકીક બલ્ખી, ઔઝાઈ رضوان اللہ تعالیٰ علیہم اجمعین વગેરે મોહદ્દિષો આપને ષિક્હ તથા મામૂન કહે છે.

**વિસાલ :** આપ ઈસ્લામના મુજાહિદોની સાથે લશ્કરમાં ભેગા મળીને જેહાદના માટે રોમમાં તશરીફ લઈ ગયા અને ત્યાં જ હિજરી ૧૬૨માં વિસાલ ફર્માવ્યો.

## [૭] બિશ્ર બિન અલ હારિષ હાફી رحمۃ اللہ علیہ

**નામ તથા વંશવાળી :** નામ બિશ્ર, કુન્નિયત અબૂ નસર, વાલિદનું નામ હારિષ અને દાદાનું નામ અબ્દુર્રહમાન બિન અત્તા બિન હલાલ મરૂઝી છે. ઝાહિદ તથા આરિફ બિલ્લાહ હતા અને હાફી લકબથી મશ્હૂર થયા.

**તાલીમ તથા તર્બિયત :** અસલ વતન આપનું મર્વ છે. શરૂઆતની તાલીમ પછી ઈમામે આ'ઝમ અબૂ હનીફાની બારગાહમાં આવી શાગિર્દ બન્યા. પછી બીજા મુહદ્દિષો તથા ફકીહોથી ઈલ્મ હાંસલ કર્યા પછી ઝુહદ તથા તસવ્વુફની તરફ વળી ગયા, મુજાહિદાઓ તથા રિયાઝતોમાં ઊંચી શાનના માલિક હતા. અમલો તથા ઈખ્લાસમાં પૂરેપૂરી ખૂબી ધરાવતા હતા.

હઝરત ફુઝૈલ બિન અયાઝ رحمۃ اللہ علیہ ના ખાસ સોહબત પામેલા હતા. પોતાના મામા અલી બિન ખુશરમથી મુરીદ હતા.

**ઉસ્તાદો :** ઈમામે આ'ઝમ અબૂ હનીફા, હમ્માદ બિન ઝૈદ, ઈબ્રાહીમ બિન સઅદ, ફુઝૈલ બિન અયાઝ, ઈમામ માલિક, અબૂબક્ર બિન અયાસ, અબ્દુર્રહમાન

રજૂકર્તા : **સીરાજભાઈ લોખંડવાળા-ભાવનગર** *(મુબલ્લિગે સુન્ની દાવતે ઈસ્લામી)*

બિન મહદી رضوان اللہ تعالیٰ علیہم اجمعین વગેરે.

**શાગિર્દો** : ઈમામ અહમદ બિન હંબલ, ઈબ્રાહીમ બિન હર્બી, ઈબ્રાહીમ બિન હાની, મુહમ્મદ બિન હાતિમ, અબૂ હેષમા رضوان اللہ تعالیٰ علیہم اجمعین વગેરે.

**વિસાલ** : હિ.સ. ૨૨૭માં બગદાદમાં વિસાલ થયો.

## [૮] શફીક બલ્ખી رحمۃ اللہ علیہ

**નામ તથા વંશવાળી** : નામ શફીક, કુન્નિયત અબૂ અલી, વાલિદનું નામ ઈબ્રાહીમ છે. અઝદી બલ્ખી છે.

**ઉસ્તાદો** : ઈમામે આ'ઝમ અબૂ હનીફા رضی اللہ عنہની બારગાહમાં હદીષ તથા ફિક્હની તાલીમ હાંસલ કરી અને ઈમામ અબૂ યુસૂફ તથા ઈમામ ઝફર رضی اللہ عنہની સોહબત હાંસલ રહી. હઝરત ઈસરાઈલ બિન યૂનુન અને અબાદ બિન કષીરથી પણ ઈલ્મે હદીષ હાંસલ કર્યો. એના ઉપરાંત આપ પોતે પોતાના ઉસ્તાદોની સંખ્યા (૧૮૦૦) બતાવે છે.

**શાગિર્દો** : હઝરત હાતિમ અસમ, મુહમ્મદ અબાન બલ્ખી અને ઈબ્ને મરદૂયા આપના મશ્હૂર શાગિર્દોમાંથી છે.

આપે જે સમયે તવક્કુલ (ભરોસો) તથા કનાઅત (જેટલું મળે એટલામાં રાજી રહેવું)ના મેદાનમાં પગ રાખ્યો તો આપની પાસે ૩૦૦ ગામની જમીનદારી (માલિકી) હતી તે બધુ આપે ફકીરોમાં વહેંચી દીધું ત્યાં સુધી કે વિસાલના સમયે આપની પાસે કફન માટે પણ કાંઈ ન હતું. એક મુદ્દત (સમય) સુધી હઝરત ઈબ્રાહીમ બિન અદહમ رحمۃ اللہ علیہની સોહબતમાં રહ્યા અને તરીકતનું ઈલ્મ હાંસલ કર્યું.

**વિસાલ** : ખતલાના તુર્કિસ્તાન જેહાદના માટે તશરીફ લઈ ગયા અને હિ.સ. ૧૯૪માં શહાદત પામ્યા.

## [૯] અસદ બિન અમ્ર رحمۃ اللہ علیہ

**નામ તથા વંશવાળી** : નામ અસદ, વાલિદનું નામ અમ્ર છે. આપ ઈમામે આ'ઝમ અબૂ હનીફા رضی اللہ عنہના તે ૫૦ શાગિર્દોમાંથી છો જે કિતાબો તથા ફિક્હના કાનૂનોને ભેગા કરવામાં વ્યસ્ત રહ્યા. ઈમામ અબૂ યુસૂફ, ઈમામ મુહમ્મદ, ઈમામ ઝફર, ઈમામ દાઊદ તાઈ رضوان اللہ تعالیٰ علیہم اجمعین વગેરેની જેમ અકાબિરમાં ગણના થતી રહી. ત્રીસ વર્ષ સુધી ઈમામે આ'ઝમ رضی اللہ عنہના માટે કિતાબો લખવાની ખિદમત આપતા રહ્યા.

**કાઝીનો હોદ્દો** : ઈમામ અબૂ યુસૂફ رضی اللہ عنہના વિસાલ પછી હારૂન રશીદે બગદાદ અને વાસ્તાના કાઝી બનાવ્યા અને પોતાની છોકરી સાથે નિકાહ કરાવી દીધા.

થોડાક સમય પછી આપ પોતાની પત્નીની સાથે હજ્જ માટે મક્કા મુકર્રમા રવાના થયા, આંખોની રોશની જવાના કારણે કાઝીનો હોદ્દો છોડી દીધો હતો.

**શાગિર્દો** : ઈમામ અહમદ બિન હંબલ, મુહમ્મદ બિન બકાર, અને અહમદ બિન મનીઅ આપના મશ્હૂર શાગિર્દોમાં છે. હિ.સ. ૧૮૮ અથવા ૧૯૦માં વિસાલ થયો.

### જૂનાગઢમાં હઝરત ગૌષે આ'ઝમની યાદમાં શાનદાર જલસાનું આયોજન

જૂનાગઢ સુન્ની બોરવાડ યંગ ગ્રુપ દ્વારા સુન્ની બોરવાડ મસ્જિદ પાસે હુઝૂર પીરાને પીર રોશન ઝમીર તાજદારે બગદાદ رضی اللہ عنہની યાદમાં તા. ૨૬–૨–૨૦૧૪, બુધવારે રાત્રે ઈશાની નમાઝ બાદ શેહઝાદાએ હુઝૂર અમીરે અહલે સુન્નત, પીરે તરીકત, ગુલઝારે મિલ્લત હઝરત અલ્લામા ગુલઝાર અહમદ સાહબ નૂરી (સજ્જાદાનીશન ખાનકાહે રઝવિય્યહ્, નૂરીય્યહ્–જૂનાગઢ)ની સદારતમાં શાનદાર જલ્સાનું આયોજન કરવામાં આવેલ જેમાં હઝરત અલ્લામા સૈયદ અબૂબકર શિબ્લીમિયાં સાહબ અશરફીએ શાનદાર તકરીર ફર્માવી હતી. બહારના તથા મકામી ઉલમાએ કિરામે વ સાદાતે એઝામે ખાસ હાજરી આપી હતી. જલ્સા બાદ આમ ન્યાઝનું પણ આયોજન કરવામાં આવેલ.

# વેપારનું મહત્વ અને તેના નિયમો

વેપારી પોતાના માલનો ભાવ વધારે બતાવે એ જાઈઝ છે પરંતું જૂઠ ન બોલે કે મને આટલાનો પડે છે અને આટલાની ખરીદી છે ! જેમ કે આજકાલ સામાન્ય રિવાજ છે. વધુ કિંમત બતાવી ઓછી કરવામાં કોઈ વાંધો નથી, એ જ રીતે ગ્રાહકને પણ જોઈએ કે સારી રીતે વસ્તુની ચકાસણી કરે અને કિંમત ઓછી કરાવે કે આ હસ્નૈન કરીમૈન (હઝરત ઈમામ હસન અને હઝરત ઈમામ હુસૈન رضی اللہ عنہما)ની સુન્નત પણ છે.

ભાઈઓ ! કોઈ પણ જાઈઝ અને હલાલ વ્યવસાયને નીચો ન સમજો. હુઝૂર નબીએ કરીમ ﷺએ ફર્માવ્યું, "જે શખ્સ હલાલ રોજીની તલાશમાં ઝિલ્લતની જગાએ ઉભો રહે છે તો એના ગુનાહ એ રીતે જડે છે જેમકે ઝાડના પાદડાં જડે છે." કોઈ પણ જાઈઝ અને હલાલ વ્યવસાય ઈન્સાનને બેઈજ્જત નથી કરતો. અલ્બત્ત ઈન્સાન વ્યવસાયને બેઈજ્જત કરે છે. જાઈઝ અને હલાલ વ્યવસાય અપનાવવું અંબિયાએ કિરામ علیہم السلامની સુન્નત છે. હઝરત આદમ علیہ السلامથી લઈને હુઝૂર ﷺ સુધી દરેક નબી, પ્રત્યેક સહાબી, વલી, ઈમામ અને મુજતહિદે કોઈ ન કોઈ હલાલ વ્યવસાય જરૂર અપનાવ્યો છે, જેનાથી માલૂમ થયું કે વેપાર અને કારોબાર કરવું અંબિયાએ કિરામ علیہم السلام તથા બુઝુર્ગાને દીન رضوان اللہ تعالیٰ علیہم اجمعینની સુન્નત છે.

### ★ એક ઈમાનદાર વેપારીની કહાની ★

કહેવામાં આવે છે કે એક બુઝુર્ગ હતા જેમનું નામ શૈખ મુહમ્મદ તાહિર હતું, ખેડૂત હતા, હલાલ કમાઈ ખાવાની હમેશાંની આદત હતી, ખેતીવાડી પર ગુજરાન ચાલતુ. એક વરસે સિંચાઈ માટે કોઈ અનાજ ન મળ્યું. ખેતીથી આપનું દિલ ઉચાટ થઈ ગયું અને નોકરી શોધવા લાગ્યા પરંતું એવા માણસની નોકરી કરવા માંગતા હતા જે જાલિમ ન હોય અને જાઈઝ માલથી પગાર આપે. ઘણી શોધખોળ બાદ આપને એક નોકરી મળી ગઈ, આપે ખુશી ખુશી સ્વીકારી લીધી પરંતું વતનથી સેંકડો માઈલ દૂર હતા. બીવી બચ્ચાં યાદ આવતાં તો આપ ગમગીન થઈ જતા.

મા બાપ, દોસ્ત, રિશ્તેદાર, બીવી બચ્ચાં અને વતનથી જુદાઈની તકલીફો એ લોકોને પૂછો જેઓ પોતાના બીવી બચ્ચાંઓથી દૂર રહી નોકરી કરતા હોય છે. કહેવાનું તો બહુ સરળ છે કે ફલાણાને તો લીલા લહેર છે પરંતું કરી બતાવવું ઘણું કઠિન છે. કેટલાંય વરસો વિતી ગયાં, એક દિવસ એમને જાણ થઈ કે એમના ગામનો કોઈ માણસ આવ્યો છે જે વેપારી છે. વતનની મહોબ્બત જોશમાં આવી અને આપ મુશ્કેલીથી સમય કાઢી તેને મળવા ગયા. તે વેપારીએ કહ્યું કે તમારાં ગરીબ બીવીએ સંદેશો મોકલ્યો છે કે તમારે જવાને એક મુદ્દત થઈ અને હજુ સુધી ઘરની તમે કોઈ ખબર લીધી નથી. તમારી પુત્રી યુવાન થઈ ગઈ છે હવે એની શાદી વિશે કાંઈ વિચારશો કે નહીં ? જ્યારે એ વેપારીથી શૈખ મુહમ્મદ તાહિરે આ સાંભળ્યું તો તુરંત પોતાના માલિકને ત્યાં આવ્યા અને એ જ સંદેશો દોહરાવ્યો અને માલિકથી મદદ માંગી. માલિકે કહ્યું, હમણા તો મારાથી કાંઈ જ નહીં થાય. શૈખ મુહમ્મદ તાહિરે કહ્યું, જે પણ થઈ શકે આપી દો, દીકરી ઉમર લાયક થઈ હવે તેની શાદી કરવી છે. માલિકે ચાર ટકે પૈસા કાઢી શૈખ મુહમ્મદ તાહિરના હાથમાં થમાવી દીધા. શૈખ મુહમ્મદ તાહિરે એ પૈસા લાવી એ વેપારીને આપી દીધા અને કહ્યું કે આ પૈસા વતન જઈ મારી બીવીને આપી દેજો.

✪ અઝ : મૌલાના ઈલ્યાસખાન નૂરી (રતનપૂર) ✪ અનુવાદક : મૌલાના મુહમ્મદ રઉફ રઝવી (પાલેજ)

વેપારીને પહેલાં તો આશ્ચર્ય થયું પરંતુ જ્યારે શૈખ મુહમ્મદ તાહિરની નોકરીની વિગત માલૂમ થઈ તો તે કાંઈ ન બોલ્યો. મનમાં વિચાર્યું કે આટલે દૂરથી જઈ બે ચાર પૈસા દેવા કેટલુ શરમજનક છે. લાવ એ પૈસાની કોઈ વસ્તુ ખરીદી તેમને ભેટરૂપે આપી દઈશ. તેણે બજારમાં દરેક વસ્તુની કિંમત પૂછી તો તે સમયે સૌથી વધુ સસ્તા દાડમ હતા. જેથી તેણે ચાર પૈસાના સો દાડમ ખરીદી લીધા અને જહાઝ પર બેસી વતન રવાના થઈ ગયો. કેટલાય દિવસ સુધી ચાલ્યા બાદ જહાઝ એક દેશના બંદરગાહ પર પહોંચ્યું. લોકો જહાઝથી ઉતરી આમ તેમ ફરવા લાગ્યા કે એવામાં એ દેશના રાજા તરફથી અમુક સરકારી કાર્યકર્તાઓ દાડમ શોધતા શોધતા ત્યાં આવી પહોંચ્યા. ખુદાનું કરવું કે એ વેપારી સિવાય કોઈની પાસે દાડમ ન હતા. રાજાના દરબારીઓએ વેપારીને પૂછયું કે, દાડમ વેચશો ? વેપારીએ કહ્યું, વાત શું છે અને તમે લોકો પરેશાન શા માટે દેખાવ છો ? તેઓએ કહ્યું, અમારા રાજાના સુપુત્ર સખત બીમાર છે, તબીબોએ દાડમનું નીચોવેલું પાણી સૂચવ્યું છે અને અમારા દેશમાં દાડમ મળતા નથી. વેપારીએ કહ્યું, કેટલા દાડમ જોઈએ છે ? તેમણે કહ્યું, એક પણ મળી જાય તો ગનીમત છે. વેપારીએ કહ્યું, રાજકુમાર બીમાર છે તો એક દાડમ લઈ જાવ પરંતું હું વેચીશ નહીં. દરબારીઓ દાડમ લઈ જલ્દી જલ્દી રવાના થયા. રાજકુમારને દાડમનો રસ નિચોવીને પીવડાવવામાં આવ્યો, બસ ! રસ પીતાં જ તબિયત ઠીક થવા લાગી અને તેણે આંખો ખોલી. રાજાને જ્યારે જાણ થઈ કે રાજકુમારની તબિયત સહેજ ઠીક થઈ છે તો તેણે તુરંત વજીરને આદેશ આપ્યો કે જહાઝ પર જઈને જુઓ અને જેટલા પણ દાડમ હોય એ સર્વ ખરીદી લાવો અને વેપારી જે પણ કિંમત માંગે એને મોં માગી કિંમત શાહી ખઝાનામાંથી આપી દો. ફર્માન સાંભળી વજીર જહાઝ પર આવ્યો. વેપારીની સાથે ભાવ તાવ કરવા લાગ્યો. વેપારીએ કહ્યું કે આ દાડમ વેચવા માટે નથી, હું તેને ભેટ આપવા માટે લઈ જઈ રહ્યો છું. પરંતું જો હું એને વેચવા પણ ચાહું તો આપ એની શું કિંમત આપી શકશો ? વજીરે કહ્યું, જે કિંમત માંગશો આપવામાં આવશે, એટલા માટે કે દાડમ ખરીદવું ઘણુ જ અનિવાર્ય છે. વેપારીએ કહ્યું, જો આવું જ છે તો એક દાડમની કિંમત એક હજાર રૂપિયા લઈશ. તે વખતે કુલ ૯૯ દાડમ વેપારી પાસે હતાં અને એક દાડમ પહેલાં દઈ ચૂકયો હતો. સો દાડમની કિંમત આપી વજીર સો દાડમ ખરીદી લીધાં. ઘરે પહોંચી વેપારીએ લાખ રૂપિયાનો ખજાનો શૈખ મુહમ્મદ તાહિરના બીવીને સુપરત કરી દીધો. શૈખ મુહમ્મદ તાહિરના બીવીએ આશ્ચર્યથી પૂછયું કે મારા પતિ તો એવી નોકરી નથી કરતા તો પછી આટલા બધા રૂપિયા ક્યાંથી આવ્યા ? વેપારીએ સઘળી હકીકત જણાવી કહ્યું કે હકીકતમાં તમારા પતિએ ચાર પૈસા આપ્યા હતા અને એનાથી જ આ નફો થયો છે, એને લેવાથી મનાઈ ન કરો.

ભાઈઓ ! આ ઘટનાથી જાણવા મળ્યું કે તિજારતમાં બરકત જ બરકત છે, અને એ પણ જાણવા મળ્યું કે અમાનતમાં ખયાનત ન કરવી એ ઉચ્ચ કક્ષાનું ઈમાન છે. વેપારી સર્વ રૂપિયા લઈ લેતો અને શૈખ મુહમ્મદ તાહિરના બીવીને માત્ર ચાર પૈસા જ આપતો જે એમના પતિએ આપ્યા હતા તો કોઈને શું જાણ થાત ! પરંતું નહીં ! ઈમાનદાર વેપારીએ વિચાર્યું કે આ સર્વ ખજાનો એ જ ચાર પૈસાના લીધે છે જેના હક્કદાર શૈખ મુહમ્મદ તાહિરના ઘરવાળાંઓ છે, હું એમાંથી કાંઈ લેવાનો હરગિઝ હક્કદાર નથી.

ઈસ્લામે વેપારનો હુકમ આપ્યો છે તો વેપારના નિયમો પણ દર્શાવી દીધા છે કે જૂઠ બોલીને, જૂઠી કસમો ખાઈને વેપાર ન કરો કે આ રીતે ભલે માલ વેચાઈ જાય છે પરંતું બરકત પણ ઉઠી જાય છે. નુકસાનીવાળો માલ ન વેચો, નબીએ કરીમ ﷺએ ફર્માવ્યું : ''જેણે ઐબવાળી વસ્તુ વેચી અને તેના ઐબને જાહેર ન કર્યો તે હમેશાં અલ્લાહની નારાઝગીમાં છે અને હમેશાં ફરિશ્તાઓ તેના પર લા'નત કરતા રહે છે.'' અને જો નુકસાન, ઐબવાળો માલ ભૂલથી ગ્રાહકને આપી પણ દીધો તો ગ્રાહકને પરત કરવાનો અને તમને પરત લેવાનો પૂરેપૂરો હક્ક

છે. આજકાલ ધોકો આપી માલનો ઐબ અને નુકસાની છુપાવી તિજારત કરવી વેપારીઓની આદત બની ગઈ છે. નબીએ કરીમ ﷺએ ફર્માવ્યું, ''જેણે કોઈ વસ્તુ દુકાનદારથી ખરીદી પછી તેણે તે વસ્તુને પરત કરવા ચાહ્યું તો જે દુકાનદાર ગ્રાહકની વસ્તુને પાછી લઈ લે અને તેની કિંમત પરત આપી દે તો કયામતના દિવસે અલ્લાહ તઆલા તેના ગુનાહોને નેકીઓમાં બદલી નાખશે, તેના સર્વ ગુનાહ માફ ફર્માવી દેશે અને તેની જાનને દોઝખથી બચાવી લેશે.''

## ★ જૂઠા વેપારીઓ ★

અલ્લાહના એક નેક બંદાએ જોયું કે એક ઔરત ખજૂરોની એક દુકાન પાસે ઉભી ઉભી રડી રહી છે. તેને રડતી જોઈ અલ્લાહવાળાને લાગણી પેદા થઈ. પાસે જઈને પૂછયું, બેટા ! શું વાત છે ? તું કેમ રડી રહી છે ? તેણીએ કહ્યું, મારા માલિકે મને ખજૂરો લેવા મોકલી હતી, હું આ દુકાને આવી, તેણે મને ખરાબ ખજૂરો આપી દીધી અને કિંમત સારી ખજૂરોની લીધી. મારા માલિકે આ ખજૂરો પરત કરી દીધી છે અને કહ્યું કે, જા ! જેવી કિંમત છે એવો માલ નથી, પાછી દઈ આવ. એટલા માટે પરત કરવા આવી છું તો આ બદબખ્ત લેવાની ના પાડે છે.

યાદ રાખશો ! ધોકાથી માલ વેચવો સખત ગુનોહ છે. જૂઠી કસમો ખાઈને ગ્રાહકને સંતુષ્ઠ કરવું કે માલ ઘણો સારો છે, એ એનાથી પણ મોટો ગુનોહ છે. અમુક લોકો સમજે છે કે ધોકો આપવું એ ધંધાની ટ્રીક છે, એક બિઝનેસ પોલીસી છે. આ વાત સદંતર ગલત અને અમાનવીય પણ છે. ઈસ્લામ કોઈ પણ સંજોગોમાં ધોકો આપવાની ઈજાઝત નથી આપતો. અલ્લાહના રસૂલ ﷺ પોતે પણ વેપાર કરતા હતા એટલા માટે વેપારીઓની ફિતરતને પણ સારી રીતે સમજતા હતા. ફર્માવ્યું : ધોકો આપવો, ઓછુ તોલવું, મિલવાટ કરવી, માલના ઐબને છુપાવવું, ચોર બજારી કરવી આ સૌ જુર્મ અને ગુનોહ છે. વેપારથી આ સૌ બુરી વાતોનો કોઈપણ સંબંધ નથી. જે રીતે કોઈ સંસ્થા અથવા ગવર્નમેન્ટની નોકરી સાથે રિશ્વતને કોઈ સંબંધ નથી, આમ કરવું ઉઘાડી બેઈમાની અને બદ્દયાનતી છે. જાહેર છે કે ચોરી, બદ્દયાનતી તિજારત નથી. તિજારતમાં નફો થાય છે પરંતું નફાની પણ એક હદ નિશ્ચિત છે. આપણને બતાવી દેવામાં આવ્યું છે કે જે કિંમત વધારવા માટે એક રાત્રી પણ માલ રોકી રાખે તે અલ્લાહ અને રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّی اللّٰہ عَلَیْہِ وَسَلَّمَનો ગુનેહગાર અને મુજરિમ છે. એવી વ્યક્તિ અલ્લાહના કેહરો ગઝબનો નિશાનો બનશે. જે દુકાનદાર ખરાબ માલ દે તો એની જવાબદારી છે કે તેને પાછો લઈ લે. જેથી અલ્લાહના એ નેક બંદાએ ખજૂરોના વેપારીને ફર્માવ્યું કે તું આ સ્ત્રી પાસેથી ખજૂરો પાછી લઈ લે એનો માલિક એનાથી નારાજ થવામાં હક્ક પર છે, તેં એના પર ઘણો જુલ્મ કર્યો છે. પરંતું એ દુકાનદાર ઘણો ચતુર અને નફફટ આદમી હતો. તેણે ન કેવળ પાછી લેવાથી ઈન્કાર કર્યો બલ્કે એ બુઝુર્ગને પણ ધુત્કારી કાઢયા. એવામાં કેટલાક લોકો ત્યાં ભેગા થઈ ગયા. જ્યારે એમણે જોયું કે દુકાનદાર આ અલ્લાહના નેક બંદાને પણ ધુત્કારી રહ્યો છે તો એમનામાંથી કોઈએ કહ્યું : ''જાલિમ ! તું શું કરી રહ્યો છે ? તને ઓળખ પણ ન પડી કે તું કોની સાથે બદ્તમીઝી કરી રહ્યો છે ?'' તેણે પૂછયું, કોણ છે એ ? લોકોએ કહ્યું, આ અમીરુલ મો'મિનીન છે ! હવે તેના હોશો હવાસ ઉડી ગયા. તુરંત હાથ જોડી માફી માંગવા લાગ્યો !

માલૂમ થયું તેને અલ્લાહનો ખૌફ નહીં બલ્કે હુકૂમતનો ખૌફ હતો. તેણે ગદ ગદ થઈને કહ્યું : અમીરુલ મો'મિનીન ! જો આપ નારાજ થઈ ગયા હોય તો મને માફ કરી દો. આમ કહી તેણે તુરંત ખજૂરો બદલી આપી. એ અમીરુલ મો'મિનીન હઝરત અલી શેરે ખુદા رضی اللہ عنہ હતા. જો આપ ચાહતા તો તેને બદ્તમીઝી અને ગુસ્તાખીની સજા આપતા, પરંતું આપે તેના ધુત્કારવાને બુરું ન માન્યું. માત્ર એટલું ફર્માવ્યું કે જો તું સચ્ચાઈ અને ઈમાનદારી સાથે વેપાર કરીશ તો હું તારાથી ખુશ રહીશ. અહીંયા એ વાત પણ સ્પષ્ટ કરી દઉં કે હુકૂમતની જવાબદારીઓમાં એ વાત પણ આવે છે કે હુકૂમત બજારની કિંમતો

પર નજર રાખે. ખુલ્ફાએ રાશિદીન ખાસ કરીને હઝરત ઉમર رضی اللہ عنہએ તો પોતાના ખિલાફતકાળમાં કાયદેસર એક કચેરી કાયમ કરી હતી અને એક સહાબી رضی اللہ عنہને એ કચેરીના પ્રમુખ નિમણૂંક કર્યા હતા.

વેપારીઓ, વ્યવસાઈઓ અને વ્યાપારીઓની ઘણી જવાબદારીઓ હોય છે. તેમણે યાદ રાખવું જોઈએ કે એમનો સખત હિસાબ થશે. એમ ન સમજશો કે આ પકડ માત્ર આખેરતમાં થશે, જૂઠા વેપારી અને ચોરબજારી કરવાવાળા, મનમાની કિંમત લઈ વેચવાવાળા દુનિયામાં પણ ફલીફુલી નથી શકતા. એ અલગ વાત છે કે થોડાક દિવસો માટે કોઈની પાસે ધન દૌલતની રેલમછેલ થઈ જાય. પરંતુ આવો ધોકેબાજ વેપારી દિલના સુકૂનથી વંચિત કરી દેવામાં આવે છે. રોગ અને બીમારીઓ તેનું ઘર ઘેરી લે છે, ઘરવાળાં બુરી આદતોમાં સપડાય છે, અને કુદરતનો કાનૂન કોઈ ન કોઈ રીતે તેને તેની ભૂલોની સજા આપે છે.

વેપાર કરવું સર્વ નબીઓની સુન્નત છે.સર્વ સહાબાએ કિરામ તિજારત કરતા હતા. તેઓએ આપણી રહનુમાઈ માટે વ્યાપાર નીતિ નિયમો પણ બતાવ્યા છે. રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું : ઓછુ માપવાવાળા અને ઓછુ તોલવાવાળા, જૂઠી કસમો ખાઈ માલ વેચવાવાળા, ચોરબજારી અને મિલાવટ કરવાવાળા કયામતના દિવસે સખત અઝાબમાં હશે. અને આ દુનિયામાં પણ એમનો અંજામ બૂરો થશે. અલ્લાહ عزوجلનું મુકદ્દસ કુર્આન બતાવે છે કે અલ્લાહ તઆલાએ એવા લોકોની વસ્તીઓ ઉજાડી દીધી જેઓ માપ તોલમાં કમી કરતા હતા. હદીષે મુબારકામાં છે, "જે વ્યક્તિ માપ તોલમાં કમી કરે છે કયામતના દિવસે તેને જહન્નમની ઊંડાઈમાં નાંખવામાં આવશે અને બે આગના પહાડો વચ્ચે બેસાડી હુકમ આપવામાં આવશે કે આ પહાડોને માપ અને તોલ જયારે એ તોલવા લાગશે તો આગ તેને સળગાવી દેશે."

## ★ માપ તોલમાં કમી કરવી હરામ છે ★

કહેવામાં આવે છે કે મદીના મુનવ્વરાના બજારમાં શાકભાજી વેચાય રહી હતી. એક શાકભાજી વેચનાર આધેડ વયની વૃધ્ધાએ પોતાની દુકાન સજાવી રાખી હતી. ગ્રાહક આવતા અને જોઈતી વસ્તુ લઈ જતા. એકવાર વૃધ્ધા શાકભાજી તોલી રહી હતી કે ગ્રાહકે કહ્યું : "જરા સંભાળીને !" વૃધ્ધાએ કહ્યું, શું મતલબ ? જવાબ મળ્યો : માપ બરાબર થવો જોઈએ. જયારે તેણીએ ગ્રાહકની આ વાત સાંભળી તો એને સહેજ ખોટુ ન લાગ્યું. પરંતું ગ્રાહક કોઈ અન્ય ન હતું, નવાસએ રસૂલ હઝરત ઈમામ હુસૈન رضی اللہ عنہ હતા. આપે ત્રાજવાનાં પલ્લાં ઠીક કર્યા. તેણીએ પૂછયું : આપ આવું શા માટે કરો છો ? ફર્માવ્યું : હે ઔરત ! ક્યાંક તારો હક્ક મારા તરફ અને મારો હક્ક તારા તરફ ન રહી જાય. હું આ રીતે પોતે પણ પાક થાઉં છું અને તને પણ પાક કરું છું. જો માપ તોલમાં બીજાનો હક્ક તારા તરફ રહી ગયો તો કયામતમાં એના પર સખત પકડ થશે. યાદ રાખ ! માપ તોલમાં કમી કરવી હરામ છે. તે ઔરત આ વાત સાંભળી ધ્રુજી ઉઠી અને માપતોલમાં કમી ન કરવાનો પાકો વાયદો કર્યો.

સૂરએ બની ઈસ્રાઈલમાં અલ્લાહ તઆલાએ ફર્માવ્યું : "હે લોકો ! જયારે માપો તો માપ પૂરો રાખો. અને વજન હમેશાં ઠીક ત્રાજવાથી કરો. આ જ સારું છે અને આ જ પરિણામના આધારે પણ ઉત્તમ છે." સૂરએ રહમાનમાં પણ છે : "હે લોકો તમે વજન નિશ્ચિત રાખો, વજન આમતેમ ન કરો. વેચનાર તથા ખરીદનાર ઈસ્લામની નજરમાં એકબીજાના હમદર્દ છે. દરેક ઈન્સાનને બીજા ઈન્સાન સાથે ભલાઈ અને હમદર્દીનો ઈસ્લામે હુકમ આપ્યો છે. એટલા માટે માપ તોલમાં કમી કરવાવાળા સમજે છે કે આ ચતુરાઈ છે ! પરંતું એ ચાલાકી ગ્રાહક નથી જોઈ રહ્યો તો શું થયું, ઈન્સાનનું પોતાનું દિલ પણ કોઈ ચીજ છે. બંદો જુએ કે ન જુએ પરંતું અલ્લાહ તઆલા તો જોઈ રહ્યો છે. કિરામન કાતિબીન એક એક વાત નોંધી રહ્યા છે. તેમની પાસે તો જાણે એક

પ્રકારનું કોમ્પ્યુટર છે. તેમને ધોકો આપવો તો શક્ય જ નથી. જે લોકો સમજે છે કે માપ તોલમાં કમી કરીને કંઈક બચાવી લેશે, તો આ તેમની ખૂબ જ મોટી ભૂલ છે. રિઝ્કમાં બરકત, કારોબારમાં બરકત, ચોરી, બેઈમાની અથવા ધોકાના કારણે ક્યારેય પણ નથી થતી, પરંતું ઈમાનદારી અને સચ્ચાઈથી થાય છે. હઝરત નબી શોએબ عليه السلامની કૌમ માપતોલમાં ગડબડ કરતી હતી અને સમજતી હતી કે આ વેપારની ચતુરાઈ અને પોલીસી છે. હઝરત શોએબ عليه السلامએ તેઓને ખૂબ જ સમજાવ્યા કે અલ્લાહ તઆલાથી ડરો અને માપતોલમાં કમી ન કરો. પણ આપની વાતોને કૌમે ન માની. લાખ સમજાવ્યા છતાં પણ તેઓ પોતાની હરકતોથી ન સુધર્યા. અલ્લાહ તઆલાએ તેમને તેની સજા આપી કે આખી કૌમને નષ્ટ કરી દીધી. આસ્માનથી આગનો વરસાદ વરસ્યો, ભૂકંપે તેમની વસ્તીઓને તબાહ કરી નાખી.

આ બનાવથી તે લોકોએ શિખામણ લેવી જોઈએ જે લોકો માપતોલમાં કમી કરે છે, તેમના માટે બર્બાદી જ બર્બાદી છે. દુનિયામાં પણ આવા લોકો નુકસાનમાં છે અને આખેરતમાં તેમના માટે દર્દનાક અઝાબ છે.

હુઝૂર ﷺ જ્યારે હિજરત કરીને મદીના તશરીફ લઈ ગયા તો આપ ﷺએ માપતોલમાં કમી કરવાવાળાઓને દર્દનાક અઝાબની વઈદો (ચેતવણીઓ) સંભળાવી અને માપતોલ બરાબર રાખવા પર સખત આગ્રહ કર્યો. તેનું કારણ એ હતું કે મદીનાના બજાર પર હિજરત પહેલાં યહૂદીઓનો કબ્જો હતો. મદીનાની દરેક માર્કેટો પર તેઓ છવાએલા હતા. હેરાફેરી, માપતોલમાં કમી, મિલાવટ, સંગ્રહખોરી અને પૈસા માટે વેશ્યાવૃત્તિમાં તેમનો જવાબ ન હતો. તેઓ લેતી વખતે પૂરેપૂરું લેતા અને આપતી વખતે ડંડી મારતા હતા. આ રીતે તેઓએ અહીંના બજારને બદનામ કરી રાખ્યું હતું. જ્યારે મુસલમાનોએ મદીના શરીફમાં પોતાનો કારોબાર અને ધંધો શરૂ કર્યો તો એ વાતનો ખાસ ખયાલ રાખ્યો કે માપતોલમાં કમી અને ચોરબજારી ન થવા પામે, પરિણામ એ આવ્યું કે ખૂબ જ ટૂંક સમયમાં વેપારની દુનિયામાં આ વાત વિખ્યાતિ પામી કે માપતોલમાં તોલ તો મદીનાની જ !

ફર્માને નબવી ﷺ છે કે જ્યાં માપતોલમાં કમી હશે ત્યાં અલ્લાહ તઆલા દુકાળ નાઝિલ ફર્માવશે. મોંઘવારી એટલી વધી જશે કે વસ્તુ આંખો સામે હશે અને આદમી તેને ખરીદી નહીં શકે, તો આ પણ દુકાળનો એક પ્રકાર છે અને સૌથી ખરાબ પ્રકાર છે.

...........*(ક્રમશઃ)*


**★ કવરમાં રૂા. ૨૫ની ટપાલ ટિકિટ મોકલી મંગાવો ★**

કિતાબનું નામ : **૧૯૯ દુઆઓ યાને રહમતોનો ખજાનો** (પોકેટ સાઈઝ, કિંમત : રૂા. ૨૫/–)

સંપાદક : ડો. નજમુલહસન સાહબ–મુંબઈ, અનુવાદક : હાજી ઈબ્રાહીમ માસ્તર વેમી ઝંઘારવી

પ્રકાશક : **સુન્ની દા'વતે ઈસ્લામી (દયાદરા શાખા)**, મુ.પો. દયાદરા–૩૯૨૦૨૦, તા. જિ. ભરૂચ,

**નોંધ** : જેમાં દુઆના આદાબ, દુઆનું મહત્વ, અંબિયાએ કિરામની દુઆઓ, અસ્હાબે કહફની દુઆ, રસૂલુલ્લાહ ﷺની દુઆ, અર્શના ફરિશ્તાઓની દુઆ, સલફે સાલિહીનની દુઆ, ઉપરાંત સૂતી વખતે, સૂઈને ઉઠીને, ખાવા પીવાની, લિબાસ પહેરાવા ઉતારતી વેળાની, સૂરમો નાખતી વેળાની, નિકાહ પછી, દુલ્હા દુલ્હન માટે, ઔલાદ મેળવવા માટેની, અકીકાની, વસવસો દૂર કરવાની, છીંક આવે ત્યારની, બજારમાં જતી વેળા, મસ્જિદમાં પ્રવેશ નિકાશવેળા, મંદિર, ગિરજા જોઈને, વુઝૂ વેળા, જાજરૂ જતાં આવતાં, દરેક નમાઝ પછી, રમઝાન રોઝાઓ દરમિયાન, શબે કદ્રમાં, ગુનોહ થઈ જાય તો સાચા દિલથી તૌબા વેળા, સકરાંત વેળા, જનાઝાની દુઆ, કરજ માટે, દિલનો રંજ દૂર કરવા, વરસાદ માટે, સૂર્ય–ચંદ્ર ગ્રહણ વેળા, ખરાબ નજર લાગે ત્યારે, ડરના સમયે, સિત્તેર બલાઓથી બચવા, કુફ્ર તથા ગરીબીથી પનાહ માટે, બીમારની ખબર લેતી વેળા, મુઝી જાનવરથી બચવા, ડાયાબિટશથી શિફા માટે, હાર્ટની બીમારીથી બચવા, દાંતના દર્દ વેળા, ઊંઘ ન આવે તો, જીભ અટકે તો, ઈસ્તેખારાની, છ લાખ દુરૂદ શરીફના સવાબ માટે, દીદારે મુસ્તફા ﷺ માટે, ઈસ્લામી કલમાઓ.....વગેરે અનેક દુઆઓ છે.

## અલ્લાહના મુબારક નામોની ફઝીલત તથા બરકત

# અસ્માઉલ હુસ્ના

લેખક : **મૌલાના ઈફ્તેખાર અહમદ ક઼ાદરી**
*(દારુલ ઉલૂમ ક઼ાદરિયા ગરીબનવાઝ, લેડી સ્મિથ, સા. આફ્રિકા)*
અનુવાદક : **મૌલાના મુહમ્મદતૌસીફ હલદરવી**
*(દારુલ ઉલૂમ ક઼ાદરિયા ગરીબનવાઝ, લેડી સ્મિથ, સા. આફ્રિકા)*

### અર્રહ્‌માનુર્રહીમ اَلرَّحۡمٰنُ الرَّحِیۡمُ

**(ઘણો જ મહેરબાન હમેશાં રહમ કરવાવાળો)**

**અર્થ તથા સમજૂતી :** આ બંનેવ ખૂબસૂરત નામો 'રહમત'થી બનેલ છે. તમામ મખ્લૂક ચાહે નાની હોય કે મોટી તમામ તેની મહેરબાનીની મોહતાજ છે. કામિલ રહમતનો અર્થ એ છે કે તે હાજતમંદોને પોતાની અણમોલ ભલાઈથી નવાઝે છે અને પોતાની ખાસ તવજ્જોહ તથા કરમથી આબાદ ફર્માવે છે. તેની રહમતે આમ્મા મુસ્તહિક઼ તથા ગૈરમુસ્તહિક઼ સૌના માટે આમ છે. દુનિયાનો કોઈ રજકણ પણ તેની મહેરબાનીની બહાર તથા મેહરૂમ નથી.

હા ! રહમાનની સિફત રહીમથી વધારે ખાસ છે. **એટલા માટે જ શબ્દ 'રહમાન' અલ્લાહ સિવાય કોઈના માટે બોલવામાં નથી આવતો.** જ્યારે લફ્ઝે રહીમ બંદાઓ માટે પણ બોલી શકાય છે. પરંતુ હક઼ીક઼ી રહીમ અલ્લાહ જ છે. મખ્લૂક઼ માટે તેનો વપરાશ મજાઝન છે. આ જ કારણથી કુર્આનમાં લફ્ઝે રહમાન અલ્લાહથી બરાબર આવેલ છે. قُلِ ادۡعُوا اللّٰهَ اَوِ ادۡعُوا الرَّحۡمٰنَ ''આપ ફર્માવી આપો કે તમે અલ્લાહને પુકારો અથવા રહમાનને પુકારો.'' *(સૂરએ અસ્રા, આયત : ૧૧૦)*

**રહમાન**માં જે રહમત છે તે ઘણી જ જબરદસ્ત છે. તેની રહમત એટલી વિશાળ છે કે બંદાઓની મહેરબાની તેની રહમતોના દરિયાના મુક઼ાબલામાં એક ટીપું પણ નથી. તેની રહમતોની વિશાળતાનો અંદાઝો ન થઈ શકે કેમ કે જન્નતમાં પણ બસ તેની રહમતનો એક હિસ્સો જ હશે. તેની રહમતના બુનિયાદી (પાયાના) ચમત્કારો આ છે : (૧) સૌથી પહેલા બંદાઓને પેદા ફર્માવી મહેરબાની કરે. (૨) ઈમાનની હિદાયત અર્પણ કરી અસબાબે સઆદત (નેક નસીબના સબબો)ની વ્યવસ્થા કરી. (૩) આખેરતમાં ઈમાનવાળાઓને એટલા નવાઝશે કે આજે તેને આપણે સોચી પણ નથી શકતા. (૪) અલ્લાહ તઆલા જન્નતમાં પોતાના બંદાઓને પોતાનો દીદાર કરાવશે. તેની આ મહેરબાની તમામ પર ભારી છે.

**દર્સ તથા સબક઼ :** અલ્લાહ તઆલાના આ ''રહમાન'' ખૂબસૂરત નામથી બંદાએ એ સબક઼ લેવો જોઈએ કે તે બીજા ગાફેલ બંદાઓને ગફલતની નીંદથી જાગૃત કરી અલ્લાહ તઆલાની બારગાહમાં લાવે. પરંતુ આ કામ ઘણી જ નરમી અને પ્યારથી કરે નાફર્માન બંદાઓ ઉપર કરમની નજર નાખે. ખબરદાર ! તેને તિરસ્કાર તથા તુચ્છાતાવાળી નજરથી ન જુએ.

**રહીમ**ના નામ મુબારકથી બંદા માટે એ સબક઼ છે કે કોઈ જરૂરતમંદ તથા ભૂખ્યાને જુએ તો પોતાની તાક઼ાત પ્રમાણે તેની મોહતાજી દૂર કરવાની કોશિશ કરે અને જે પણ જરૂરતમંદ તેની આસપાસ હોય તેની દરેક રીતે મદદ કરે, તેની મોહતાજી દૂર કરવા માટે પોતાની માલો દૌલત, પ્રતિષ્ઠા તથા ભાગદોડ થકી તેની મદદ કરે. જો એ મોમિન બંદો કોઈ જગાએ એ મોહતાજની સિફારિશ કરી શકે છે તો તેનાથી પરહેઝ ન કરે. જો તે આ તમામ વાતોથી લાચાર

હોય તો તેના માટે દુઆએ ખૈર જ કરી આપે.

**ફાયદાઓ તથા ખાસિયતો :** اَلرَّحْمٰنُના અર્થ પ્રમાણે તેની ખાસિયત એ છે કે તેનો વિર્દ કરવાવાળો દરેક મુસીબતથી મેહફૂઝ રહેશે. જો કોઈ નમાઝ બાદ એકાંતમાં પૂરી તવજ્જોહ સાથે ૧૦૦ વાર આ નામનો વિર્દ કરશે તેના દિલમાંથી ગફલત તથા ભૂલ નીકળી જશે. ''અરબઈને ઈદરીસિયા''માં શૈખ સુહરવર્દી ફર્માવે છે કે يَارَحْمٰنَ كُلِّ شَيْءٍ وَرَاحِمَهُ કાગળ પર મુશ્ક તથા જાફરાનથી લખીને કોઈ સખ્ત મિજાઝ આદમીના મકાનમાં દફન કરી દેવામાં આવે તો તેની સખત મિજાઝી નરમીમાં બદલાય જશે, અને મહેરબાની, નરમી, મહોબ્બત, શર્મ તથા આજીઝી જેવી ખૂબીઓ તેમાં પેદા થશે.

اَلرَّحِيْمની ખાસિયત એ છે કે તેનું વિર્દ કરવાવાળાનું દિલ મખ્લૂક઼ માટે મહેરબાન તથા નરમ થશે. જે દરરોજ ૧૦૦ વાર આ નામનો વિર્દ કરશે તેને ઉપર ઝિક્ર કરેલ મકસદો હાંસલ થશે. આ નામ સાથે રહમાન નામને પણ ઝિક્રમાં સામેલ કરી લેશે તો મુસીબતોનો શિકાર થશે નહીં. ''અરબઈને ઈદરીસિયા''માં છે કે :–

يَارَحِيْمَ كُلِّ صَرِيْخٍ وَمَكْرُوْبٍ وَغَايَتَهُ وَمَعَادَه અગર પીગાળેલ માટી પર લખી તેને કોઈ ઝાડના મૂળમાં નાખી દેવામાં આવે તો તેના ફળોમાં ઘણી બરકત જાહેર થશે અને જો તેને પાણી પર પઢી દમ કરી દેવામાં આવે તો પીવાવાળો પઢવાવાળાની તરફ માઈલ (આકર્ષિત) થશે.

## અલ્‌મલિક/اَلْمَلِكُ
**(સૌનો બાદશાહ)**

**અર્થ તથા સમજૂતી :** એ હક઼ીક઼ી બાદશાહ જે પોતાની ઝાતો સિફાતની સાથે કાએનાતની દરેક ચીજથી બેનિયાઝ છે, દરેક ચીજ પોતાની ઝાત, સિફાત, વજૂદ તથા બાક઼ી રહેવામાં તેની મોહતાજ છે. દરેક ચીજ પોતાની ઝાત તથા સિફતના એતેબારથી તેની માલિકીમાં છે અને તે દરેકથી બેનિયાઝ છે. આ તે શહેનશાહે મુત્લક઼ની શાન છે.

**દર્સ તથા સબક઼ :** કોઈ પણ બંદો મુત્લક઼ બાદશાહ નથી થઈ શકતો. પરંતુ એ હક઼ીક઼ત છે કે તે કેટલીક વસ્તુઓથી બેનિયાઝ છે તો કેટલીકથી નથી. અમુક ચીજો તેની મિલ્કિયત તથા બાદશાહીમાં આવી જાય છે. આવા દુનિયાના બાદશાહોની હુકૂમત નીચે એક લશ્કર તથા પૂરી ક઼ૌમ હોય છે પણ આ બધુ ટેમ્પરરી હોય છે. તે બાદશાહને પણ આ દુનિયાને અલવિદા કહેવું જ પડે છે. આ દુનિયવી બાદશાહ પણ મરણ પથારીએ મજબૂર તથા લાચાર થઈ જાય છે. તેની એ લાચારીમાં ફરિશ્તાઓ તેની રૂહ ક઼બ્ઝ કરે છે. આમ તેનો પોતાના પર પણ કંટ્રોલ બાક઼ી નથી રહેતો. સબક઼ એ મળ્યો કે દુનિયાના બાદશાહો તથા રાજવીઓએ સોચવું જોઈએ કે તેમની પાસે જે કાંઈ પાવર તથા તાક઼ત છે તે બાદશાહે હક઼ીક઼ીની અર્પણ કરેલ અમાનત છે. પછી તેણે પ્રજા સાથે અમાનત જેવો વર્તાવ કરવો જોઈએ. અને સાચા રાજકર્તા સૈયદના અબૂબક્ર સિદ્દીક઼, સૈયદના ફારૂકે આ'ઝમ, સૈયદના ઉષ્માને ગની, સૈયદના અલી તથા ઉમર બિન અબ્દુલ અઝીઝ رضوان الله تعالىٰ عليهم اجمعين ના નક઼્શેક઼દમ પર ચાલવા અમાનતનો હક્ક઼ અદા કરવો જોઈએ.

**ફાયદાઓ તથા ખાસિયતો :** આ ખૂબસૂરત નામ اَلْمَلِكُની ખાસિયત એ છે કે તેના દ્વારા દિલની સફાઈ, માલદારી તથા હુકૂમત હાંસલ કરવી આસાન થાય છે. જે શખ્સ ઝવાલના સમયે પાબંદીની સાથે ૧૦૦ વાર પઢશે તેનું દિલ અરીસાની જેમ સાફ થઈ જશે, તેમાં ગંદકી નામની કોઈ ચીજ બાક઼ી રહેશે નહીં. અને જો કોઈ ફજર બાદ ૧૨૧ વાર પઢશે તો અલ્લાહ તેને પોતાના ફઝ્‌લથી બેનિયાઝ ફર્માવશે અને તેના માટે અસ્બાબ, વસાઈલ તથા કામયાબીઓના એવા દરવાજા ખોલશે જેનો તે ખયાલ પણ કરી શકતો ન હતો.



# હિજરતના પયગામો

**હિજરતે નબવીનો એક અગત્યનો સબક઼**
*"હજાર દુશ્મનીઓ હોવા છતાં પરેશાન ન થવું અને ગંભીરતાથી પોતાના કામમાં લાગેલા રહેવું."*

રજૂકર્તા : **હાફેઝ ઉષ્માન સાહબ કોલવનવી** *(ઉસ્તાદ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)*

હુઝૂર નબીએ કરીમ ﷺએ મક્કા મુકર્રમામાં ૧૩ વર્ષ સતત રાત દિવસ મહેનત કરી. આપ ﷺ દરેક વ્યક્તિ સુધી પોતાની વાત પહોંચાડવા તત્પર રહ્યા. અમુક લોકો એવા હતા જેમણે કલ્મએ હક્ક઼ સાંભળીને લબ્બૈક કહ્યું, જ્યારે કે વધારે પડતા લોકોએ વિરોધ કર્યો અને દુશ્મની પર સતત અડગ રહ્યા. ગણત્રીના જે લોકો મુસલમાન થઈ ગયા એમાં પણ વધારે પડતી સંખ્યા એવા લોકોની હતી જેઓ સામાજિક હૈસિયતથી નિર્ધન હતા. એમની ગરીબીનો હાલ એ હતો કે એમનાં ઘરોને વેરાન કરી દેવામાં આવ્યાં, એમની જીવન જરૂરિયાતોને તબાહ કરી દેવામાં આવી, ખૌફ અને ભયનો એ આલમ હતો કે દરેક સમયે એવો અંદેશો રહેવા લાગ્યો કે લોકો એમને ખત્મ કરી દેશે. સ્પષ્ટ છે કે આ હાલતમાં પ્રથમ તો દા'વતનું કામ મુશ્કેલ હતું તો એને પ્રેક્ટિકલ રીતે ચાલુ કરવું કેવી રીતે શક્ય હતું. તૌહીદના નૂરની સંપૂર્ણતા હજુ બાક઼ી હતી.

જ્યારે સંપૂર્ણ ૧૩ વર્ષ પસાર થઈ ગયાં અને કુરૈશનો જુલ્મ વધતો જ રહ્યો તો એમનાથી પરેશાન થઈને અમુક સહાબીઓએ હિજરતની પરવાનગી માગી. હુઝૂર ﷺએ અમુક દિવસો સુધી ચૂપ રહ્યા બાદ એક દિવસે ફર્માવ્યું, "અલ્લાહ તઆલાએ મને તમારા લોકોના દારુલ હિજરતથી સૂચિત ફર્માવી દીધો છે એ યષરબ છે, હવે જે માણસ જવા ઈચ્છતો હોય એને ઈજાઝત છે." *(અત્તબક઼ાતુલ કુબરા, પેજ–૨૨૬)*

હુઝૂર ﷺનો હુકમ મળતાં જ મુસલમાનોના કાફલા મદીનાની તરફ રવાના થવા લાગ્યા એટલા માટે કે ત્યાં ઈસ્લામના માનવાવાળાઓ નિરાંતનો શ્વાસ લઈ શકે, દા'વતનું કામ પ્રચલિત થાય અને ઈસ્લામી રાજ્યનો એક નમૂનો સ્થાપવામાં આવે.

મદીનાની હિજરત ઈસ્લામના ઈતિહાસમાં એક નવા પ્રકરણની શરૂઆત છે, ત્યારબાદ ઈસ્લામ ચિંતનનાં પગથિયાં પાર કરીને અમલી તૌર પર પ્રેક્ટિકલના મેદાનમાં દાખલ થયો. મક્કામાં મજબૂત હોસલો રાખવાવાળા લોકો તૈયાર કરવામાં આવ્યા. જેઓ દીને હક્ક઼ માટે જાનની બાજી લગાડવા માટે તૈયાર હતા, મદીના જઈને એ લોકોને એક એવી સોસાયટી અથવા રાજ્યમાં પ્રવૃત્ત કરી દેવામાં આવ્યા જે ભવિષ્યમાં ઈસ્લામનું મર્કઝ બન્યું.

### ★ મદીના જ શા માટે ? ★

મદીનાના રહેવાસીઓ કરતાં મક્કાના રહેવાસી વધારે મજબૂત દિલ અને પોતાના અક઼ીદાઓ પર અડગ હતા. મક્કામાં હુઝૂર ﷺ મઝલૂમ હતા મદીનામાં એક રાજ્યના વડાની હૈસિયતથી દાખલ થયા. મક્કામાં હુઝૂર ﷺની સાફ અને સ્વચ્છ શખ્સિયત જગ જાહેર હતી પણ તેમ છતાંય આપનો પૈગામ આમ લોકોએ ક઼બૂલ ન કર્યો, જ્યારે કે મદીનાના રહેવાસીઓ જોયા વિના જ આપના પૈગામને પુષ્કળ સંખ્યામાં ક઼બૂલ કરી ચૂકયા હતા. પહેલી બયઅતે ઉક઼બા અને બીજી બયઅતમાં એમની મોટી સંખ્યા ઈસ્લામથી પાવન થઈ, એમણે ન માત્ર આપ ﷺને મદીના આવવાની દા'વત આપી બલ્કે પોતાની જાન અને માલની જેમ આપની હિફાઝતનું યક઼ીન અપાવ્યું. હઝરત મુસ્અબ رضی اللہ عنہની કોશિશોથી

દિવસે દિવસે ઈસ્લામ ફેલાતો રહ્યો.

**ભૌગોલિક સ્થિતિનું મહત્વ :** મદીના મુનવ્વરા મક્કા મુકર્રમાથી ઉત્તર તરફ લગભગ ચારસો પંચાવન કિલોમિટરના અંતરે આવેલું છે. પશ્ચિમની તરફ એકસો ત્રીસ કિલોમિટરના અંતરે સમુદ્ર છે. મદીના એ મક્કા અને શામની દરમિયાન રસ્તાના લગભગ મધ્યમાં જ આવેલું છે. મક્કાના વધારે પડતા વેપારી કાફલાઓ આ જ રસ્તાથી પસાર થતા હતા. આ શહેર હિજાઝ અને તિહામાની સરહદ પર આવેલું છે. એની પૂર્વ દિશામાં હિજાઝનો પહાડી સિલસિલો અને પશ્ચિમમાં તિહામાની મૈદાની પટ્ટી છે, મદીના એ હિજાઝ અને તિહામાનું ફાયદામંદ શહેર સમજવામાં આવે છે.

મક્કાની પથરીલી વાદીઓ (પહાડો વચ્ચેના મેદાનો)માં રોજગારનાં સ્થળો નહિવત હતાં, જ્યારે કે મદીનામાં રોજીનાં કુદરતી માધ્યમોની એ અધિક્તા જિંદગીને આસાન બનાવી દીધી હતી, એટલા માટે બીજી જગ્યાઓ કરતાં ત્યાંનું વાતાવરણ મુહાજિરીનને રોજીની ચિંતાથી મુક્ત થવા માટે ઘણુ અનુકૂળ હતું. મક્કાથી ઉલ્ટુ મદીના એક ખેતીવાડી અને હરિયાળીનો હિસ્સો છે, અહિંયા ખજૂર, દ્રાક્ષ, દાડમ, અને બીજા ફળો વધારે જોવા મળે છે. અમુક ભાગોમાં બગીચાઓનો વિશાળ સિલસિલો છે એની જમીનોમાં ખેતી કરવામાં આવે છે. *(જઝીરતુલ અરબ, પેજ–૨૩૯, ૨૪૦)*

હિજરતનું મહત્વ એ વાતથી પણ લગાડી શકાય છે કે ઈસ્લામી કેલેન્ડરને એનાથી જોડવામાં આવ્યું, કેમ કે ત્યારબાદ જે પરિણામો ઉદ્ભવ્યાં તે દા'વતના લેહાઝથી ઘણા જ ઉમ્મીદથી ઊંચાં હતાં. જેમ કે : (૧) મક્કામાં દા'વતી શક્યતાઓ ઘણી સીમિત હતી જ્યારે મદીનાની હિજરત પછી દા'વત માટે આઝાદના માહોલ ઉપલબ્ધ થયો. (૨) અત્યાર સુધી મુસલમાન મઝલૂમ અને લાચાર હતા, હિજરતે મુસલમાનોને કમજોરીમાંથી પાવરના રસ્તા પર લાવી દીધા અને શારીરિક ઈજાઓ વેઠતા રહેવાના દૌરનો ખાત્મો કરી દીધો. (૩) મદીનાને ઈસ્લામી રાજ્યનું મહત્વ હાંસલ થઈ ગયું જેના વડા સૈયદુના મુહમ્મદુર્રસૂલલ્લાહ ﷺ હતા અને રસૂલના સહાબા એ ઉદ્ભવ પામી રહેલા રાજ્યના સ્તંભ હતા. એહલે અરબ પર એ સ્પષ્ટ થઈ ગયું કે મુસલમાનોને ઉખાડી ફેંકવાનું કોઈ આસાન કામ નથી. ઈતિહાસના આધારથી જાણી શકાય છે કે એ ઈસ્લામની પ્રગતિ તથા વિકાસનો અને કુફ્રની પડતીનો પ્રારંભ હતો. (૪) મક્કામાં ઈસ્લામના દસ્તૂરને જારી કરવું અશક્ય હતું, દારુલ ઈસ્લામ મદીનામાં ઈસ્લામની માન્યતાઓ, ખયાલો અને એહકામ પ્રેક્ટિકલી તૌર પર દુનિયા સામે આવ્યા જેના પરિણામે એવા સમાજની રચના થઈ જે દુનિયાની લીડરશીપ અને ઈમામત માટે ઘણી ઉચ્ચ હતી. (૫) મક્કામાં દા'વતથી સંબોધિત કાફિરો તથા મુશ્રિકો હતા, અહીંયા આવીને વિવિધ સમાજોથી નજીક થયા અને એમની વચ્ચે દા'વતનું કામ અંજામ આપવાના મૌક઼ા પ્રાપ્ત થયા.

## ★ ક્રાંતિકારી પગલાં ★

**મદીના મુનવ્વરાના મર્કઝનું મહત્વ :** મદીના મુનવ્વરા આવ્યા પછી નબીએ કરીમ ﷺના અગત્યના મનસૂબાઓમાંથી એક મસ્જિદે નબવીનું બાંધકામ પણ છે. આ માત્ર મસ્જિદ નથી પણ ઈસ્લામી રાજ્યની દા'વત આપવાવાળી તબલીગી, મઝહબી, મિલ્લી અને રાજનૈતિક તથા આર્થિક એક્ટિવિટિઓનું સેન્ટર હતી. એ જ ઈબાદતગાહ હતી, એ જ પાર્લામેન્ટ અને એ જ મુસલમાનોને ભેગા થવાની જગ્યા હતી. ત્યાં ફૈસલા થતા, મુબલ્લિગીનની તર્બિયત થતી અને કાફલાઓને આવકાર આપવામાં આવતો હતો. દા'વતની પત્રિકાઓ ત્યાં જ લખવામાં આવતી હતી અને ફૌજી કાર્યવિધિઓ પણ ત્યાં અંજામ પામતી હતી. એમાં જેહાદની તૈયારીઓ થતી અને રાહે ખુદામાં ખર્ચ કરવાના જઝબાતોને જગાડવામાં પણ આવતા. મુસલમાનોના એકબીજા સાથેના ફૈસલા કરવામાં આવતા. સારાંશ કે મસ્જિદે નબવી મુસ્લિમ રાજ્યનું અગત્યનું સ્થળ હતું.

**મુસલમાનોમાં ભાઈચારગી :** મદીના મુનવ્વરાની હિજરત પછી હુઝૂર ﷺની સામે સૌથી મોટો

મસ્અલો મુહાજિરોને સર્વ રીતે સ્થગિત કરવાનો હતો. કેમ કે ઘર, જમીન, જાયદાદ અને દુનિયાના સર્વ સહારાઓને અલવિદા કહીને એમણે મદીનાને વતન બનાવી લીધું હતું. એ બધાને એ નાની આબાદીમાં સેટ કરી લેવા ઈસ્લામી રાજ્ય માટે મોટો મસ્અલો હતો. પણ એ મૌકા પર પયગમ્બરે ઈસ્લામે જે કમાલે બસીરત અને સુઝબુઝથી એનો હલ શોધી કાઢયો, તેને જોઈને આજે પણ લોકો આશ્ચર્ય ચકિત થઈ ગયા છે. હુઝૂર ﷺએ મુહાજિરીન અને અન્સારની વચ્ચે ભાઈચારગી કાયમ કરી. બધા જ મુહાજિરોને એક એક અન્સારી સાથે એક કડીમાં પરોવી દેવામાં આવ્યા. મદીનાના રહેવાવાળાઓએ જે કુર્બાની અને મહોબ્બત, ખુલૂસ તથા હમદર્દીનો ઈઝહાર કર્યો એ ઈતિહાસનો એક અતિ દિલચસ્પ હિસ્સો છે.

ભાઈચારગીની પહેલ ઘણી જ ફાયદામંદ સાબિત થઈ અને કેટલાયે અંશે એના ફાયદાઓ અને બરકતો જાહેર થઈ. એકબીજાને મદદ કરવા, એકબીજાની સંસ્કૃતિ, રહેણીકરણી અને ખયાલોને નજીકથી સમજવાનો મોકો મળ્યો. ભાઈચારો, હમદર્દી અને કુર્બાનીના જઝબાઓ ઉછેર પામ્યા, અને એક એવા સમાજની સ્થાપ્ના થઈ કે જે સમાનધર્મી હોવાની સાથે સંસ્કાર તથા સંસ્કૃતિનો સંગમ હતો. એમની વચ્ચે એકબીજાની મદદ કરવાનો જઝબો અતિ મજબૂત હતો અને દિલ પર અડગ રહેવા માટે સીસું પીવડાવેલી દીવાલની જેમ પોતાની જગ્યાએ અડગ હતા.

**મદીનાનો કરાર** : મદીના પહોંચ્યા પછી હુઝૂર ﷺનું સૌથી અગત્યનું કારનામુ એ કરાર છે જે મદીનાના બધા માણસો અને કબીલાઓની વચ્ચે આપે રજૂ કર્યો, જેના પર બધા જ સરદારોએ સહી કરી. આ ઈસ્લામી રાજ્યનો પહેલો મશ્વરો હતો. એને બીજા તરીકાથી દુનિયાનો પહેલો તેહરીરી દસ્તૂર (લેખિત બંધારણ) પણ કહી શકાય છે. અમે એની વિગતે ચર્ચા નહીં કરીએ, હા ! તેનાથી જે ફાયદાઓ ઈસ્લામી રાજ્યને પહોંચ્યા એનાથી હુઝૂર ﷺની બસીરત અને દૂરંદેશીનો સારી રીતે અંદાજો થઈ શકે છે. (૧) મદીના રાજ્યમાં અલ્લાહ તઆલાના નાઝિલ કરેલા એહકામને કાનૂની અને પાયાનું મહત્વ હાંસલ થશે. (૨) એહલે મદીનાના એકબીજાના કજીયા તથા કેસોના નિકાલ અને સર્વ કામોનો ફેંસલો કરવાનો અધિકાર અલ્લાહ ﷻ અને મુહમ્મદુર્રસૂલલ્લાહ ﷺને રહેશે. (૩) જો ખુદા ન ખ્વાસ્તા મદીના પર કોઈ બહારની તાકાત હુમલો કરે તો એ પરિસ્થિતિમાં મદીનાના બધા કબીલાઓ જે એ ફેંસલામાં શરીક છે એનો સંયુક્તપણે સામનો કરશે. (૪) યહૂદી, મુસલમાન અને મદીનાના રહેવાસીઓ પોત પોતાના દીન પર કાયમ રહેવા છતાં એક કૌમ જેવા છે, તે ફેંસલામાં શરીક થવાવાળા બધા કબીલાઓ અને ગૃપો એકબીજાના સાથી અને મદદગાર થશે, પણ જે માણસ કાયદાઓનો ભંગ કરશે એ પોતાની બર્બાદીનો જિમ્મેદાર પોતે જ થશે.

હિજરતની અંદર ઘણા બધા એવા સબકો છુપાએલા છે જે દીને હક્કની દા'વત આપવાવાળાઓ માટે ભરપૂર પ્રેક્ટિકલી નમૂના છે.

હક્કની દા'વતનું કામ આપવાવાળાથી ભરપૂર કુર્બાની ચાહે છે. અસલ દા'વત આપનારો તે જ છે જે દરેક સમયે કુર્બાની આપવા માટે તૈયાર હોય, ભલે પછી પોતાનું વતન પણ કેમ ન છોડવું પડે. જ્યારે કોઈ આ પ્રમાણેનો દા'વતી જઝબો લઈને ઉઠશે તો અલ્લાહ ﷻ જરૂર પોતાની ખાસ રહમતો નાઝિલ કરશે, જેમ કે રીતે કે નબીએ કરીમ ﷺએ ઘરબાર અને બધું જ છોડી દીધું. ત્યાર પછી અલ્લાહની રહમત જુઓ કે કાલ સુધી જેમને પોતાની તાકાત પર ઘમંડ હતો અને જેઓ મુસલમાનોને ગણતરીમાં ન લાવતા હતા તેઓ થોડાક જ સમય પછી કેવી રીતે દબાઈ ગયા.

દા'વત આપવાવાળામાં અમાનતદારી કુટી કુટીને ભરેલી હોવી જોઈએ, એટલે સુધી કે તે દુશ્મનોનું પણ ખરાબ ન વિચારે. જે લોકોના કારણે આપ ﷺ પોતે હમેશાં માટે વતન છોડી રહ્યા છે એમની જ અમાનતો આપણા નબી એમના સુધી હઝરત અલી رضی اللہ عنہના થકી સુરક્ષાની સાથે પહોંચાડવાનો

બંદોબસ્ત ફર્માવતા હતા.

કાઈદ અથવા અમીર (લીડર) તો એ નથી જે પોતે હાથ પર હાથ મૂકીને બેસી રહે અને પોતાની નીચેના માણસોથી કામ લેતો રહે, સરદારીને લાયક માત્ર તે માણસ છે જે પબ્લિકની સાથે કુર્બાની માટે પણ તૈયાર હોય, એટલા માટે કે એક બાજુ રસૂલ ﷺના સહાબીઓએ દીનના રસ્તામાં મુશ્કેલીઓ વેઠી, એમની જિંદગી વેરાન કરી દેવામાં આવી, તો એમની સાથે રસૂલલ્લાહ ﷺએ પણ બધી જ તકલીફો સહન કરી, ત્યાં સુધી કે વતન છોડવાથી પણ અચકાયા નથી, બલ્કે બધા જ અંબિયા અને રસૂલો કરતાં પણ વિશેષ મુસીબતો તથા તકલીફોનો આપ ﷺએ સામનો કર્યો હતો.

કોઈ પણ હાલતમાં દા'વતની સ્પીડ ધીમી ન થાય, દા'વત આપવાવાળાની નસ નસમાં દા'વતનો જઝબો પસાર થઈ જાય, મુશ્કેલથી મુશ્કેલ ક્ષણોમાં પણ કલ્મએ હક્કની દા'વત ચાલુ રહે. મદીનાના સફર વખતે કબીલએ અસ્લમના સરદાર બુરીદહ બિન હસીબે ૭૦ સવારીઓથી આપને ઘેરી લીધા હતા, તો પણ આપ દુશ્મનના તઅલ્લુકથી ફિક્ર અને ખૌફ કરવાને બદલે એ વખતે પણ આપે દા'વત આપી છે, પરિણામે બુરીદહ પોતાના સાથીઓ સાથે ઈસ્લામના દામનમાં પનાહ લેવા માટે મજબૂર થઈ ગયા.

હાલાત કેટલા પણ બગડી જાય પણ તવક્કુલનું દામન હાથથી જવા ન પામે, હિજરતનો ખતરાથી ભરપુર રસ્તો છે, દરેક સમયે પીછો કરવાનો ડર છે, અને અલ્લાહના નબી યારેગારથી કહે છે : ''ગમ ન કરો અલ્લાહ આપણી સાથે છે !'' આ તે એહસાસ છે જે દા'વત આપવાવાળા માટે સરમાયએ જિંદગી (જીવન મૂડી) અને રસ્તાના તૌશાનું મહત્વ ધરાવે છે. આ વાક્ય પર વિચારણા કરો, ''હે અબૂબક્ર સિદ્દીક ! એ બે માણસોના બારામાં તમારો શું ખયાલ છે, અલ્લાહ જેમનો ત્રીજો છે !'' વિચારો ! આવા ગંભીર સંજોગોમાં આ શબ્દો કેવી રીતે યકીન તથા ઈમાનનું પ્રતિબીંબ પાડે છે. અસલમાં એ દરજાનું યકીન જ ઈસ્લામની દા'વત આપવાવાળા માટે મશ્અલે રાહ (દીવાદાંડી સમાન) હોય છે. *(મંથલી સુન્ની દાવતે ઈસ્લામી–મુંબઈ, માર્ચ–૨૦૧૪)*


## ''મસ્જિદે ઈમામ અહમદ રઝા''ના માટે અપીલ

**ભરૂચ** : મુકામે નૂર પાર્ક, ખુશ્બુ પાર્ક પાછળ, શેરપુરા ડુંગરી રોડ ખાતે ''મસ્જિદે ઈમામ અહમદ રઝા'' (رحمۃ اللہ علیہ)ની સંગે બુન્યાદ હઝરત મૌલાના સૈયદ અમીનઅલી કાદરી (નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી માલેગાંવ)ના મુબારક હસ્તે તા. ૭–૧–૨૦૧૪ના રોજ અસર બાદ કરવામાં આવી હતી. તમામ સર્વ સુન્ની ભાઈ બહેનોને અપીલ કરવામાં આવે છે કે રોકડ કે મટિરિયલ રેતી, કપચી, સિમેન્ટ, સ્ટીલ પોતાના તથા મર્હૂમોના સવાબ અર્થે આપી અપાવીને જન્નતમાં મહેલ પામો.

સંપર્ક કરો : **પટેલ શબ્બીર અલી રઝવી**, (પ્રમુખ) ઈસ્લામિક વેલ્ફેર મિશન–દયાદરા (મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧, ૦૨૬૪૨–૨૮૦૦૧૧)


## સુન્ની મેરેજ બ્યૂરો કોર્નર

**૧. સુન્ની મિર્ઝા યુવાન** : જ.તા. ૭–૧૦–૧૯૯૧, આલિમ (અરબી અદબ પાસ) જોબ : ઈમામત તથા દારુલ ઉલૂમમાં મુદર્રિસ, આલિમાને પ્રથમ પસંદગી (નંદુબાર–મહારાષ્ટ્ર તરફ) મો : 09860236020

**૨. સૈયદ યુવતી** : ઉંમર : ૩૫ વર્ષ, ઊંચાઈ : ૫ ફૂટ, એજ્યુ. બી.કોમ પાસ, મહેમદાબાદ તરફ મો : 9924223025

**નોંધ** : વધુ માટે સંપર્ક કરો, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

# ઈત્તેહાદ (એકતા) જિંદગી છે ઈખ્તેલાફ મૌત !

રજૂકર્તા : **મૌલાના ઈમરાન રઝા મિસ્બાહી**
*(મુદર્રિસ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)*

એક ખડૂતના ચાર પુત્ર હતા, ચારેવ એકબીજાની સાથે ખૂબ લડતા ઝઘડતા. તેમના ઝઘડાથી તેમના દુશ્મનો ઘણા ખુશ થતા અને બીજા લોકો તકનો લાભ ઉઠાવતા. બીચારો ખેડૂત પેરશાન હતો કે એમને કઈ રીતે સમજાવે. તેણે એક યુક્તિ કરી. ચારેવને બોલાવીને લાકડીઓનો ભારો આપી કહ્યું આ લાકડીઓના ભારાને તોડી બતાવો. એક પછી એક ચારેવ પુત્રોએ લાકડીઓના ભારાને તોડવાની કોશિશ કરી પરંતુ કોઈને સફળતા ન મળી. છેવટે ખેડૂતે ભારો ખોલીને એક એક લાકડી ચારેવ પુત્રોને આપી કહ્યું, હવે કોશિશ કરો ! સહેજ માત્ર તાક઼તથી દરેક પુત્રએ પોત પોતાની લાકડી તોડી નાખી. ખેડૂતે કહ્યું, બેટા ! તમારો હાલ આ જ પ્રમાણે છે. જો એકબીજાથી અલગ રહેશો તો કોઈ પણ સરળતાથી તમને તોડી નાખશે પરંતુ એક થઈને ભેગા રહીને, હરીમળીને પ્યાર મહોબ્બતથી, એકબીજાના હક્કો સમજીને, એકબીજાના સુખદુ:ખના સહભાગી બનીને રહેશો તો પછી કોઈ કેટલુંય જોર લગાડીને, કેટલીયે તાક઼ાત અને બળનો પ્રયોગ કરીને પણ તમને નુકસાન પહોંચાડી શક્શે નહીં. બેટા ! યાદ રાખજો ! "ઈત્તેહાદ જિંદગી છે અને ઈખ્તેલાફ મૌત !" "એકતા જીવન છે અને વિખવાદ મૃત્યુ."

મેં આ કહાની બચપનમાં સાંભળી હતી તમે પણ જરૂર વાંચી અથવા સાભંળી હશે અને એકવાર નહીં ઘણીવાર ! આ કહાનીમાં એકતા અને સંગઠનની ફિલોસોફી છુપાએલી છે, પરંતુ આપણને કેવળ પઢવા અને સાંભળવાની ટેવ પડી ગઈ છે એટલા માટે અમલથી ઘણા દૂર છીએ. આ કહાની કેટલી સાચી છે એ કહેવું મુશ્કેલ છે, અલ્બત્ત તેનાથી મળતો બોધપાઠ જરૂર ભાવપૂર્ણ છે. કોઈ વંશ, કોઈ ક઼ૌમ વાદ વિવાદ તથા ઈખ્તેલાફની સાથે અધિક સદીઓ સુધી જીવંત નથી રહી. આજે દુનિયાએ એ દસ્તૂર બનાવી લીધો છે કે, "પોતાની વાત મનાવવી હોય તો જે વિભાગથી સંબંધ ધરાવતા હોય એમાં સંગઠિત થઈ જાવ." જીવનનો કોઈ પણ વિભાગ હોય, રેલવેના મઝદૂર હોય, કંપનીના કર્મચારીઓ હોય, ઓટો રીક્ષા અને ટેક્સી ચાલક હોય, કારખાનાંઓના કારીગર હોય, ડોકટરોનો સમૂહ હોય, શિક્ષકોની મંડળી હોય અથવા વેપારીઓના ગૃપ હોય, સારાંશ કે દરેક વિભાગથી સંબંધિત લોકોએ પોત પોતાનાં યુનિયન (Union) બનાવી લીધાં છે જેથી જ્યારે કદી પણ તેમના હક્કો કોઈ સત્તાધારી અથવા કોઈ જાલિમ દ્વારા પાયમાલ કરવામાં આવતાં હોય તો તેઓ પોતાના સંગઠનની તાક઼ાતથી અને પોતાની એકતાના બળે જાલિમના જુલ્મને અટકાવી શકે અને પોતાના હક્કો મેળવી શકે. આજે હુકૂમત તરફથી લાદવામાં આવેલ ભારે ટેક્ષને કોઈએ રોકી રાખ્યો છે તો તે વેપારીઓની એકતા અને સંગઠન છે, જેને યુનિયનનું નામ આપવામાં આવ્યું છે. યુનિયનનો અર્થ જ એકતા અને સંગઠન છે.

પરંતું ઘણો જ અફસોસ થાય છે જ્યારે આપણે આપણી આંતરિક સ્થિતિનું નિરીક્ષણ કરીએ છીએ. આજે આપણી ધાર્મિક જમાઅતોમાં, ખાનક઼ાહોમાં, મદ્રસાઓમાં, મસ્જિદોમાં બલ્કે ખૂદ આપણા પારિવારિક, સામાજિક સંબંધોમાં, આપણા ઘરોમાં, મહોલ્લાઓમાં, ગામોમાં, દુ:ખ તો એ છે કે વિશ્વસ્તરે પણ મુસલમાનોમાં, ઈત્તેહાદ, ઈત્તેફાક, એકતા, સંગઠન, ભાઈચારો અથવા યુનિયન નામની કોઈ

ચીજ નથી, એ જ કારણે આપણે દરેક ક્ષેત્રે પરાજય પર પરાજય પામી રહ્યા છીએ અને બર્બાદીનો ઈલ્ઝામ ગૈરાના માથે થોપી રહ્યા છીએ.

જે કૌમના માથે ઉચ્ચતાનો તાજ રાખવામાં આવ્યો, જે કૌમને ખૈરે ઉમ્મત (સર્વોત્તમ ઉમ્મત)ના મહાન ખિતાબથી સરફરાઝ કરવામાં આવી, જે કૌમ ભટકતા ઈન્સાનોની રેહબરી માટે મોકલવામાં આવી, જે કૌમ ખુદાની બંદગીનો હક્ક અદા કરવા માટે પેદા કરવામાં આવી, જે કૌમ માટે અલ્લાહ તઆલાએ પોતાના પસંદીદા રસૂલને પોતાનો પસંદીદા દીન આપી મોકલ્યા, જે કૌમને હિદાયતની અલમબરદાર બનાવવામાં આવી, આજે એ જ કૌમ પોતાના અસ્તિત્વના બચાવ કાજે ગૈરોની ભિક્ષુક બની ગઈ.

મુસલમાનોએ બાર સદીઓ સુધી દુનિયા પર રાજ કર્યું છે અને ઘણી શાનની સાથે કર્યું છે, પરંતુ બે સદીઓથી આ ઉમ્મતની જે દયનિય અવદશા છે તે કોઈનાથી છુપી નથી. શા કારણે ? ઈત્તેહાદ, એકતા અને સંગઠન ન હોવાના કારણે. આ બે સદીઓમાં આપણા ઈખ્તેલાફ અને વિવાદોએ જે ખૂનનાં આંસૂ રડાવ્યાં છે એનું વર્ણન થઈ શકે એમ નથી. એ પણ હકીકત છે કે બાતિલ ફિર્કાઓએ પણ ઉમ્મતને વિભાજિત કરવાની ઘણી કોશિશ કરી, પરંતુ એથી વિશેષ વિખવાદને હવા આપવામાં ઉમ્મતના અલમબરદારોએ પણ કોઈ ઉણપ ન રાખી. (ઈલ્લા માશા અલ્લાહ !) ઈત્તેહાદ અને યુનિયનની જેટલી તાકીદ ઈસ્લામમાં મળે છે અન્ય કોઈ ધર્મમાં નથી. નાની બાબતોમાં પણ અલ્લાહ તઆલાએ એકતા, સંપ અને સંગઠન સાથે રહેવાનો હુકમ આપ્યો. જમાઅત સાથે નમાઝ પઢવા વિશે ઈર્શાદ થયો :–

"અલ્લાહના બંદાઓ (જમાઅતમાં) પોતાની સફો બરાબર રાખો, નહીં તો અલ્લાહ તઆલા તમારામાં ઈખ્તેલાફ ઊભો કરી દેશે." *(સહીહ મુસ્લિમ)*

અનુમાન કરો કે જ્યારે નમાઝની જમાઅત માટે સફને બરાબર અને સીધી ન રાખવામાં ઈખ્તેલાફ અને વિખવાદ ઉત્પન્ન થઈ શકે છે તો અન્ય ઘણી બધી બાબતોમાં તો શું પૂછવાનું ?! સફ બરાબર ન હોવા પર અલ્લાહની રહમત નારાજ થઈ રહી છે તો આ કૌમ અગર પરસ્પર દુશ્મનાવટ અને લડાઈ ઝઘડા તથા ઈખ્તેલાફમાં પડી જાય તો તેને પુરસાનો હાલ કોણ થશે ?!

કુર્આને કરીમમાં એક ઠેકાણે ઈત્તેહાદ, એકતા અને સંગઠનની મહત્વતા તથા જરૂરત વિશે ઘણી જ અગત્યની વાત કહેવામાં આવી છે : (ભાવાર્થ) : "અને અલ્લાહની રસ્સીને મજબૂત પકડી લો બધા મળીને, અને અંદરો અંદર વિખરાઈ ન જશો અને અલ્લાહનું એહસાન પોતાના પર યાદ કરો, જ્યારે તમારામાં વેર હતું તો તેણે તમારા દિલોમાં મેળાપ કરી દીધો જેથી તમે તેના ફઝ્લથી અંદરો અંદર ભાઈ ભાઈ થઈ ગયા. અને તમે એક ખાઈ દોઝખના કિનારા પર હતા તો તેણે તમને તેનાથી બચાવી લીધા, અલ્લાહ તમારા માટે આમ જ પોતાની આયતોમાં બયાન ફર્માવે છે કે ક્યાંક તમે હિદાયત પામો." *(સૂરએ આલે ઈમરાન, આયત : ૧૦૩)*

ઉપરોક્ત આયતે કરીમામાં ઘણી પ્યારી વાત કહેવામાં આવી છે કે સૌ એક થઈ અલ્લાહની રસ્સીને થામી રાખો અને એકબીજાથી અલગ ન થઈ જાવ, અલગ અલગ જમાઅતો અને ગિરોહમાં વિભાજિત ન થઈ જાવ ! કારણ કે ગિરોહબંદી યહૂદીઓ અને ઈસાઈઓનો તરીકો છે, તેઓ એકબીજાથી અલગ થયા અને ત્યાર પછી તેમનામાં કેટલાય ગિરોહ થઈ ગયા જેનું પરિણામ એ થયું કે તેઓમાં વિખવાદ થયો અને તેઓ લડવા ઝઘડવા લાગ્યા અને હક્ક એમનામાંથી ઉઠી ગયું. આ આયતમાં મુસલમાનોને એ જ સમજાવવામાં આવી રહ્યું છે કે મુત્તહિદ (એક થઈને) રહો, સંગઠિત રહો, એકતા, સંપ, પ્રેમભાવ અને ભાઈચારા સાથે હરીમળીને ભેગા રહો. આ ઈત્તેહાદ અને એકતા અલ્લાહની રસ્સી છે, સાથે જ રબ્બે કરીમે એ પણ ફર્માવ્યું કે ઈસ્લામની બરકતથી અલ્લાહ તઆલાએ તમારા વિભાજિત દિલોમાં મહોબ્બત પેદા ફર્માવી તમને એકબીજાના ભાઈ

બનાવી દીધા છે, અને ભાઈઓને એ શોભતુ નથી કે તેઓ આપસમાં એકબીજા માટે હેવાનિયતનો વર્તાવ કરી અને એકબીજાની ઈજ્જત, જાન તથા માલને હાની પહોંચાડે, બલ્કે ભાઈની ફરજ તો એ છે કે તે પોતાના બીજા ભાઈનું ભલુ ઈચ્છે, દરેક રીતે તેનો ખયાલ રાખે અને કોઈપણ રીતે તેને દુઃખ, તકલીફ અને નુકસન ન થવા દે.

અલ્લામા કુર્તબીએ અત્યંત ઉત્તમ અને અગત્યની વાત કહી છે. ફર્માવ્યું, "અલ્લાહ તઆલાએ આપણને હુકમ આપ્યો છે કે આપણે અક઼ીદા તથા અમલમાં કિતાબો સુન્નત (કુર્આન તથા હદીષ)ની રસ્સી મજબૂતીથી પકડી લઈએ. આપણા ઈત્તેહાદ (સંગઠન, એકતા)નું કેવળ આ જ માધ્યમ છે અને માત્ર આ રીતે જ ઈત્તેફાક તથા ઈત્તેહાદની નેઅમત પ્રાપ્ત થઈ શકે છે જેનાથી આપણી દીન દુનિયાની હાલતો સુધરી શકે છે."

અલ્લામા કુર્તબીનું મંતવ્ય ધ્યાનપાત્ર અને પ્રેરણાદાયક છે કે અક઼ીદા અને અમલમાં કુર્આન તથા સુન્નતે રસૂલ ﷺની રસ્સીને મજબૂતીથી થામી લઈએ કે આ જ એકમાત્ર ઈત્તેહાદ અને એકતાનું માધ્યમ છે અને આ ઈત્તેહાદ ઉમ્મતે મુસ્લિમાની દુનિયા વ આખેરતને સંવારવા માટે પૂરતુ છે."

પરંતું અફસોસ ! કુર્આન તથા સુન્નતના પયગામનો પ્રચાર કરતી ખાનક઼ાહો, મદ્રસાઓ અને તેહરીકો જ એવા સખત ઈખ્તેલાફ અને વિખવાદના વમળોમાં આવી ગઈ છે કે જેનાથી ઉમ્મતે મુસ્લિમામાં એક શક, સંદેહ અને વસવસાનુ મોજુ ફરી વળ્યું છે કે જે દીનના અનુયાયી છે તે જ સાચો દીન છે કે પછી આગલી ઉમ્મતોની જેમ હક્ક઼ આ ઉમ્મતમાંથી પણ ઉઠી ગયું છે ? આ એક એવી સોચ છે જે ઉમ્મતને તબાહીના કિનારે સુધી લઈ જઈ રહી છે. સિલસિલાઓ તથા મદ્રસાઓ અને તેહરીક઼ોને આધાર બનાવી એકબીજા પર ગુમરાહિયત અને કુફ્રના જે ખતરનાક આક્ષેપો મૂકવામાં આવી રહ્યા છે તે મુસ્લિમ સમાજની બરબાદી માટે કાફી છે. સીધા, સત્ય અને સચોટ માર્ગનું માર્ગદર્શન આપનાર કુર્આને મુક઼દસ આવી વિવાદાસ્પદ સોચ અને અમલી શૈલીથી રોકી રહ્યું છે અને વારંવાર રોકી રહ્યું છે.

ફર્માવ્યું : "અને તેમની જેવા ન થશો જેઓ અંદરો અંદર વિખરાઈ ગયા અને તેમનામાં ફૂટ પડી, એ પછી કે સ્પષ્ટ નિશાનીઓ તેમને પહોંચી ચૂકી હતી અને તેમના માટે મોટો અઝાબ છે." *(સૂરએ આલે ઈમરાન, આયત : ૧૦૫)*

શું કુર્આન આપણા માટે અલ્લાહની રોશન નિશાની નથી ? જરૂર છે ! પરંતુ આપણે દુનિયાની મહોબ્બતમાં આંધળા થઈ ગયા છીએ જે આપણામાં બુગ્ઝ, હસદ, મેલ અને દુશ્મનાવટ તો પેદા કરી શકે છે પરંતુ ઈત્તેહાદ, ઈખ્લાસ, ખૈર ખ્વાહી અને મહોબ્બત પેદા નથી કરી શકતી. આ આયતમાં મુસલમાનોને આપસમાં ઈત્તેહાદ અને એકતાનો હુકમ આપવામાં આવ્યો અને ઈખ્તેલાફ તથા દરેક એવી બાબતથી મના ફર્માવ્યું જેનાથી ઈખ્તેલાફ થાય.

અલગ અલગ ટુકડીઓમાં વિભાજિત થવા, દીનમાં પોત પોતાના આગવા જુદા જુદા રસ્તા કાઢવા અને લોકોમાં વિખવાદ તથા અજંપો સર્જાય એવા વિચારો તથા ગતિવિધિઓનો જાણે એક રિવાજ ચાલી પડયો છે. દરેક પોતાને બેહતર અને બીજાથી ઉત્તમ પુરવાર કરવા માટે મથામણમાં છે. દરેક વ્યક્તિ, દરેક સંસ્થા, દરેક સંગઠન પોતાના વર્ચસ્વ અને પોતાને સર્વોપરી દેખાડવા માટે બીજાઓની ટીકા ટિપ્પણી, આક્ષેપ પ્રતિઆક્ષેપ અને બીજી વ્યક્તિ, સંસ્થા અને સંગઠનથી લોકોને દૂર કરવા, લોકોમાં નફરત ફેલાવવા માટે એટલી નીચ હદ સુધી પહોંચી જાય છે જેની ભયાનક્તા સૌના સમક્ષ ઉઘાડી છે.

પરંતું ક઼ૌમમાં વિખવાદ ઊભો કરી ક઼ૌમને વિભાજિત કરનાર, ક઼ૌમને લડાવી ઝઘડાવી દુનિયવી એશો આરામ ખાતર પોતાની રોટી શેકનાર આવા તકસાધુઓ એ વાતને ન ભૂલે કે આ ઈસ્લામ અને મુસલમાનો માટે ખતરનાક ગતિવિધિઓ રાખતા લોકોથી, આવી જમાઅતોથી અલ્લાહ તઆલાએ

રહમતે આલમ ﷺને દૂર રાખ્યા અને ફર્માવ્યું, "તેઓ જેમણે પોતાના ધર્મમાં જુદા જુદા માર્ગો કાઢયા અને ઘણા જુથો થઈ ગયાં. હે મહબૂબ ! તમને તેમનાથી કોઈ લેવાદેવા નથી. તેમનો મામલો અલ્લાહના જ હવાલે છે, પછી તે તેમને બતાવી દેશે જે તેઓ કરતા હતા." *(સૂરએ અન્આમ, આયત : ૧૫૯)*

એટલે કે આવા લોકો અને આવી જમાઅતો એ ન સમજે કે પોતાની જમાઅતમાં, પોતાની ટુકડીઓમાં અમુક લોકોને સામેલ કરી લઈને અને થોડીક દૌલત એકત્ર કરી લેવાથી તેઓ સૌથી વધુ તાક઼તવાળા થઈ ગયા અને જે ચાહે તે કરતા ફરે, બલ્કે તેમનો મામલો ક઼હ્હારો જબ્બર અલ્લાહ તઆલાના હવાલે છે અને અલ્લાહ જયારે આવા લોકોની પકડ કરશે ત્યારે તેમની સઘળી તાક઼ત, સર્વ બળ અને ઘમંડ ખત્મ થઈ જશે અને તેઓ ન ઘરના રહેશે ન ઘાટના.

જરા ઠંડા કલેજે કુર્આને કરીમનો અભ્યાસ કરો તો એ વાત સ્પષ્ટ રીતે જાણવા મળશે કે અલ્લાહ વહ્દહૂ લા શરીકે સર્વ નબીઓ અને તેમની ઉમ્મતોને એ જ હુકમ આપ્યો કે તેઓ એ વહ્દત પર અડગ રહે જયાં બીજા કોઈની કલ્પના સુધ્ધાં નથી પહોંચી શકાતી. આજે જો ઉમ્મતે મુસ્લિમા આ પયગામે વહદતને જ સમજી લે તો સર્વ વિવાદો ખત્મ થઈ જાય. કારણ કે જે ક઼ૌમનો મૂળ પયગામ જ વહદાનિયત છે તે ક઼ૌમ કઈ રીતે આપસમાં વિભાજિત (અલગ) થઈ શકે છે ?!

ઐતિહાસિક ખુત્બો જે હાદીએ આલમ, મુઅલ્લિમે કાઈનાત ﷺએ હજ્જતુલ વિદાઅ (અંતિમ હજ્જ)ના સમયે ફર્માવ્યો હતો, શું આપણને એક કરવા, મુત્તહિદ કરવા, સંગઠિત કરવા પૂરતો નથી ?!

ફર્માવ્યું, "અય લોકો !.......હું તમારામાં બે એવી ચીજો છોડીને જઈ રહ્યો છું કે જો તમે એમને મજબૂતીથી પકડી રાખશો તો કદી ગુમરાહ નહીં થાવ. અલ્લાહની કિતાબ (કુર્આન) અને તેના નબી ﷺની સુન્નત. હે લોકો ! મારી વાત ધ્યાનથી સાંભળો અને સમજો, તમને આ વાતોની જાણ હોવી જોઈએ કે દરેક મુસલમાન બીજા મુસલમાનનો ભાઈ છે અને સર્વ મુસલમાનો પરસ્પર એકબીજાના ભાઈ ભાઈ છે." *(સુબુલુલ્ હુદા)* (એક રિવાયતમાં કુર્આન સાથે અહલે બયતનું વર્ણન પણ છે.)

પછી જયારે સૂરતુન્નસ્ર إِذَا جَاءَ نَصْرُ اللَّهِ وَالْفَتْحُ નાઝિલ થઈ અને નબીએ કરીમ ﷺને નિર્દેશ મળ્યો કે આ ફ઼ાની દુનિયાથી કૂચ કરવાનો સમય આવી ગયો છે તો ઉક઼બાના સ્થળે આપ ﷺએ લોકોને ભેગા કરી અત્યંત બલીગ (સમૃધ્ધ) ખુત્બો ઈર્શાદ ફર્માવ્યો અને અલ્લાહ તબારક વ તઆલાની હમ્દો ષના બાદ ફર્માવ્યું :–

"હે લોકો ! ધ્યાનથી સાંભળો ! તમારો પરવરદિગાર એક છે, ધ્યાનથી સાંભળો ! તમારા પિતા એક છે, ધ્યાનથી સાંભળો ! કોઈ અરબીને કોઈ અજમી (અરબ સિવાયના લોકો) પર કોઈ ફ઼ઝીલત નથી, ન કોઈ અજમીને અરબી પર શ્રેષ્ઠતા (પ્રાપ્ત) છે. ન કાળી રંગતવાળાને લાલ રંગતવાળા પર, ન લાલ રંગતવાળાને કાળી રંગતવાળા પર, તક઼વા (પરહેઝગારી), ખુદાના ખૌફ સિવાય અલ્લાહની બારગાહમાં તમારામાંથી તે જ અધિક ઈજ્જતવાળો છે જે તમારામાં સૌથી વધુ મુત્તક઼ી અને પરહેઝગાર છે."

મુસલમાનોમાં એકબીજા સાથે મહોબ્બત પેદા કરવા માટે મુઅલ્લિમે કાઈનાત ﷺની તા'લીમનો અંદાજ તો જુઓ ! કેટલો સરળ અને આસાન અમલ દ્વારા ઉમ્મતને એકબીજા સાથે મહોબ્બતનો દર્સ આપી રહ્યા છે. હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું : "તમે જયાં સુધી મો'મિન બનો, જન્નતમાં નહીં જાવ, અને તમે મો'મિન નહીં બની શકો જયાં સુધી એકબીજા સાથે મહોબ્બત ન કરો, શું તમને એવી વાત ન બતાવું કે જેના પર અમલ કરો તો એકબીજા સાથે મહોબ્બત કરવા લાગો. (એ વાત એ છે કે) તમે આપસમાં

સલામને રિવાજ આપો." *(સહીહ મુસ્લિમ)*

અર્થાત જન્નતમાં ત્યારે જ પ્રવેશ મળશે જ્યારે ઈમાન મુકમ્મલ (સંપૂર્ણ) હશે, અને ઈમાન ત્યારે જ મુકમ્મલ થશે જ્યારે આપણે એકબીજાથી મહોબ્બત કરીએ. અને એકબીજા સાથે મહોબ્બત કરવાનો સાવ સરળ અને અત્યંત ઉત્તમ ઉપાય સલામ કરવાની આદત અપનાવવા અને સલામનો રિવાજ બનાવવામાં છે.

અનુમાન કરો કે આપસી મહોબ્બત અને ભાઈચારાને, ઈત્તેહાદ તથા એકતાને ઈમાન સંપૂર્ણ થવાનું કારણ અને કામિલ ઈમાનની નિશાની ઠરાવવામાં આવી.

હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર رضي الله عنهما બજાર જતા જેથી અધિક લોકોને સલામ થાય. રસૂલુલ્લાહ ﷺનું આ ફર્માન મુસલમાનોમાં ઈત્તેહાદ અને એકતા સ્થાપ્વા માટે પૂરતુ નથી ?! આપ ﷺએ એક એવો આસાન અમલ અતા ફર્માવ્યો જેનાથી સખતથી સખત દિલ દુશ્મન પણ નરમ થઈ જાય અને સલામની બરકતોથી આપસી મનદુઃખ, બુગ્ઝ, દુશ્મનાવટ, કીનો, કપટ તથા મેલ દૂર થાય.

આજે ઘણી બધી સંસ્થાઓ વિશેષ રીતે ઈત્તેહાદ અને એકતા માટે કામ કરી રહી છે, પરંતુ પરિણામ શૂન્ય છે. તેનું કારણ એ છે કે ઈત્તેહાદ તથા એકતા માટે કામ તો થાય છે પરંતુ ક્યાંક તો આ કામમાં રૂકાવટો ઊભી કરવામાં આવે છે, ક્યાંક લોકોને ટુકડીઓમાં વિભાજિત કરવામાં આવે છે, ક્યાંક રગ અને અસ્લનો ભેદભાવ રાખવામાં આવે છે, ક્યાંક કેવળ એક ખાનદાન કે પરિવારના લોકો પર ધ્યાન કેન્દ્રિત કરવામાં છે, વળી ક્યાંક તો ઈલાકા અને વિસ્તારના આધારે, ક્યાંક ભાષાના આધારે, ક્યાંક નસ્લ અને વંશના આધારે એકતાના પ્રયાસો કરવામાં આવે છે. જાહેર છે કે આ રીતે એકતાની જગાએ વિભાજન અને ઈત્તેહાદની જગાએ ઈખ્તેલાફ થાય છે, અને રંગ વંશ, જાતપાત, પ્રાંતવાદ વગેરે એવી ખરાબીઓ છે જે મુસલમાનો તથા મુસ્લિમ સમાજમાં વિભાજન અને વિખવાદનું કારણ બની રહી છે. આવી ચળવળો અથવા સંસ્થાઓથી પ્રાંતિય અથવા વંશિય એકતા તો થઈ શકે છે પરંતુ એક આફાક઼ી (વિશ્વસ્તરે) ઈત્તેહાદ જે ઈસ્લામે અર્પણ કર્યો છે તે ઈત્તેહાદ અને એકતા સ્થાપિત નથી થઈ શકતા, કે અરબી હોય કે અજમી, ગોરા હોય કે કાળા, ભાષાઓ ભિન્ન હોય અથવા વંશ, દુનિયાના કોઈ પણ પ્રાંત કોઈ પણ વિસ્તારમાં વસતા હોય સૌ મુત્તહિદ, એક, સંગઠિત અને મહોબ્બતની સાથે રહે. એકતા ત્યારે જ સ્થાપિત થઈ શકે છે જ્યારે મુસલમાનો આવા સર્વ ભેદભાવ ખત્મ કરી કુર્આન તથા સુન્નતને અક઼ીદા તથા અમલી રીતે મજબૂતીથી થામી લે.

આજે જાતપાત અને પ્રાંતના આધારે મુસ્લિમ સમાજમાં જે વિભાજન અને ભેદભાવ છે તે એવું ગુમડુ છે જેણે આપણને તબાહ કરી મૂક્યા છે. ઈલાક઼ા અને પ્રાંતના આધારે કુટુંબ, ક઼બીલા અથવા એક જાતિથી સંબંધિત લોકોમાં એકતા અને સંગઠન સ્થાપિત કરવું સારી વાત છે પરંતુ આ એકતાની સાથે સાથે બીજા લોકો સાથે નફરત, વેર વિખવાદ તથા સંકૂચિતતા રાખવી એ મહાજુલ્મ છે. પોતાની જાતપાત, ખાનદાનની ઓળખ બાકી રાખવી બુરૂ નથી પરંતુ એના માટે ઈસ્લામની ઓળખ મિટાવવી એ ખરેખર જુલ્મ છે.

એ મુક઼દ્દસ જમાઅત જેમાં સુહૈબ રૂમી પણ છે, સલમાન ફારસી પણ છે, બિલાલે હ઼બ્શી પણ છે, મક્કાના મુહાજિરો પણ છે, અવ્સ અને ખઝ્રજના અન્સાર પણ છે, પરંતુ ઈતિહાસ સાક્ષી છે કે જાત–પાત, રંગ નસ્લ, ભાષા તથા પ્રાંતના આધારે તેમનામાં કદી વાદવિવાદ કે ઈખ્તેલાફ ન થયો, બલ્કે ઈતિહાસના પાનાઓ એ અદ્વિતિય ભાઈચારાના ઉદાહરણોથી જગમગે છે, જે એક માત્ર ઈસ્લામના રિશ્તાના આધારે નબીએ રહમત ﷺએ અન્સાર અને મુહાજિરીન વચ્ચે સ્થાપિત કર્યો હતો. ઈસ્લામના દુશ્મનોએ ઘણીવાર કોશિશ કરી પરંતુ તેમના ઈખ્લાસની બરકતથી તેમના ઈત્તેહાદ અને એકતામાં કમી ન આવી.

ઈત્તેહાદ અને એકતા સ્થાપવામાં સૌથી મોટી


રૂકાવટ તકબ્બુર અને ઘમંડ છે જે અલ્લાહ ﷻ અને તેના રસૂલ ﷺને સખત નાપસંદ છે, તથા અન્ય કોઈ પણ ઘમંડને સહન નથી કરી શકતું. કારણ કે તકબ્બુર અને ઘમંડ ઘમંડી લોકોને બીજાઓથી ઉચ્ચ, ચઢિયાતા, અધિક માન મોભાવાળા તથા બીજાઓને પોતાનાથી તુચ્છ, નિમ્ન કક્ષાના સમજવા પ્રેરે છે જે ''અના'' તથા ''મૈં'' જેવી બીમારીનું વિકરાળ સ્વરૂપમાં જાહેર છે. એટલા જ માટે જો આવા લોકોની વાહવાહી ન કરવામાં આવે તો તે નારાજ થઈ જાય છે, અને કરવામાં આવે તો આવા ઘમંડીઓ ઘમંડના નશામાં ઔર ધુત થઈ જાય છે. આવા લોકો તકબ્બુર અને ઘમંડના કારણે એ હદે પહોંચી જાય છે કે તે કુર્આનની આયતો જેનાથી દિલ નરમ થઈ જાય છે અને પથ્થરથી પથ્થર દિલ પણ પીગળી જાય છે, પરંતુ ઘમંડી પર કુર્આનની આયતો તથા આજિઝી, ઈન્કેસારી અને નરમીની તા'લીમથી ભરપુર હદીષો પણ અસર નથી કરતી ! પરિણામે આવા લોકોનો બીજાઓ પ્રતિ દુવ્યવહાર, દુષ્પ્રચાર અને પોતાના સિવાય બીજાઓને કાંઈ ન સમજવાની ઝેહરીલી સોચ ઈખ્તેલાફ, વિખવાદ અને વિભાજનનું કારણ બને છે.

એક દૌર એ હતો કે સંખ્યાના આધારે મુસલમાનો મુટ્ઠીભર હતા, પરંતુ તેમના ઈત્તેહાદ, એકતા અને સંગઠને દરેક રીતે દુશ્મનોને પરાજિત અને નિષ્ફળ કર્યા. મુસલમાન પોતાના બીજા મુસલમાન ભાઈને દુઃખ અને તકલીફમાં જોઈને આજની જેમ આંખ આડા કાન કરતો ન હતો બલ્કે દરેક રીતે પોતાના મો'મિન ભાઈની મદદ કરતો જેની બરકતથી મુટ્ઠીભર મુસલમાનો ઈત્તેહાદ અને એકતા તથા ઈસ્લામના પયગામે વહાદત અને ઈશ્કે રિસાલતની તાકત સાથે દુનિયા પર છવાઈ ગયા અને બંને જહાનમાં કામયાબીથી પાવન થયા. પરંતુ તેનાથી વિપરિત આજે મુસલમાનોની સંખ્યા પણ બમણી છે અને માલો દૌલત અને અન્ય ચીજોમાં પણ મુસલમાનોની સ્થિતિ મજબૂત છે. છતાં દુનિયાના દરેક ખૂણામાં ધાર્મિક તથા આર્થિક રીતે મુસલમાનોની જે દયનિય અને દુઃખભરી સ્થિતિ છે તેનાથી કોઈ અજ્ઞાન નથી. એ પહેલાં કે આપણુ અસ્તિત્વ નાબૂદ કરી દેવામાં આવે, આપણુ નામો નિશાન મિટાવી દેવામાં આવે, આપણી આવતી પેઢી પોતાની હકીકત અને પહેચાન ગુમાવી બેસે, આપણે પરસ્પર ઈત્તેહાદ, એકતા અને સંગઠનને મજબૂત કરવું પડશે, મુત્તહિદ અને મુત્તફિક થવું પડશે, એક મને સંગઠિત થવુ પડશે, એક ઝબાન, એક દિલ થવું પડશે, દુનિયા સમક્ષ એ પુરવાર કરવું પડશે કે મુસલમાન કોઈ મુર્દા કૌમ નથી, મુસલમાન મિટવા માટે નહીં બલ્કે બંને જહાનમાં અમર થવા માટે આવ્યા છે.

આપણે એ વાત હમેશાં યાદ રાખવી જોઈએ કે દીન નરમીનું નામ છે, સખ્તીનું નામ નથી, દીન બીજા મુસલમાનોને સીનાથી લગાડવાનું નામ છે, લોકોને દૂર કરવાનું નામ નથી, દીન એકબીજા સાથે હરીમળીને દુઃખ સુખમાં સહભાગી બનીને રહેવાનું નામ છે, એકબીજાથી અલગ થઈ, ખુદગર્ઝ, મતલબી બનીને બીજા મુસલમાનના ઝખ્મો પર નમક છાંટવાનું નામ દીન નથી. દીન સૌની સાથે ભેગા રહી સૌને ભેગા કરી ઈસ્લામી ઈત્તેહાદ અને એકતા સ્થાપ્વાનું નામ છે, મુસલમાનોમાં ભાગલા કરી, મુસલમાનોને વિભાજિત કરવાનું, અહલે સુન્નતના સંપ અને શાંતિને, એકતા અને ઈત્તેહાદને ડહોળી દુશ્મનોના રસ્તા મોકળા કરવાનું તથા દુશ્મનો માટે હસી મઝાકની તક પૂરી પાડવાનું નામ નથી.

હઝરત અનસ رضی اللہ عنہથી રિવાયત છે, નબીએ રહમત ﷺએ ફર્માવ્યું, ''આસાની પેદા કરો, મુશ્કેલી ઊભી ન કરો, ખુશખબરી સંભળાવો અને લોકોમાં જુદાઈ ન નાખો.'' *(સુન્ની દા'વતે ઈસ્લામી મંથલી, માર્ચ-૨૦૧૪)* અલ્લાહ તબારક વ તઆલા તેના પ્યારા હબીબ ﷺના સદકામાં અહલે સુન્નત વલ જમાઅતને એકતાની તૌફીક અતા ફર્માવે અને અંગત સ્વાર્થ, પોતાની વાહ વાહ તથા અન્યની ઈર્ષામાં સુન્નીઓમાં ટુકડા પડાવતા તત્વોથી કૌમની હિફાઝત ફર્માવે. (આમીન)

# ૨૧મા ફિક્હી સેમીનારના ફૈંસલા



## વર્તમાનકાળના મહત્વના મસાઈલના ફૈંસલાઓ

રજૂકર્તા : **હઝરત અલ્લામા મુફ્તી મુહમ્મદ નિઝામુદીન રઝવી** *(સદર મુફ્તી અશરફિયા–મુબારકપુર)*

અનુવાદક : **મૌલાના ગુલામયાસીન નૂરાની મિસ્બાહી** *(સદર મુદર્રિસીન : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)*

મજલિસે શરઈ જામિઆ અશરફિયા મુબારકપુરનો એકવીસમો સેમીનાર મહારાષ્ટ્રના પૂના શહેરમાં અલ્લાહની તૌફીકથી સફળતાની સાથ પૂર્ણ થયો. જેટલાયે મસ્અલાઓ બહસ તથા ચર્ચા હેઠળ આવી શકયા દરેકમાં હાજર રહેલ મુફ્તિયાને કિરામે અલ્હમ્દુલિલ્લાહ છાતીને ખોલીને ભરપૂર રીતે બહષ કરીને એક શરઈ હુકમ પર સહમતિ કરી જેમાંનો એક ફૈંસલો અહિંયા રજૂ કરવામાં આવે છે.

આ સેમીનારની વિશિષ્ટતા એ છે કે બહષ તથા ચર્ચાઓનો દૌર શરૂ થતાં જ નાના મોટા બધા જ એક લાઈનમાં આવી જાય છે. દરેકને એકબીજાની રાયના વિરૂદ્ધ બોલવાની સ્વતંત્રતા હોય છે. અને માત્ર દલીલ તથા પૂરાવાઓના આધારે જ કોઈ રાયને (મંતવ્યને) અગ્રિમતા આપવામાં આવે છે.

ખુલફાએ રાશિદીન તથા બીજા ફકીહ સહાબાએ કિરામ رضوان الله تعالیٰ علیہم اجمعین ની સુન્નતની પૈરવી કરતાં સિરાજુલ્ ઉમ્મહ ઈમામે આ'ઝમ અબૂ હનીફા رضی اللہ عنہ એ નવા નવા મસાઈલના હલ (નિરાકરણ) માટે તથા ફિક્હના સંપાદન અર્થે પોતાના માહિર શાગિર્દોની જે અઝીમુશશાન મજલિસે ફિક્હની સ્થાપના કરી હતી તેમ મજલિસે શરઈ પણ અલ્હમ્દુલિલ્લાહ ! તેના જ તરીકા પર ચાલવાની કોશિશ કરે છે. આ મજલિસમાં બહષ તથા ચર્ચાના હેતુથી વારાફરતી એક એક મસ્અલો રજૂ કરવામાં આવે છે. અને અંતમાં જે વાત ઉપર દરેકની સહમતિ થઈ જાય તો તેને ફિક્હી સહીફામાં નોંધી લેવામાં આવે છે. જો ચર્ચા તથા બહષ લાંબી ચાલે અને તો પણ કોઈ એક વાત ઉપર બધાની સહમતિ થાય તો ઈખ્તિલાફની (વિરોધાભાસની) સાથે તેમની રાયો (મંતવ્યો)ની નોંધ કરી લેવામાં આવે છે. સૈયદોના ઈમામે આ'ઝમ رضی اللہ عنہ એ મસાઈલના હલ તથા તેના અહકામને સ્પષ્ટ કરવા માટે માત્ર પોતાની રાય (ઝાતી ફૈંસલાને) પોતાની રીતે અગ્રિમતા ન આપી. આરિફ બિલ્લાહ ઈમામ અબ્દુલ વહ્હાબ શઅ્રાની رضی اللہ عنہ ફતાવા સિરાજિયહના હવાલાથી આ વાતને સ્પષ્ટ કરી છે :–

(તર્જુમો) : ''ઈમામે આ'ઝમ અબૂ હનીફા رضی اللہ عنہ ને જે શાગિર્દો મળ્યા એવા શાગિર્દો બીજા કોઈ ઈમામને ન મળી શકયા. આપે (ઈમામે આ'ઝમે) તેમના મશ્વરાથી પોતાના મઝહબનું સંપાદન કર્યું. ફક્ત પોતાની રાયથી મસાઈલને સંપાદિત નથી કર્યા. ઈમામ પોતાના શાગિર્દો સમક્ષ એક એક મસ્અલો રજૂ કરતા અને તેના વિશે તેમની રાય જાણતા અને પોતાની રાય પણ તેમને જણાવતા અને હક્કને સ્પષ્ટ કરવા માટે તેમની સાથે મુનાઝરો ફર્માવતા (બહસ કરતા)કે દરેકની રાય બે વાતો તથા બે કૌલોની જગ્યાએ એક વાત (કૌલ) ઉપર સંમત થઈ જાય. ત્યારે ઈમામ અબૂ યુસૂફ رحمۃ اللہ علیہ તે (સંમતિ ધરાવતા) મસ્અલાને ફિક્હી સહીફામાં નોંધી લેતા. આ રીતે તમામ બુનિયાદી (મૂળભૂત) મસાઈલને નોંધી લેવામાં આવ્યા. અને પોતે ઈમામે આ'ઝમ અબૂ હનીફા رضی اللہ عنہ એ પોતાની સમજ (શક્તિ) દ્વારા તે બારીકીઓને પ્રાપ્ત કરી જે બીજા સમજદારો ન પ્રાપ્ત કરી શકયા. *(મિઝાનુશશરીઅતિલ્ કુબરા, ૧/૭૨)*

મજલિસે શરઈ મુબારકપુરના સેમીનારો એ જ તરીક઼ા તથા પધ્ધતિથી ચાલી રહ્યા છે. અને અલ્લાહ તઆલા જ્યાં સુધી ચાહશે એ જ રીતે ચાલતા રહેશે. નિમ્નલિખિત ફૈંસલો એવા જ ઉચ્ચ તરીક઼ા પર કરવામાં આવેલા ફૈંસલાઓમાંનો એક ફૈંસલો છે.

**પહેલી બેઠક** : ૧૫ સફર હિ.સ. ૧૪૩૫ ગુરૂવારના રોજ સવારે, ૧૯ ડિસેમ્બર ઈ.સ. ૨૦૧૩

:: **વિષય** ::

## બલ્ડ બેંકમાં લોહી આપવાનો હુકમ

**ફૈંસલાનો ખુલાસો** : બલ્ડ બેંકની સ્થાપના કરવી તથા તેમાં ઈન્સાની લોહી જમા કરાવવું જાઈઝ છે જેથી જરૂરતના સમયે જાનની હિફાઝત થઈ શકે અને હર્ઝ તથા મુશ્કેલી ઉઠાવવી ન પડે.

આ મસ્અલાથી સંબંધિત ચાર સવાલો સ્પષ્ટતાને પાત્ર હતા. જે અલ્હમ્દુલિલ્લાહ ! પહેલી બેઠકમાં જ સર્વસંમતિથી સ્પષ્ટ થઈ ગયા. એ સવાલો આ પ્રમાણે છે :

**(૧)** શું શરીઅતની દષ્ટિએ જે વસ્તુ નાજાઈઝ છે તેના મુબાહ તથા જાઈઝ હોવા માટે હાજત અથવા જરૂરતનું વર્તમાન (ફિલ્હાલ) કાળમાં હોવું જરૂરી છે ?

આ સવાલ સંદર્ભે ચર્ચા તથા બહષનો પ્રારંભ થયો. ઘણા બધા હાજર મુફ્તીઓએ રાય (મંતવ્ય) રજૂ કરી કે એહકામમાં તખફીફ (સહૂલત, સરળતા) માટે નુકસાન તથા મુશ્કેલીનું ફિલ્હાલ (વર્તમાન સમય ગાળામાં) હોવું જરૂરી નથી, બલ્કે આવનાર સમયમાં (ભવિષ્યમાં) તે નુકસાન તથા મુશ્કેલી તથા તેની ચોક્કસ આશંકાનું હોવું અહકામમાં સહૂલત પેદા કરવા માટે અસરકારક રહે છે. જેમ કે ફતાવા હિન્દિયા, બાબ પાંચમાં છે :–

**ومنها المرض، المريض إذا خاف نفسه التلف، أو ذهاب عضو يفطر بالإجماع وإن خاف زيادة العلة فكذلك عندنا وعليه القضاء إذا أفطر كذافی المحيط**

ઉપરોક્ત ઈબારતથી જાણવા મળ્યું કે અત્યારે (વર્તમાન સમયમાં) બીમાર વ્યક્તિની ન તો જાન જઈ રહી છે અને ન તો હજુ તેનો કોઈ અંગ બેકાર થઈ રહ્યો છે, પરંતું આવનાર સમયમાં તેની જાન જવાનો અથવા તેનો અંગ બેકાર થઈ જવાનો ભય ચોક્કસ છે (ચોક્કસ આશંકા છે) તો આવનાર સમયમાં જરૂરતની ચોક્કસ આશંકાના આધારે ઈસ્લામી શરીઅત તેવા બીમારને રોઝો ઈફતાર કરવાની (તોડવાની) ઈજાઝત આપે છે. (ફતાવા હિન્દિયા, પાંચમું પ્રકરણ જેમાં તે કારણોનું વર્ણન છે જેનાથી રોઝો તોડી શકાય છે.)

શરહે વક઼ાયા (૧/૯૮, બાબ તયમ્મુમ, મજલિસે બરકાત)માં છે :–

**التيمُّ لمحدث وجنب وحائض لم يقدروا على الماء لمرض... أو عطش أي إن استعمل خاف العطش- أو أبيح الماء للشرب حتى إذا وجد المسافر فى جُبّ معدّ للشرب جاز له التيمم۔**

એના હેઠળ ઉમ્દતુર્રિઆયા, પેજ–૯૮માં છે :–

**أشارَبه إلى أنه ليس المبيح وجود العطشِ فقط، بل إذا خافَ العطشَ إن توضَّأ بالماءِ يجوزُ له التيمّم سواءً عرضَ له العطش أم لا، سواءً كافه على نفسه أو على رفيقه أعمّ من أن يكون مخا لطاً له، أو آخرَ مِّمن معه فى القافلة، أو على كلبِه أو كلبِ رفيقِه إذا كان مباحَ الا قتناءِ ككلبِ الصيد كذافی الدر المختار۔**

આ ઈબારતમાં સ્પષ્ટ છે કે તયમ્મુમના જાઈઝ હોવા માટે ફિલહાલ (અત્યારે જ) તરસ લાગવી જરૂરી નથી બલ્કે આવનાર સમયમાં તરસ લાગવાની સંભાવના હોય તો પણ અત્યારથી તયમ્મુમની ઈજાઝત રહેશે.

જરૂરતનો વાસ્તવિક અર્થ સંશોધનાત્મક તપાસ બાદ એ સ્પષ્ટ થયું કે જરૂરત (શબ્દ) ઝરર (નુકસાન)થી બન્યો, જેથી જરૂરતનો મતલબ છે નુકસાનનો ભય (આશંકા), એટલા માટે જો

ભવિષ્યમાં નુકસાન થવાનો સાચો ભય હોય તો તે ભય (શંકા) ઉદ્‌ભવતાની સાથે જ જરૂરત ઉપસ્થિત થઈ જશે. તેનો મતલબ એ નથી કે જરૂરતનો લેહાઝ ત્યારે કરવામાં આવે જ્યારે નુકસાન થાય. એટલા માટે હાજત અથવા જરૂરતની અનુભૂતિ પહેલાં કોઈ પણ શરીઅતની દષ્ટિએ નાજાઈઝ વસ્તુને મુબાહ (જાઈઝ) ઠરાવવામાં નહીં આવે. આના પર તમામ હાજર રહેનાર ફુકહાએ કિરામની સહમતિ છે.

**(૨)** બીજો સવાલ એ હતો કે અહકામમાં સહૂલત તથા આસાની માટે જરૂરત અથવા હાજતના હોવાનું ઝન્ને ગાલિબ (ચોક્કસ સંભાવના) પૂરતી (પર્યાપ્ત) છે.

આ સવાલના જવાબમાં તમામ હાજર રહેનાર ફુકહાએ કિરામની એ વાત ઉપર સહમતિ થઈ કે અહકામમાં સહૂલત માટે જરૂરત અથવા હાજતનું ફૌરી તૌર (તત્કાલિન) હોવું જરૂરી છે. અને જેમ કે ઉપર વર્ણન કરવામાં આવ્યું કે નુકસાન તથા હર્ઝ (અડચણ)નું ભવિષ્યમાં (આવનાર સમયમાં) હોવાની ચોક્કસ સંભાવના કોઈ શરઈ નાજાઈઝ વસ્તુને જાઈઝ હોવા માટે જરૂરી છે.

**(૩)** ત્રીજો સવાલ એ હતો કે આજના યુગમાં બલ્ડ બેંકની સ્થાપના કરવા માટે શરઈ હાજત અથવા જરૂરત (ઉપસ્થિત) છે ?

તેના જવાબમાં ઘણી વિચારણા બાદ તમામ ફુકહાએ કિરામની સંમતિથી એ નક્કી થયું કે મોટી હોસ્પિટલોમાં જ્યાં વધુ પડતા લોહીના જરૂરતમંદ દર્દીઓ એડમિટ હોય છે. ઈન્સાની જાન બચાવવા અથવા તેને મુશ્કેલી, પરેશાનીથી બચાવવા માટે બલ્ડ બેંકની લગભગ દરેક સમયે એક આમ (સામાન્ય) જરૂરત હોય છે. જો તેવી હોસ્પિટલોમાં બલ્ડ બેંક ન હોય તો કેટલાયે દર્દીઓ સમય પર લોહી ન મળવાના કારણે દમ તોડી દેશે (મૃત્યુના શિકાર થઈ જશે) અથવા સખત પરેશાન તથા મુશ્કેલીમાં સપડાય જશે.

પહેલાં એવું હતું કે કોઈ વ્યક્તિ પાસેથી લીધેલું લોહી પોતાના તમામ તત્વો સાથે સંપૂર્ણ રીતે બીજી વ્યક્તિના શરીરમાં ચઢાવી દેવામાં આવતું હતું. અને હવે આધુનિક ટેકનિક મુજબ લોહીના તત્વોને અલગ અલગ કરીને તેને અલગ અલગ પેકેટમાં સુરક્ષિત કરી લેવામાં આવે છે, અને જે દર્દીને લોહીના જે તત્વની જરૂરત હોય તેને તે જ તત્વ ચઢાવી દેવામાં આવે છે. આ પધ્ધતિ એટલા માટે અપનાવવામાં આવે છે કે જેથી એક જ લોહી દ્વારા કેટલાયે દર્દીઓનું ભલુ થઈ શકે. અને તે તત્વોના અલગ અલગ થઈ જવાથી ઉપચારની દષ્ટિએ દર્દીને કોઈ નુકસાન નથી થતું. આજના યુગમાં લોહી લેવામાં ખૂબ સાવચેતી રાખવામાં આવે છે. દરેક વ્યક્તિનું લોહી લેવામાં નથી આવતું અને ન તો દરેક પ્રકારનું લોહી લેવામાં આવે છે, બલ્કે માત્ર તંદુરસ્ત વ્યક્તિનું તંદુરસ્ત લોહી લેવામાં આવે છે. એટલા માટે લોહી લેતા પહેલાં અને લીધા પછી એ વાતોનું ખાસ ધ્યાન રાખવામાં આવે છે જે સ્વસ્થ ઉપચારની દષ્ટિએ જરૂરી છે.

એ જ રીતે લોહી લીધા પછી તેને (લોહીને) કેટલાયે તબક્કાઓમાંથી પસાર કરવામાં આવે છે :

**૧.** લોહીમાં એક વિશેષ પ્રકારની દવા (કેમિકલ) નાખવામાં આવે છે જેનાથી લોહી જામતુ નથી તે પ્રવાહી રહે છે.

**૨.** ત્યારબાદ લોહીનું વિભાજન કરવામાં આવે છે અને લોહીના જે તત્વને સુરક્ષિત રાખવા હોય તેને પેક કરી લેવામાં આવે છે.

**૩.** દરેક વ્યક્તિનું લોહી અલગ અલગ ગ્રુપનું હોય છે એટલા માટે લેબોરેટરી કરીને નક્કી કરવામાં આવે છે કે કયા ગ્રુપનું લોહી છે.

**૪.** અને જ્યારે આ લોહીને દર્દીના શરીરમાં ચઢાવવું હોય તો તેને તથા દર્દીના લોહીને ક્રોસ મેચ કરવામાં આવે છે. એટલે કે દર્દીના લોહીને તથા

દેનારના લોહીને મિક્સ કરીને એ જોવામાં આવે છે કે કોઈ રિએક્શન તો નથી થતું. અને જો પરિણામ પોઝેટિવ હોય તો તે લોહીને દર્દીના શરીરમાં ચઢાવી દેવામાં આવશે.

આ તમામ શરતોના જ આધારે ઈન્સાની ખૂનનું મળી આવવું કેટલું મુશ્કેલ છે તેનો અંદાઝો નિમ્ન લિખિત વર્ણનથી સારી રીતે કરી શકાય છે.

**(અ)** જ્યારે લોહીની જરૂરત હોય ત્યારે કોઈ જલ્દી લોહી આપવા માટે તૈયાર નથી થતું. કેટલાયે લોકો દર્દીની હમદર્દીમાં તેની સાથે હોય છે. પરંતુ સામાન્ય રીતે કોઈ પણ તેની દુઃખભરી જિંદગીમાં તેને પોતાના લોહીનો સહારો આપવા તૈયાર નથી થતા.

**(બ)** અત્યારે લોહી વેચનારા પણ ઘણા ઓછા મળે છે.

**(જ)** જો કોઈ લોહી આપવા માટે અથવા વેચવા માટે તૈયાર થઈ પણ જાય તો એ જોવામાં આવે છે કે આ ઉમર (વય) લોહી આપવાની છે કે નહીં?

**(દ)** ઉમરની શરત જો પૂરી થઈ જાય તો પછી એ જોવામાં આવે છે કે તેના શરીરમાં લોહી અધિક માત્રામાં છે કે નહીં?

**(ક)** જો લોહી પણ વધારે હોય તો તેની તપાસ કરવામાં આવે છે કે લોહીમાં એઈડસ, કમળો, શુગર, ટાઈફોઈડ, મેલેરિયા, સિફલિસ વગેરેના કિટાણુઓ તો નથી ને.

**(વ)** જ્યારે તે લોહી દરેક પ્રકારની બીમારીઓથી સ્વસ્થ હોય અને નક્કી કરેલ ઔપચારિક કસોટીના મુજબ હોય તો પછી તેના ગ્રુપની કસોટી કરવામાં આવે છે કે બંને લોહીનું ગ્રુપ એક જ છે અથવા અલગ અલગ ?

**(ચ)** જો ગ્રુપ પણ મેચ થઈ જાય તો પછી તે લોહીના અલગ અલગ ભાગ કરવામાં આવે છે (તત્વોને અલગ અલગ કરવામાં આવે છે) અને પછી દર્દીને લોહીના જે તત્વની આવશ્યક્તા હોય તે ભાગને દર્દીના શરીરમાં ચઢાવી દેવામાં આવે છે.

સ્પષ્ટ છે કે દર્દી જ્યારે લોહીની કમીના કારણે દમ તોડી રહ્યો હોય અથવા સખત પરેશાની તથા મુશ્કેલીનો સામનો કરી રહ્યો હોય તે સમયે ઉપરોક્ત વાતોને ધ્યાનમાં રાખીને સ્વસ્થ લોહી ઉપ્લબ્ધતામાં ઘણી વાર લાગી જાય છે જે દર્દી માટે ઘણી મોટી તકલીફની પળ છે. લોહીના જરૂરતમંદ દર્દીઓ એવા સમયે પણ આવી જાય છે જ્યારે તેમનાં લોહીનું ગ્રુપ ન મળતું હોય અથવા સ્વસ્થ લોહી ઉપ્લબ્ધ ન હોય. એવી પરિસ્થિતિમાં જો પહેલાથી લોહીની વ્યવસ્થા ન હોય તો જાન પણ જઈ શકે છે. એટલા માટે બ્લડ બેંકની સ્થાપ્ના કરીને પહેલાથી જ સ્વસ્થ તથા પ્યોર લોહીના પેકેટોનો સંગ્રહ કરવો એક સામાન્ય જરૂરત છે જેથી જ્યારે તેના જરૂરતમંદ દર્દીઓ આવે તો તાત્કાલિક તેમને યોગ્ય સહાય મળી શકે અને પરેશાનીઓની તથા મુશ્કેલીઓથી છૂટકારો અપાવી શકાય.

ઉપરોક્ત વિગતોથી સ્પષ્ટ થઈ ગયું કે આજના યુગમાં બ્લડ બેંકની સ્થાપ્ના કરવી સાર્વજનિક જરૂરત તથા સામાન્ય હાજત છે.

એ જ પ્રમાણે જો પરિસ્થિતિ કત્લેઆમની હોય અથવા બીજી કોઈ અન્ય પરિસ્થિતિ પેદા થઈ જાય, ભલે ને તે લોકોના કારણે હોય અથવા આસ્માની કુદરતી રીતે તેવી પરિસ્થિતિ ઉદ્‌ભવે, જેમ કે સામાન્ય રીતે આગ લાગી જવી, સખત બરફ વર્ષા થવી, કૌમી રમખાણો, સામુદાયિક અઠડામણો વગેરે, તો આવી પરિસ્થિતિઓમાં પણ (બ્લડ બેંકની) જરૂરત રહેતી હોય છે. અને શરીઅતે મુતહ્‌હરાએ અહકામમાં સહૂલત પેદા કરવા માટે જે પ્રમાણે જાતી જરૂરત (વ્યક્તિગત જરૂરત) તથા હાજતને ધ્યાનમાં રાખી છે એ જ રીતે સામાન્ય લોકોની જરૂરતનો પણ લેહાજ રાખ્યો છે. એટલા માટે આજના દૌરમાં બ્લડ બેંકની સ્થાપ્ના એક શરઈ જરૂરતના રૂપે અનિવાર્ય છે.

**(૪)** ચોથો સવાલ એ હતો કે આજના યુગમાં મુસ્લિમોનું બ્લડ બેંક સ્થાપિત કરવું તથા તેમાં પોતાનું લોહી જમા (રક્તદાન) કરવું શરીઅતની દૃષ્ટિએ જાઈઝ છે કે નહીં ?

આ સવાલના જવાબમાં સર્વ હાજરજનોની સંમતિથી એ ફેંસલો થયો કે મુસ્લિમોનું બ્લડ બેંક સ્થાપિત કરવું આજના યુગમાં તથા તેમાં પોતાનું લોહી જમા (રક્તદાન) કરવું જાઈઝ છે.

બલ્ડ બેંકની સ્થાપના બે વાતો પર આધારિત છે. એક તો એ કે મુસ્લિમોનું પોતાના શરીરમાંથી લોહી (બહાર) કાઢવું, બીજુ એ કે તેને એક ખાસ જગ્યાએ સુરક્ષિત રાખવું.

પહેલી વાતનું જાઈઝ હોવું બલ્કે મુસ્તહબ હોવું હદીષોથી તથા ફિક્હથી સાબિત છે. *(અબૂ દાઊદ, તિર્મિઝી, મિશ્કાત, ઉમ્દતુલ ક઼ારી)*

ચર્ચાને પાત્ર (સંશોધનપાત્ર) માત્ર બીજી વાત છે કે લોહી કઢાવ્યા પછી નાપાક હોવાના કારણે તેનો નાશ કરવો જરૂરી છે કે પછી કોઈ જાઈઝ તથા ફાઈદાકારક કામ માટે તેને સુરક્ષિત કરવું પણ જાઈઝ છે ?

એના જવાબમાં એ બતાવવામાં આવ્યું કે ફુક઼હાએ કિરામે સિરકો બનાવવા માટે શરાબ બનાવવું અથવા તેને રાખી મૂકવાને જાઈઝ બતાવ્યું છે તથા સળગાવવા માટે છાણને રાખી મૂકવાને પણ જાઈઝ બતાવ્યું છે.

આ મસ્અલાનો ફેંસલો આ સેમીનારથી પહેલાના સેમીનારમાં થઈ ચૂકયો છે કે જરૂરત અથવા હાજતના સમયે દર્દીના શરીરમાં લોહી ચઢાવવું જાઈઝ છે. અને એ પણ સ્પષ્ટ છે કે લોહી ચઢાવવા પહેલાં લોહીને તપાસના અલગ અલગ તબક્કાઓમાંથી પસાર કરવામાં આવે છે. જો લોહી પહેલાથી જમા ન કરવામાં આવે તો એને જરૂરતના સમયે લોહી કાઢવું તથા તેને તપાસ માટે મોકલવામાં ઘણી વાર લાગવાના કારણે દર્દીનું મૃત્યુ અથવા તેને સખત મુશ્કેલી પડી શકે છે.

એ વાત પણ શરીઅતની દૃષ્ટિએ જાણવા મળી કે માત્ર પોતાની જરૂરતનો લેહાઝ નથી કરવામાં આવતો બલ્કે આપણા બીજા ભાઈઓની જરૂરતને પણ ધ્યાનમાં રાખવામાં આવે છે. અને લોહીની સામાન્ય અનિવાર્યતાને નકારી ન શકાય. એટલા માટે તેના જાઈઝ હોવામાં કોઈ વાંધો નથી, જેથી બલ્ડ બેંકની સ્થાપનાનું જાઈઝ હોવું પણ સાબિત થઈ ગયું.

## લોહી કાઢવાના જાઈઝ હોવા માટે દલીલો

**૧.** અબૂ દાઊદમાં છે : હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી રિવાયત છે આપ ﷺએ ફર્માવ્યું જેણે ખરાબ લોહી કઢાવ્યું સત્તરમા દિવસે, ઓગણીસમા દિવસે, એકવીસમા દિવસે તો તે દરેક બીમારી માટે શિફા છે. *(કિતાબુત્તિબ, પેજ–૫૩૯)*

હઝરત અનસ رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ ગરદન તથા ખભાની નસોમાં લોહી કઢાવતા હતા અને સત્તરમા, ઓગણીસમા, તથા એકવીસમા દિવસે લોહી કઢાવતા હતા. *(તિર્મિઝી, ૨/૨૫, બાબુલ્ હજામત)*

ફતાવા હિન્દિયામાં છે : ખરાબ લોહી કઢાવવું દરેક માટે જાઈઝ છે. *(૫/૩૫૫)*

**૨.** હરામ અથવા નાપાક વસ્તુને જાઈઝ મક઼સદ માટે સુરક્ષિત રાખવા બાબતની દલીલો :

અત્તરીક઼ાની શરહ અલ્ બરીક઼ામાં છે કે શરાબને સિરકો બનાવવા માટે મૂકી રાખવામાં કોઈ વાંધો નથી. *(પેજ–૧૨૭)*

ફતાવા આલમગીરી તથા ફતાવા ખાનિયામાં છે : જો શરાબને મૂકી રાખે સિરકો બનાવવાના હેતુથી તો જાઈઝ છે. કોઈ ગુનોહ નથી. *(આલમગીરી, ૪/૧૨૦, ખાનિયા, ૪/૩૭૮)*

બહારે શરીઅતમાં છે : છાણ (ગોબર) સળગાવીને (બળતણરૂપે) ખાવા પકાવવું જાઈઝ છે. *(બહારે શરીઅત, ૩/૨૦૪)*........*ક્રમશઃ*

## બરકાતે ખ્વાજાની ટપાલ...→→→ કાર્યાલય

### ★ શાદી મુબારક ★

**કરજણ** : (જિ. વડોદરા) મુક઼ામે "ઈસ્લામિક વેલ્ફેર મિશન–દયાદરા"ના વિઝિટર જનાબ હાફેઝ મહેબૂબ સુલેમાન ઝંઘારવી (જલારામ નગર)ના બે નેક ફરઝંદો : મોહસિનના નિકાહ શમીમબાનુ (D/o. મર્હૂમ ઈકબાલ કહાનિયા–સાંપા) તથા મુબીનના નિકાહ નાઝનીનબાનુ (D/o. સઈદ ઈબ્રાહીમ પીરીયા–સાંસરોદ) સાથે તા. ૨૩–૨–૨૦૧૪ રવિવારે ઝહોરબાદ મસ્જિદમાં રાખવામાં આવ્યા. જેની ખુશીમાં એ જ રાત્રે ઈશા બાદ "મહેફિલે નઅત"નો પ્રોગ્રામ થયો જેમાં મધૂર અવાજવાળા નઅતખાં જનાબ ખાલિદ રઝા–મુંબઈ (મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી)એ નઅતોના ગુલદસ્તા પેશ કરી છેવટે અનોખા અંદાઝમાં "સેહરો" પઢયો હતો જેનાથી ખુશ્નુમા માહોલ છવાઈ ગયો હતો. જનાબ હાફેઝ મહેબૂબ સાહબ તેમજ દુલ્હા–દુલ્હનોના કુટુંબીજનોને ખૂબ ખૂબ મુબારકબાદ ! રબ્બે કરીમ તેના હબીબે પાક ﷺના સદક઼ામાં બંને દુલ્હા દુલ્હનો તથા કુટુંબીજનોમાં ખૂબ મહોબ્બત અતા કરે અને તેમની જિંદગીઓને ખુશીઓ તથા બરકતોથી માલમાલ ફર્માવે. (આમીન) *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**ટંકારીઆ** : મુક઼ામે મુબારક મૂસા બશેરીની નેક દુખ્તર (તંત્રી : બરકાતે ખ્વાજા મંથલીની ભાણકી) નૂરજહાંબાનુના નિકાહ અરગામા નિવાસી યૂસુફ હાજી અલી હવેલીવાલાના નેક ફરઝંદ જાબિરહુસૈન સાથે તા. ૨–૩–૨૦૧૪ રવિવાર, ૨૯–રબીઉલ આખર હિ.સ. ૧૪૩૫ના રોજ ટંકારીઆ હોલમાં ઝહોર બાદ રાખવામાં આવ્યા. દુલ્હા–દુલ્હનનાં કુટુંબીજનોને ખૂબ ખૂબ મુબારકબાદ ! રબ્બે કરીમ તેના પ્યારા મહબૂબ ﷺના સદક઼ામાં દુલ્હા દુલ્હન તથા કુટુંબીજનોને બંને જહાનમાં આબાદ રાખે, તેમની જિંદગીઓમાં સદા ખુશીઓની બહાર ખીલેલી રહે. (આમીન) *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**ભાણવડ** : ભાણવાડના રહીશ જુમ્મા મસ્જિદના મુતવલ્લી જનાબ અશરફ મુહમ્મદ મોટાણીના ફરઝંદ ઈમરાનના નિકાહ તા. ૩૦–૩–૨૦૧૪ના રોજ જામનગરના રહેવાસી મર્હૂમ જનાબ હાજી યુસૂફ ઓસમાણ ભાઈની નેક દુખ્તર સુનેરા સાથે જામનગર હાલાઈ મેમણ જમાત હોલમાં રાખેલ છે. તે ખુશીના પ્રસંગે બરકાતે ખ્વાજામાં રૂા. ૧૦૦/– લિલ્લાહ આપવામાં આવ્યા છે.

### ★ ઈન્તેકાલ પુરમલાલ ! ★

**ભરૂચ** : મુક઼ામે ઝાકિર ગફૂર હાજી વો. સમનીવાળાનો યુવાનવયે તા. ૧૭–૨–૨૦૧૪ના રોજ અકસ્માતે દુઃખદ ઈન્તેકાલ થયો છે. મર્હૂમના ઈન્તેકાલના સમાચારથી સમની તથા પટેલ પંથકમાં ગમનું મોજુ ફરી વળ્યું હતું. મર્હૂમની નમાઝે જનાઝે હઝરત મૌલાના સૈયદ અમીનઅલી ક઼ાદરી (નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી–માલેગાંવ)એ પઢાવી હતી. રબ તઆલા તેના હબીબે પાક ﷺના સદક઼ામાં મર્હૂમની મગફેરત ફર્માવે, જન્નતમાં આ'લા મક઼ામ અતા કરે, કુટુંબીજનોને સબ્રે જમીલ અતા કરે. (આમીન) *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**નબીપુર** : મુક઼ામે યૂનુસ વલી દેડકાના વાલિદા મરયમબેનનો ઈન્તેક઼ાલ તા. ૯–૩–૨૦૧૪ને રવિવારના રોજ થયો જેમની દફનવિધિ ઝહોરની નમાઝ બાદ કરવામાં આવી.

**કોલવણા** : મુક઼ામે જનાબ હાફેઝ ઉષ્માન સાહબ (મુદર્રિસ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)ના વાલિદ સાહબ મૂસા વલી મુહમ્મદ વાડીવાલા (મર્હૂમ મૌલાના હસન આદમ કોલવનવીના ભત્રીજા)નો તા. ૧૮–૨–૨૦૧૪ના રોજ ઈન્તેકાલ થયો છે. જેમની દફનવિધિમાં દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદના ઉસ્તાદો, તલબા તેમજ અન્ય હુફ્ફાઝ, ઉલમા તથા અવામે બહોળી સંખ્યામાં હાજરી આપી મગફેરતની દુઆ કરી હતી.

**દયાદરા** : મુક઼ામે જનાબ ઐયૂબ સુલેમાન મૂસા ઉમરના કુમળી વયના ફરઝંદ ઈસ્માઈલનો દુઃખદ ઈન્તેકાલ તા. ૯–૨–૨૦૧૪ રવિવારના રોજ થયો હતો. રબ્બે કરીમ મર્હૂમની મગફેરત ફર્માવે. કુટુંબીજનોને સબ્રે જમીલ અતા કરે. (આમીન)

**દયાદરા** : ખાતે જનાબ અબ્દુલભાઈ રેડીયોવાલાના વાલિદા હુરીબેનનો તા. ૨૬–૨–૨૦૧૪ના રોજ ૯૮ વર્ષની વયે ઈન્તેકાલ થયો છે.

રબ્બે કરીમ તેના પ્યારા મહબૂબ صلى الله عليه وسلم ના સદક઼ામાં સર્વ મર્હૂમોની કરવટ કરવટ મગફેરત ફર્માવે, જન્નતમાં આ'લા મક઼ામ અતા કરે, કુટુંબીજનોને, સ્નહીઓને, ચાહકોને સબ્રે જમીલ અતા કરે. (આમીન) *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

સર્વ મર્હૂમોના માટે **દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ** ખાતે કુર્આનખ્વાની કરાવીને ઈસાલે સવાબ કરી મગફેરતની દુઆ કરવામાં આવી હતી.

**શજરા શરીફ મંગાવો**

સિલસિલએ ક઼ાદરીય્યહ, રઝવિય્યહ્, હામિદિય્યહ, નૂરીય્યહ, અઝહરીય્યહ્નો શજરા શરીફ ગુજરાતીમાં પોકેટ સાઈઝમાં મેળવવા માટે નીચેના ફોન નંબરો પર સંપર્ક કરશો :–

✪ **Mob. 9924786869** (સુલેમાનભાઈ ઘોડી)
✪ **Mob. 9825851202** (મૌસૂફભાઈ–સૂરત)

નોંધ : સૂરતવાસીઓ મકતબે રઝા–બડખાં ચકલા રૂબરૂ સંપર્ક કરે.


# કાયનાત ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ

**આયોજિત જમવા રહેવા સાથે**
**૩ × ૨ લકઝરી બસ દ્વારા**

**પ્રવાસના સ્થળો : ઉદેપૂર (મસ્તાનબાવા), કપાસણ, અજમેર, ફતેપુર સિક્રી, આગ્રા, મકનપુર, કીછૌછા, બહેરાઈચ, લખનઉ, દેવા શરીફ, બરેલી, કલીયર શરીફ, દિલ્હી, જયપુર, મીરાદાંતર ધોળકા...**

**ઉર્શે મુહદ્દિષે આ'ઝમ મિશન કિછૌછ શરીફ નિમિત્તે....**

**પ્રવાસ : ૧**

| આખી ટીકીટ | અડધી ટીકીટ | પ્રવાસ દિવસ |
|---|---|---|
| રૂા. ૬,૫૦૧/– | રૂા. ૪,૦૦૧/– | ૧૩ |

**બસ ઉપડવાની તા. : ૧૦/૦૫/૨૦૧૪, શનિવારે રાત્રે : ૧૦.૦૦ વાગ્યે**

**પ્રવાસ : ૨** **સ્પે. કાશમીર પ્રવાસ**

**ઉદેપૂર (મસ્તાનબાવા), કપાસણ, અજમેર, નાગોર, આગ્રા, ફતેપુરસિક્રી, અમૃતસર, શ્રીનગર, સોનમર્ગ, ગુલમર્ગ, પહેલગાંવ, સરહિંદ શરીફ, દિલ્હી, જયપુર, મીરાદાંતર ધોળકા...**

| આખી ટીકીટ | અડધી ટીકીટ | પ્રવાસ દિવસ |
|---|---|---|
| રૂા. ૯,૫૦૧/– | રૂા. ૫,૦૦૧/– | ૧૭ |

**બસ ઉપડવાનું સ્થળ** : તાલુકા પંચાયત સ્ટાફ ક્વાટર્સ પાસે, બેગા ટેકરી, **ધોળકા**

**બસ ઉપડવાની તા. : ૨૫/૦૫/૨૦૧૪, રવિવારે રાત્રે : ૧૦.૦૦ વાગ્યે**

**નોંધ : ૧.** પ્રવાસ માટે ગાઈડ ફી, યાત્રી વેરો કે અન્ય ભરવાની થતી રકમ રૂા. ૧૫૦/– મુસાફરના શીરે રહેશે. **૨.** રૂા. ૩૦૦૧/– ભરી મનગમતી સીટ બુક કરાવો. **૩.** બેંક, એલ.આઈ.સી. અને જી.આઈ.સી.ના કર્મચારીને એલ.ટી.સી. મળશે, એલ.ટી.સી. મેળવનારે ટીકીટ ઉપરાંત રૂા. ૧૦૦૦/– અલગથી ભરવાના રહેશે. **૪.** પ્રવાસ નં. ૧માં તા. ૨૩–૫–૨૦૧૪ના રોજ સવારની ચા તથા જમવાનું સ્વખર્ચે રહેશે. **૫.** પ્રવાસ નં. ૨માં તા. ૩૧–૫–૨૦૧૪ અને તા. ૫–૬–૨૦૧૪ના રોજ સવારની ચા સ્વખર્ચે રહેશે. તા. ૧૧–૬–૨૦૧૪ના રોજ સવારની ચા તથા જમવાનું સ્વખર્ચે રહેશે.

**આયોજક : શરીફખાન પઠાણ મો. ૯૮૨૪૪૭૮૧૧૬, ૯૭૨૪૬૫૯૮૫૩, ૯૪૦૯૨ ૪૫૧૨૨**

## મદદગાર સમાચાર

★ પ્રાંતિજના રહીશ, હુઝૂર શૈખુલ ઈસ્લામના મુરીદ જનાબ યુસૂફખાન રહીમખાન બલોચની સાહબઝાદી ફરહાનાબાનુની શાદી ૩૧–૧–૨૦૧૪ જુમ્આના રોજ થઈ તેની ખુશીમાં બરકાતે ખ્વાજાને રૂા. ૧૫૧/– ડોનેશન.

★ પ્રાંતિજના રહીશ, પ્રખર સુન્ની, આશિકે ગૌષો ખ્વાજા જનાબ મુહમ્મદ યુસૂફ અબ્દુર્રહમાન પોગલુવાલાના સાહબઝાદા જનાબ પરવેઝ અહમદની શાદી તા. ૦૯–૦૨–૨૦૧૪ રવિવારના રોજ થઈ તેની ખુશીમાં બરકાતે ખ્વાજાને રૂા. ૧૫૧/– ડોનેશન.

★ પ્રાંતિજના રહીશ, આશિકે ગૌષો ખ્વાજા વ મખ્દૂમ, ગુલામે હુઝૂર શૈખુલ ઈસ્લામ, જનાબ મૌલાના મુહમ્મદ સલીમ મુહમ્મદ ઈસ્હાક અશરફીના સાહબઝાદા જનાબ મુહમ્મદ સમીર તથા સાહબઝાદી સાહિસ્તાબાનુની શાદી તા. ૨૩–૦૨–૨૦૧૪ રવિવારના રોજ થઈ તેની ખુશીમાં બરકાતે ખ્વાજાને રૂા. ૨૦૦/– ડોનેશન.

★ પ્રાંતિજના રહીશ, આશિકે ગૌષો ખ્વાજા જનાબ પઠાણ અકબરખાન ઈજજતખાનના સાહબઝાદા જનાબ ઈમરાનખાન તથા સાહબઝાદી ગુલેનૂરની શાદી તા. ૨૩–૨૦–૨૦૧૪ રવિવારના રોજ થઈ તેની ખુશીમાં બરકાતે ખ્વાજાને રૂા. ૧૫૧/– ડોનેશન.

★ પ્રાંતિજના રહીશ, આશિકે ગૌષ ખ્વાજા જનાબ કુરૈશી મહેમૂદમિયાં ભીખીમિયાંની સાહબઝાદી સગીનાબાનુની શાદી તા. ૨૪–૨૦–૨૦૧૪ સોમવારના રોજ થઈ તેની ખુશીમાં બરકાતે ખ્વાજાને રૂા. ૧૫૧/– ડોનેશન.

★ પ્રાંતિજના રહીશ, આશિકે ઔલિયાએ કિરામ જનાબ મન્સૂરી સિરાજભાઈ ફકીરમુહમ્મદની બંને સાહબઝાદીઓ પરવીનબાનુ તથા શાહીનબાનુની શાદી તા. ૧૬–૨૦–૨૦૧૪ રવિવારના રોજ થઈ તેની ખુશીમાં બરકાતે ખ્વાજાને રૂા. ૧૫૧/– ડોનેશન.

★ પ્રાંતિજના રહીશ, આશિકે ઔલિયાએ કિરામ, જનાબ મુહમ્મદ ફારૂક અબ્દુર્રઝઝાક વ્હોરા (હાફજીવાલા)ની સાહબઝાદી જસ્મીનબાનુની શાદી તા. ૧૬–૦૨–૨૦૧૪ રવિવારના રોજ થઈ તેની ખુશીમાં બરકાતે ખ્વાજાને રૂા. ૧૫૧/– ડોનેશન.

★ પ્રાંતિજના રહીશ, આશિકે ઔલિયાએ કિરામ, જનાબ મકબૂલ હુસૈન અબ્દુર્રઝઝાક ભાણાવાલાના સાહબઝાદા મુહમ્મદ રમીઝની શાદી તા. ૧૬–૦૨–૨૦૧૪ રવિવારના રોજ થઈ તેની ખુશીમાં બરકાતે ખ્વાજાને રૂા. ૧૫૧/– ડોનેશન.

★ પ્રાંતિજના રહીશ, પ્રખર સુન્ની મોહદ્દિષે આ'ઝમ મિશન પ્રાંતિજ બ્રાન્ચના શુભેચ્છક, સહાયક, સામાજીક કાર્યકર જનાબ મહેફૂઝખાન મુહમ્મદખાન સુમરાની બંને સાહબઝાદીઓ આરેફાબાનું તથા નાદેરાબાનુની શાદી તા. ૧૦–૦૩–૨૦૧૪ સોમવારના રોજ થઈ તેની ખુશીમાં બરકાતે ખ્વાજાને રૂા. ૧૫૧/– ડોનેશન. *ઉપરોક્ત સર્વ દુલ્હા–દુલ્હનોના જીવનમાં રબ તઆલા બરકત અતા કરે, સંસાર સુખમય બને, નેક ઔલાદ અતા કરે. આમીન –તંત્રી*

★ પ્રાંતિજના રહીશ, આશિકે ઔલિયાએ કિરામ, મર્હૂમ કાલુભાઈ ભીખાભાઈ મિર્ઝાના પૌત્ર અને માજિદહુસૈનના સાહબઝાદા શાહિદહુસૈનનો અકીકો તા. ૨૪–૦૨–૨૦૧૪ સોમવારના રોજ કર્યો તેની ખુશીમાં બરકાતે ખ્વાજાને રૂા. ૧૫૧/– ડોનેશન. અલ્લાહ પાક શાહિદહુસૈનને ઉમ્રમાં ઈલ્મમાં બરકત આપે તથા જિસ્મમાં તંદુરસ્તી આપી મોટા થઈ માબાપ, કૌમ તથા ગામનું નામ રોશન કરે અને દીન દુનિયાની ભલાઈ અતા કરે. આમીન –*તંત્રી*

★ પ્રાંતિજના રહીશ, પ્રખર આશિકે ગૌષો ખ્વાજા જનાબ મન્સૂરી કાસમભાઈ હાજી અબ્દુર્રહમાનભાઈને ઉમરાહ કરવા જવાનું નસીબ થયું તેની ખુશીમાં બરકાતે ખ્વાજાને રૂા. ૧૫૧/– ડોનેશન. અલ્લાહ પાક જનાબ કાસમભાઈની હરમૈન શરીફની ઝિયારત તથા હાજરીને કબૂલ ફર્માવે અને તેમનો સફર આસાન ફર્માવે. આમીન –*તંત્રી*

★ પ્રાંતિજના રહીશ, આશિકે ઔલિયાએ કિરામ, મર્હૂમ મુહમ્મદ આરિફ એ. શેખ (એડવોકેટ)ના ઈસાલે સવાબ માટે તેમના પરિવાર તરફથી બરકાતે ખ્વાજાને રૂા. ૧૧૧/– ડોનેશન. અલ્લાહ પાક મર્હૂમને જન્નતુલ ફિરદૌષમાં આ'લા મકામ અતા ફર્માવે અને તેમના દરજાત બુલંદ કરે. આમીન –*તંત્રી*

★ સિધ્ધપુરના વતની અને હાલ બાયડ મુકામે રહેતા આશિકે ગૌષો ખ્વાજા પ્રોફેસર એમ. એચ. મલેકના ઈસાલે સવાબ માટે તેમના પરિવાર તરફથી બરકાતે ખ્વાજાને રૂા. ૧૧૧/– ડોનેશન. અલ્લાહ પાક મર્હૂમ પ્રોફેસર એમ. એચ. મલેકની બખ્શિશ ફર્માવે, જન્નતુલ ફિરદૌષમાં આ'લા મકામ અતા ફર્માવે. આમીન. –*તંત્રી*

**કવરમાં રૂા. ૨૦/- ની ટપાલ ટિકિટ મોકલી મંગાવો**

**કિતાબ : પ્રો. તાહિરુલ કાદરી હકીકતના આઈનામાં**

પ્રકાશક : **બરકાતે ખ્વાજા (માસિક) C/o.** ફય્ઝાને રઝા મંઝિલ, મુ.પો. **દયાદરા**, તા. જિ. : ભરૂચ, પિન. ૩૯૨૦૨૦ ફોન. : (૦૨૬૪૨)૨૮૦૦૧૧, મો. : ૯૪૨૭૪૬૪૪૧૧

**નોંધ** : પ્રો. તાહિરુલ કાદરી સાહબ (પાકિસ્તાની)ના બયાનોથી, સ્પીચથી અંજાય જઈને ઘણા સુન્ની ભાઈઓ તેમની ગુમરાહીઓથી અજાણ હોવાથી તેમના આંખો મીચી દીવાના બની જતા હોય છે, અને ઈસ્લામી શરીઅત વિરુદ્ધ વાતોને પણ હક્ક સમજવા લાગીને પોતે પણ ગુમરાહીમાં અટવાઈ પડે છે. તેવા ભાઈઓ માટે આ કિતાબ હિદાયતના નૂર સમાન છે. તેને જરૂરથી મંગાવશો, વાંચશો અને વંચાવશો. *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**થામમાં જશ્ને ગૌષિયા**

**થામ** : (તા. જિ. ભરૂચ) ખાતે તા. ૨૫–૨–૨૦૧૪ મંગળવારના રોજ "જશ્ને ગૌષિયા" ખૂબ જ શાનો શૌકત સાથે મનાવાયો જેમાં અસર બાદ દા'વતે આમથી ન્યાઝ જમાડવામાં આવી અને રાત્રે ઈશાની નમાઝ બાદ ખતીબે ઝી શાન આલે રસૂલ ઔલાદે ગૌષે આ'ઝમ હઝરત મૌલાના સૈયદ અમીન અલી કાદરી مدظلہ العالی (નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી–માલેગાંવ)એ ગૌષે પાક સરકારે બગદાદ પીરાને પીર શયખ અબ્દુલ કાદિર જીલાની رضی اللہ عنہની શાનમાં મુદલ્લલ બયાન કર્યું હતું તથા ગૌષ પાક رضی اللہ عنہની જિંદગીનો, ઈબાદતનો ચિતાર રજૂ કરીને સાચા અર્થમાં ગૌષપાક رضی اللہ عنہનો ચાહક કોને કહેવાય તે સમજાવી દીન તથા શરીઅત પર અડગ રહેવા તાકીદ કરતું ખૂબ જ અસરકારક બયાન કર્યું હતું.

## શરહે બુખારી શરીફ (ભાગ–૫) માટે સહાયકર્તાઓ

| | | |
|---|---|---|
| ❑ સિરાજભાઈ બાબુભાઈ લોખંડવાલા–ભાવનગર | Rs. 25,000.00/- | લિલ્લાહ |
| ❑ મુહમ્મદ રફીક અકબરખાં–લાછરસ | Rs. 10,000.00/- | ઉશ્ર |
| ❑ લિયાકતભાઈ મોર–જેતપુર | Rs. 1,300.00/- | ઝકાત |
| ❑ એક મુસ્લિમભાઈ–લાલપુર | Rs. 10,000.00/- | લિલ્લાહ |
| *(મર્હૂમા હજીયાણી ઝુલેખાં મુહમ્મદહુસૈન માંધો તથા મર્હૂમ હાજી મુહમ્મદ હુસૈન અબ્દુલ્લાહ માંધોના ઈસાલે સવાબ અર્થે)* | | |
| ❑ હાજી ઈબ્રાહીમ ઈસા ફડા–દયાદરા | Rs. 10,000.00/- | લિલ્લાહ |
| ❑ હાજી ઈબ્રાહીમ ઈસા ફડા–દયાદરા | Rs. 40,000.00/- | ઝકાત |
| ❑ ઈમરાનભાઈ ગુલામ રબ્બાની (માણસા) | Rs. 1,000.00/- | સદકા |
| ❑ હાજી યૂનુસભાઈ ગોડીલ–મેંગલોર | Rs. 10,000.00/- | લિલ્લાહ |

તેમજ અન્ય નામી અનામી સખીદાતાઓએ જે સહકાર કર્યો છે એનો બેહતરીન બદલો તેમને રબ તઆલા તેના હબીબ صلی اللہ علیہ وسلمના સદકામાં બંને જહાનમાં અતા કરે એવી દુઆ છે. (આમીન) *–તંત્રી*

નોંધ : **તમામ સુન્ની સખીદાતાઓને નમ્ર અપીલ છે કે શરહે બુખારી શરીફના અન્ય ભાગોનું કામ ચાલુ છે જેમાં આપ પણ હિસ્સો લઈને સવાબે દારૈનના હક્કદાર બનશો. તેમજ તમારી શક્તિ પ્રમાણે ૧૦ નંગ, ૨૫ નંગ, ૫૦ નંગ, ૧૦૦ નંગ....શકય તેટલા નંગોની કિંમત લિલ્લાહ રૂપે આપી મર્હૂમોના સવાબ અર્થે વહેંચશો એવી નમ્ર અપીલ છે. અલ્લાહ જલ્લએ ખૈર અતા કરે. (આમીન)**

સરનામુ : **અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા,** ફય્ઝાને રઝા મંઝિલ, મુ.પો. **દયાદરા,**
તા. જિ. : ભરૂચ, પિન. ૩૯૨૦૨૦ ફોન. : (૦૨૬૪૨)૨૮૦૦૧૧, મો. : ૯૪૨૭૪૬૪૪૧૧

**Shabbir Ali Ismail Patel (BOB-Dayadara) A/c. No. : 34620100000107**

# દારૂલ ઉલૂમ બરકાતે ખ્વાજા-આમોદ ખાતે સહાય કરનારા સખી દાતાઓની યાદી

## :: ન્યાઝ કરાવનારાઓની યાદી ::

| | | |
|---|---|---|
| અખ્તર હાફેઝ હસન | દયાદરા | ૧ કલંદરી ન્યાઝ |
| નરગિસ આરિફ પટેલ | યુ.કે. | ૧ ન્યાઝ |
| હમીદ રણજિતસિંહ રાણા | આમોદ | ૧ ન્યાઝ |
| રાબિયાબેન ડો. યૂસુફ | દયાદરા | ૧ ન્યાઝ |
| હસીના ઈકબાલ બંગાલાવા | નબીપુર | ૧ કલંદરી ન્યાઝ |
| સજ્જાદ ફતેહમુહમ્મદ ભઠીયારા | આમોદ | ૧ ન્યાઝ |
| બિલાલ બરકાતી | ઉમલ્લા | ચીકન ટિક્કા ન્યાઝ |
| યૂસુફ શેઠ | દયાદરા | ૧ ન્યાઝ |
| હાજી અ. રસીદ પાસ્તા | ઓખા બંદર | ૧ ન્યાઝ |
| મુહમ્મદભાઈ સેલાર | વલણ | તોશા મુબારક |
| હાજી યાકૂબભાઈ કડવા | ટંકારીઆ | તોશા મુબારક |
| હાફેઝ નાસિર હુસૈન | ટંકારીઆ | તોશા મુબારક |
| નરગીસ આઈ. પટેલ | નબીપુર | ૧ ન્યાઝ |
| દોસ્ત મુહમ્મદ | કાનપુર | તોશા શરીફ |
| મૌલાના ઈસ્માઈલ સાહબ | પગુથણ | ૧ ન્યાઝ |
| સુલેમાનભાઈ બાકરોલીવાલા | દયાદરા | ૧ ન્યાઝ |
| સઈદભાઈ કાલુભાઈ | જંબુસર | ૧ ન્યાઝ |
| ઈલ્યાસભાઈ સુબાભાઈ | આમોદ | ચાલીસાના ફાતિહા |
| અખ્તર હાફેઝ હસન | દયાદરા | ૧ ન્યાઝ |
| શબ્બીરભાઈ માસ્તર | કુરચણ | ૧ ન્યાઝ |
| હાફેઝ ઐયૂબ માટલી | દયાદરા | ૧ ન્યાઝ |
| ઝરીનાબહેન મલેક | વાગરા | તોશા શરીફ |
| નાસિરહુસૈન મુસ્તાક | ટંકારીઆ | ૧ ન્યાઝ |
| ઝુલ્ફિકારભાઈ ઈ. પટેલ | પીપલીયા | તોશા શરીફ |
| હાફેઝ રોશન સાહબ | દયાદરા | ૧ ન્યાઝ |
| ઉસ્માનશાહ લાલશાહ | દયાદરા | ૧ ન્યાઝ |
| સુલ્તાનભાઈ પટેલ | પીપલીયા | તોશા શરીફ |
| અખ્તરરઝા હાફેઝ હસન | દયાદરા | તોશા શરીફ |
| કિરણ સિદીક ફારૂક | આમોદ | ૧ ન્યાઝ |
| મૌલાના તૌસીફ હસન | દયાદરા | તોશા શરીફ |
| અબ્દુલભાઈ ઘંટીવાલા | માંગરોલ | ૧ ન્યાઝ |
| રૂકૈયા સુલેમાન મજે | દયાદરા | ૧ ન્યાઝ |
| કિરણસિંહ આઈ. રાણા | આમોદ | ૧ ન્યાઝ |
| સાદિકભાઈ ઝુબેદાબેન ડભૈયા | આમોદ | ૧ ન્યાઝ |
| દરબાર કલોલી | આમોદ | ૧ ન્યાઝ |
| હાજી યાકુબભાઈ (અમેરિકા) | આમોદ | ૧ ન્યાઝ |
| ઈસ્માઈલ મુહમ્મદ શેરભાઈ | આમોદ | ૧ ન્યાઝ |
| ઈકબાલભાઈ ગરાસીયા | આમોદ | ૧ ન્યાઝ |
| ખત્રી અબ્દુલ રઝઝાક | પાવીજેતપુર | ૧ ન્યાઝ |
| અજીતભાઈ તાલુકદાર | આમોદ | ૧ ન્યાઝ |
| યૂસુફ મુહમ્મદ શેઠ | દયાદરા | ૧ ન્યાઝ |
| સિરાજ ઈબ્રાહીમ પટેલ | આમોદ | ૧ ન્યાઝ |
| નાસિરહુસૈન, હમીદસાબ | આમોદ | ૧ ન્યાઝ |
| દરબારભાઈ ખોજબલવાલા | ખોજબલ | ૨ ન્યાઝ |
| ઈબ્રાહીમ મુહમ્મદ નવીયા | દયાદરા | ૨ ન્યાઝ |
| ઈસ્માઈલભાઈ ધીરજ | દયાદરા | ૧ ન્યાઝ |
| મેહબૂબભાઈ બાવલા | સાંસરોદ | ૧ ન્યાઝ |
| હાફેઝ આદમ ઈસા | કંબોલી | ૧ ન્યાઝ |

## :: બકરા તથા મટન આપનારની યાદી ::

| | | |
|---|---|---|
| ચૌહાણ અનવરભાઈ કેશરભાઈ | વડોદરા | ૧ બકરો |
| હાફેઝ મુબારક કુરચણ | કુરચણ | ૧ બકરો |
| કુરચન ગામ તરફથી | કુરચણ | ૧ બકરો |
| બાબુભાઈ શેઠ | મછાસરા | ૧૦ કિલો મટન |
| મેહનાઝ એમ. પઠાણ | વડોદરા | ૧ બકરો |
| યૂસુફભાઈ શેઠ | દયાદરા | ૧ બકરો |
| નિલોફર રાસીદ તાલુકદાર | ભરૂચ | ૧ બકરો |
| અમરીન નૂરાની તાલુકદાર | ભરૂચ | ૧ બકરો |
| બેબી નૂરાની તાલુકદાર | ભરૂચ | ૧ બકરો |
| વલી મુહમ્મદ શેઠ | મછાસરા | ૧૦ કિલો મટન |
| હાજી અબ્દુલ ઘંટીવાલા | કોલવણા | ૭ કિલો મટન |
| હાફેઝ મકસૂદ સાહબ | | ૧ બકરો |
| રાબિયાબહેન યૂસુફ ડોક્ટર | દયાદરા | ૧૬ કિલો મટન |
| ઉસ્માન મંત્રી | કુરચણ | ૧૬ કિલો મટન |
| સિરાજ વલી પટેલ | અમદાવાદ | ૧ બકરો |
| જાબીરભાઈ ભટ્ટીવાળા | ડાભા | ૧ પાડો |
| અમરીન નૂરાની તાલુકદાર | ભરૂચ | ૧ બકરો |
| શહિદા શબ્બીર પટેલ | આમોદ | ૧ બકરો |
| આયશાબહેન મૂસાભાઈ | વાગરા | ૧ બકરો |
| યૂનુસભાઈ ખત્રી ગુલામ રસૂલ | નેત્રંગ | ૧ બકરો |
| અભેસંગ બાજીભાઈ રાજ | આમોદ | ૧ બકરો |
| સરદારભાઈ રાણા | આમોદ | ૧ બકરો |
| હાફેઝ ઉસ્માન ફટકીયા | સાંસરોદ | ૧ બકરો |
| શાહીદ કુરૈશી | આમોદ | ૩ કિલો મટન |
| ઈમરાન ઈકબાલ પટેલ | આમોદ | ૧ બકરો |
| દરબારભાઈ ખોજબલવાલા | ખોજબલ | ૧ પાડો |
| હાજી ઈલ્યાસભાઈ વો. સમનીવાળાભરૂચ | | ૧ બકરો |

**રબ્બે કરીમ તેના હબીબે પાક ﷺના સદકામાં ગૌષ પાક رضی اللہ عنہના વસીલાથી સૌની નેકીઓ કૂબૂલ કરે અને તેમને તેમની ઔલાદને બંને જહાનમાં આબાદ રાખે, તેમનાં મર્હૂમોની મગફેરત ફર્માવે. (આમીન)**

**લિ. અરાકીને દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા-આમોદ (જિ. ભરૂચ-ગુજરાત)**